

પેજ-08
ગેમ ચેન્જર ફ્લોપ થતાં કિયારાની કારકિર્દી...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
BCCIને ગૌતમ ગંભીર પરથી વિશ્વાસ ઉઠ્યો !



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 26.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 19.00 |
| સુરત | 31.00 | 22.00 |

પેજ 5

અદાણીને હચમચાવી દેનાર હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મ બંધ, કંપનીના સંસ્થાપકે...

17 JANUARY-2025 FRIDAY

અમેરિકાના બે 'બાહુબલી'ઓ ભારત સામે ઝૂક્યા, 24 કલાકમાં ભારત...

પેજ 10

શેરબજાર

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 77042.82 | ▲ | 318.74 |
| નિફ્ટી | 23311.80 | ▲ | 098.60 |
| સોનું | 79161.00 | ▲ | 451.00 |
| ચાંદી | 92951.00 | ▲ | 095.00 |


વર્ષ-14 । અંક-060 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### SpaDeX મિશન સફળ... અવકાશમાં ડોકિંગ કરનાર અમેરિકા, રશિયા, ચીન બાદ ભારત ચોથો દેશ બન્યો

# ISROએ અંતરીક્ષમાં બે ઉપગ્રહોને એકસાથે જોડ્યા

(એજન્સી) શ્રીહરીકોટા | તા.16

ભારત અંતરિક્ષમાં બે અવકાશયાનને સફળતાપૂર્વક ડોકિંગ કરનાર ચોથો દેશ બન્યો છે. આ પહેલાં માત્ર રશિયા, અમેરિકા અને ચીન જ આ કરવામાં સફળ રહ્યા છે. ઈસરોએ કહ્યું કે ડોકિંગ પ્રયોગ 16 જાન્યુઆરીની સવારે પૂર્ણ થયો હતો. આ મિશનની સફળતા પર ચંદ્રયાન-4, ગગનયાન અને ભારતીય સ્પેસ સ્ટેશન જેવા મિશન નિર્ભર હતા. ચંદ્રયાન-4 મિશનમાં ચંદ્રની માટીના નમૂના પૃથ્વી પર લાવવામાં આવશે. તો ગગનયાન મિશનમાં મનુષ્યને અવકાશમાં મોકલવામાં આવશે.



### સફળ ડોકિંગ પછી ઈસરોએ કહ્યું-

"અવકાશયાન ડોકિંગ સફળતાપૂર્વક પૂર્ણ થયું! એક ઐતિહાસિક ક્ષણ. ચાલો ડોકિંગ પ્રક્રિયા જાણીએ: અવકાશયાનો વચ્ચેનું અંતર 15 મીટરથી ઘટાડીને 3 મીટર કરવામાં આવ્યું. ડોકિંગ ચોકસાઈ સાથે શરૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે અવકાશયાનને સફળતાપૂર્વક કેપ્ચર કરવામાં આવ્યું હતું. ડોકિંગ સફળતાપૂર્વક પૂર્ણ થયું. ભારત સફળ સ્પેસ ડોકિંગ હાંસલ કરનાર ચોથો દેશ બન્યો. આખી ટીમને અભિનંદન! ભારતને અભિનંદન! ડોકિંગ પછી, સિંગલ ઓબ્જેક્ટના રૂપમાં બે અવકાશયાનોનો કંટ્રોલ સક્સેસફુલ રહ્યો. આગામી દિવસોમાં અનડોકિંગ અને પાવર ટ્રાન્સફર ચેક કરવામાં આવશે."

### SpaDeX મિશન શું છે?

- SpaDeX મિશનમાં બે ઉપગ્રહોનો સમાવેશ થાય છે. પ્રથમ ચેઝર અને બીજું લક્ષ્ય.
- ચેઝર સેટેલાઇટ ટાર્ગેટને પકડીને ડોક કરવાનો હતો.
- આ ઉપગ્રહોને PSLV-C60 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા.
- ઈસરોએ આ મિશન 30 ડિસેમ્બરે રાત્રે 10 વાગ્યે શ્રીહરિકોટાથી લોન્ચ કર્યું હતું.
- આ અંતર્ગત PSLV-C60 રોકેટ વડે બે અવકાશયાન પૃથ્વીથી 470 કિમી ઉપર તૈનાત કરવામાં આવ્યા હતા.

**ડોકીંગ પ્રક્રિયા :** અવકાશ ડોકીંગમાં, બે ઉપગ્રહો એકબીજાની નજીક આવે છે અને એક સાથે જોડાય છે. તે એક જટિલ તકનીકી પ્રક્રિયા છે, જેનો ઉપયોગ અવકાશ મિશનમાં થાય છે. ડોકીંગનો હેતુ ડેટા શેર કરવા, પાવર સ્ત્રોતોને જોડવા અથવા વિશેષ મિશન હાથ ધરવા માટે બે ઉપગ્રહોને એકબીજા સાથે જોડવાનો છે.

### કેન્દ્રીય કર્મચારીઓને સરકારની ભેટ... ભલામણો 2026થી અમલમાં આવશે

# મોદી કેબિનેટની 8મા પગારપંચની રચનાને મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.16

કેન્દ્ર સરકારે બજેટ 2025 પહેલા જ કેન્દ્રીય કર્મચારીઓને મોટી ખુશખબર આપી છે. કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો જેની લાંબા સમયથી રાહ જોતા હતા, તે આઠમા પગાર પંચની ભલામણો કેબિનેટ બેઠકમાં સ્વીકારી લેવાઈ છે. કેન્દ્ર સરકારે 8મા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકારે 8મા પગાર પંચની રચના કરવાનો નિર્ણય છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ જાહેરાત કરી હતી. આજે કેન્દ્રીય કેબિનેટની બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ પર થઈ અને વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી. ટુંક સમયમાં જ તેના માટે કમિટીની રચના થશે અને 8માં પગાર પંચને બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવાશે. 7મું પગારપંચ (પે-કમિશન) 1 જાન્યુઆરી, 2016થી અમલમાં આવ્યું. આનો લાભ લગભગ 1 કરોડ લોકોને મળ્યો. દર 10 વર્ષે પગારપંચ લાગુ કરવામાં આવે છે. એવી અપેક્ષા છે કે મોદી સરકાર 1 જાન્યુઆરી, 2026થી 8મા પગાર પંચનો અમલ કરશે. આનાથી કેન્દ્રીય કર્મચારીઓના લઘુતમ વેતન અને પેન્શનમાં વધારો થશે.



### શ્રીહરિકોટા ખાતે ત્રીજા લોન્ચ પેડને મંજૂરી

કેન્દ્ર સરકારે શ્રીહરિકોટા ખાતે ત્રીજા લોન્ચ પેડને પણ મંજૂરી આપી દીધી છે. હાલમાં આ સુવિધામાં 2 લોન્ચ પેડ છે. આ બે લોન્ચ પેડ પરથી અત્યારસુધીમાં 60થી વધુ લોન્ચ કરવામાં આવ્યા છે. ત્રીજું લોન્ચ પેડ બનાવીને સેટેલાઈટ અને સ્પેસ ક્રાફ્ટ લોન્ચની સંખ્યા વધારી શકાય છે. આ સાથે ભારત તેના જરૂરી પ્રક્ષેપણ મિશનને પૂર્ણ કરી શકશે અને વૈશ્વિક માગને પણ પહોંચી શકશે. કેબિનેટનો આ નિર્ણય ન્યૂ જનરેશન લૉન્ચ વ્હીકલ પ્રોગ્રામને આગળ વધારવામાં મદદ કરશે. આ લોન્ચ પેડ 3985 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે.

### ક્યારે બનશે અમલી?

કેબિનેટ બેઠક બાદ એક બ્રીફિંગમાં, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી છે. તેનો અમલ આવતા વર્ષથી થવાનો છે, પરંતુ આ માટે ટૂંક સમયમાં એક કમિશનની રચના કરવામાં આવશે. તેના ચેરમેન અને બે સભ્યોના નામ પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

### 7મું પગાર પંચ 2016થી અમલમાં

મહત્વનું છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓને હાલમાં 2016 માં રચાયેલા 7મા પગાર પંચ મુજબ પગાર ચૂકવવામાં આવે છે. હવે 8મું પગાર પંચ 2026 થી લાગુ થશે. આ માટે સૂચનો, ભલામણો વગેરે સમયસર આવવા જોઈએ. તેથી તેની રચના ટૂંક સમયમાં કરવામાં આવશે. તેમાં એક ચેરમેન અને બે સભ્યો હશે જેમના નામ ટૂંક સમયમાં જાહેર કરાશે.

### ક્યાં સુધીમાં બનશે લોન્ચ પેડ?

કેન્દ્રીય મંત્રીના જણાવ્યા મુજબ શ્રીહરિકોટામાં ત્રીજા લોન્ચ પેડનું કામ આગામી 48 મહિનામાં પૂર્ણ થશે. તે આગામી 30 વર્ષને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. ભવિષ્યમાં, ઈસરો માનવ ચંદ્રયાન મિશન લોન્ચ કરવા જઈ રહ્યું છે, આ લોન્ચ પેડનો ઉપયોગ તેમાં પણ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા મુજબ, ત્રીજા લોન્ચ પેડનું કામ આગામી 48 મહિનામાં પૂર્ણ થશે.

### બાઈડનનું વિદાય ભાષણ

# અમેરિકામાં અમીરોનો દબદબો ખતરનાક

### રાષ્ટ્રપતિ પણ સજામાંથી બચી ન શકે તે માટે કાયદામાં ફેરફાર કરવો જરૂરી છે

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને બુધવારે મોડી રાત્રે રાજધાની વોશિંગ્ટન DCમાં ઓવલ ઓફિસથી વિદાય ભાષણ આપ્યું હતું. આ ભાષણમાં તેમણે એક પણ વાર ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લીધું ન હતું. જોકે, તેમનું સમગ્ર ભાષણ ટ્રમ્પની નીતિઓ અને તેમના સહયોગીઓની આસપાસ ફરતું હતું.

બાઈડને તેમના છેલ્લા ભાષણમાં કહ્યું હતું કે દેશમાં અમીરોના નાના એવા વર્ગનું વર્ચસ્વ વધી રહ્યું છે. આ દેશ અને લોકશાહી માટે જોખમી છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ દેશમાં ટેક-ઔદ્યોગિકના વિકાસ પર ચિંતા વ્યક્ત કરી હતી. બાઈડને આને અમેરિકન નાગરિકોના અધિકારો માટે જોખમી ગણાવ્યું હતું.



**જો બાયડને પોતાના કાર્યકાળ વિશે વાત કરતા કહ્યું-**

"આપણે જે કર્યું છે તેની અસર જોવામાં સમય લાગશે, પરંતુ જે બીજ વાવ્યા છે, તે ઉગશે અને આવનારા દાયકાઓ સુધી ખીલશે."

### અમેરિકામાં ફેક ન્યૂઝની જાળ ફેલાઈ ગઈ છે

બાઈડને કહ્યું કે અમેરિકન લોકોમાં ફેક ન્યૂઝની જાળ ફેલાઈ ગઈ છે અને તેના દ્વારા સત્તાનો દુરુપયોગ થઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ પદ સંભાળતી વખતે કોઈ પણ વ્યક્તિ ગુનાઓથી મુક્ત ન હોય તેની ખાતરી કરવા માટે આપણે બંધારણમાં સુધારો કરવાની જરૂર છે. તેમણે સુપ્રીમ કોર્ટના જજોના કાર્યકાળને મર્યાદિત કરવા, નૈતિક સુધારા લાવવા અને કોંગ્રેસના સભ્યોના સ્ટોક ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો 2021માં રાષ્ટ્રપતિની ચૂંટણી હારી ગયા બાદ યુએસ સંસદની ઈમારત કેપિટલ હિલમાં ઘૂસી ગયા હતા અને તોડફોડ કરી હતી. આ કેસમાં ટ્રમ્પ પણ આરોપી હતા.

**બાઈડને કહ્યું... કેટલાક લોકો પોતાના ફાયદા માટે સત્તાનો ઉપયોગ કરવા માગે છે :** કેટલાક શક્તિશાળી લોકો ક્લાઈમેન્ટ ચેન્જ સામે અમે જે પગલાં લઈએ છીએ તેને રોકવા માટે તેમની શક્તિનો ઉપયોગ કરવા માંગે છે, જેથી તેઓ તે સત્તાનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરી શકે. આપણે આપણા અને આપણા બાળકોના ભવિષ્યની બલિ ચઢાવવા માટે મજબુર ન કરવા જોઈએ.

## ખેડૂતોની શંભુ બોર્ડરથી દિલ્હી કૂચની જાહેરાત: 21 મીએ ખેડૂતો રાજધાની જશે

(એજન્સી) ચંદીગઢ | તા.16

હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર આંદોલન કરી રહેલા ખેડૂતોએ 21 જાન્યુઆરીએ દિલ્હી કૂચ કરવાની જાહેરાત કરી છે. જેમાં 101 ખેડૂતો ભાગ લેશે તેવું ખેડૂત આગેવાન સરવન પંઢેરે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર હજુ મંત્રણા માટે તૈયાર નથી, તેથી અમે આંદોલનને ઉગ્ર બનાવીશું.



તેમણે પીએમ નરેન્દ્ર મોદીને ચેતવણી પણ આપી હતી કે તેઓ વડાપ્રધાન રહેતા જ દેશમાં MSP પર પાકની ખરીદીની ગેરંટીનો કાયદો બનાવવામાં આવે. ખેડૂતોની તમામ માંગણીઓ દેશના હિતમાં છે અને તેનો અમલ કરવામાં આવશે.

ડિસેમ્બર મહિનામાં ખેડૂતોએ ત્રણ વખત દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતો 6 ડિસેમ્બર, 8 ડિસેમ્બર અને 14 ડિસેમ્બર 2024ના રોજ દિલ્હી જવા રવાના થયા હતા, પરંતુ ત્રણેય વખત હરિયાણા પોલીસે તેમને બેરિકેડ પર રોક્યા હતા.

MSP ગેરંટી એક્ટ મામલે ખેડૂતો 11 મહિનાથી શંભુ અને ખનૌરી બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે. ખનૌરી બોર્ડર પર ખેડૂત નેતા જગજીત ડલ્લેવાલ 52 દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠા છે. તેની હાલત નાજુક છે. તેમના સમર્થનમાં 111 ખેડૂતો સતત બીજા દિવસે ભૂખ હડતાળ પર છે.

આ દરમિયાન સર્વન પંઢેરે 5 જાન્યુઆરી, 2022ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફિરોઝપુર મુલાકાત દરમિયાન સુરક્ષામાં ચૂકનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## સુરક્ષાદળોને મળી મોટી સફળતા અથડામણમાં 12 નકસલીઓ ઠાર

(એજન્સી) બીજાપુર | તા.16

છત્તીસગઢના બીજાપુરના જંગલોમાં ગુરુવારે સવારથી સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. સાંજ સુધીમાં, સુરક્ષા દળોએ આ એન્કાઉન્ટરમાં 12 નક્સલીઓને ઠાર કર્યા છે. સ્થાનિક પોલીસે આ માહિતી આપી છે. બીજાપુર અને તેલંગાણાની સરહદે આવેલા 3 જિલ્લાઓમાં સુરક્ષા દળો દ્વારા એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. સવારથી જ નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. બીજાપુરમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરૂ કર્યું છે. તેલંગાણાની સરહદ પર આવેલા ઘણા ગામોમાં નક્સલવાદીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે આ માહિતી આપી છે.



### 2000 જવાનોએ આખુ જંગલી ઘેર્યું

નક્સલીઓનો ખાતમો બોલાવવા માટે હાલ 2000 જવાનોએ આખું જંગલ ઘેરી લીધું છે. પોલીસે એન્કાઉન્ટર સ્થળ પરથી SLR સહિત અનેક હાઈટેક હથિયારો પણ જપ્ત કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે. આ કામગીરીમાં DRG બીજાપુર, DRG સુકમા, DRG દાંતેવાડા, કોબ્રા 204, 205, 206, 208, 210 અને CRPF 229 બટાલિયન સામેલ છે.

# સૈફ પર હુમલો કરનાર CCTVમાં કેદ: આરોપીએ ₹1 કરોડની માગણી કરી હતી

(એજન્સી) મુંબઇ | તા.16

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર બુધવારે રાત્રે લગભગ 2:30 વાગ્યે મુંબઈના ખાર સ્થિત તેમના નિવાસસ્થાને છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. સૈફની ગરદન, પીઠ, હાથ અને માથા પર છરીના ઘા મારવામાં આવ્યા છે. સૈફને વહેલી સવારે 3:30 વાગ્યે લીલાવતી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો, જ્યાં તેની સર્જરી કરવામાં આવી હતી.

હાલમાં મુંબઈ પોલીસ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ હુમલો કોણે અને શા માટે કર્યો. મુંબઈ પોલીસની એક ટીમ તપાસ માટે તેના ઘરે પહોંચી ગઈ છે.

લીલાવતી હોસ્પિટલના COO ડૉ. નીરજ ઉત્તમાણી કહે છે કે સૈફ પર છ વખત છરી વડે હુમલો કર્યો હતો. બે ઘા ઊંડા છે. કરોડરજ્જુની નજીક એક ઘા થયો. તેની સારવાર ડૉ. નીતિન ડાંગે (સર્જન), ડૉ. લીના જૈન (કન્સલ્ટન્ટ પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિશા ગાંધી (એનેસ્થેસિયા નિષ્ણાત), ડૉ. કવિતા શ્રીનિવાસ (ઈન્ટેન્સિવિસ્ટ) અને ડૉ. મનોજ દેશમુખ (કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટ) દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપીને પૂછવામાં આવ્યું કે તે શું ઈચ્છે છે, તો તેણે જવાબ આપ્યો કે તેને એક કરોડ રૂપિયા જોઈએ છે. આ દરમિયાન સૈફ અલી ખાન પણ ત્યાં પહોંચી ગયો અને બાદમાં એક્ટરની આરોપી અને સૈફ વચ્ચે ઝપાઝપી થઈ, જેમાં સૈફને છ જગ્યાએ છરી મારવામાં આવી. એક તીક્ષ્ણ હથિયાર તૂટી ગયું અને સૈફના શરીરમાં ફસાઈ ગયું. આ દરમિયાન તેમણે આરોપીને બીજા રૂમમાં બંધ કરી દીધો, પરંતુ સૈફ ગંભીર રીતે ઘાયલ થયો હતો એટલે મેઈડ અને પરિવારના અન્ય સ્ટાફે ઈબ્રાહિમને ફોન કર્યો. ઈબ્રાહિમ અને સારા અલી ખાન પણ આઠમા માળે રહે છે. તેઓ ઉપરના માળે આવ્યા અને સૈફ અલી ખાનને ઓટોમાં હોસ્પિટલ લઈ ગયા.




### મેઈડ સર્વન્ટે કર્યો ઘટસ્ફોટ

આરોપીએ એક કરોડ રૂપિયાની માગ કરી હતી આરોપી વિશે નોંધાયેલા નિવેદન મુજબ, સૈફના ઘરની મેઈડે કહ્યું હતું કે તેણે અચાનક બાથરૂમ પાસે પડછાયો જોયો અને તેને લાગ્યું કે કરીના તેના નાના દીકરાને મળવા આવી હશે, પરંતુ બાદમાં શંકા ગઈ, એટલે જોવા ગઈ તો 35થી 40 વર્ષની ઉંમરની એક અજાણી વ્યક્તિએ તેને તીક્ષ્ણ હથિયાર બતાવ્યું અને ચૂપ રહેવા કહ્યું.

## ગુજરાત હાઈકોર્ટની નેતાઓને ટકોર

### 'જો ધારાસભ્ય પોતે કરેલા કામોનો જશ લેતા હોય તો તેમના વિસ્તારની દુર્દશાનો અપજશ પણ લેવો જોઈએ'

(એજન્સી) અમદાવાદ | તા.16

જો ધારાસભ્યો તેમના દ્વારા થતાં કામોનો જશ લેતાં હોય તો તેમના વિસ્તારોની દુર્દશાનો અપજશ પણ લેવો જોઈએ એવી ટકોર હાઈકોર્ટ દ્વારા ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાની અરજીમાં કરાઈ હતી. વિમલ ચુડાસમાની ગ્રાન્ટમાંથી થયેલા જાહેર કામના બોર્ડમાંથી તેમના નામ અને ફોટા દૂર કરી દેવાતા તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને આવો નિર્ણય લઈ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારા સરકારી અધિકારી વિરુદ્ધ ફરિયાદ નોંધવાની દાદ માંગી હતી.

જો કે આ મામલો પ્રથમદર્શીય રીતે હાઈકોર્ટના હસ્તક્ષેપનો ન બનતો હોવાની કોર્ટે ટકોર કરી હતી અને અરજદારને ખાનગી ફરિયાદ કરવાનું સૂચન કર્યું હતું.

### ગીર સોમનાથના ધારાસભ્યએ અરજી કરી હતી

આ કેસમાં અરજદાર ધારાસભ્ય વિમલ ચુડાસમાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં એવી માગ કરી હતી કે સરકારી પરિપત્રનો ભંગ કરવા બદલ અને તેનો યોગ્ય રીતે અમલ નહીં કરવા મામલે સરકારી અધિકારી સમક્ષ ફરિયાદ કરવા દેવામાં આવે. તેમના તરફથી ઉપસ્થિત એડવોકેટ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે અરજદાર જોડે જે કાર્યવાહી થઈ રહી છે એ રાજકારણ પ્રેરિત છે અને એમાં જાહેર સંપત્તિને નુકસાન કરાયું છે. પોલીસને ફરિયાદ આપવામાં આવી હોવા છતાંય સરકારના ઉચ્ચ અધિકારીઓ સામે ફરિયાદ હોવાથી પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી.

### કોન્ટ્રાક્ટર્સ-એન્જિનિયરો ટેન્શનમાં

## ખરાબ રસ્તો બનાવે તેમને જેલ ભેગા કરો: ગડકરી

(એજન્સી) નવી દિલ્હી | તા.16



કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશમાં વધતા અકસ્માતો અને નબળા રોડ બાંધકામની ચિંતા વ્યક્ત કરી કોન્ટ્રાક્ટર અને એન્જિનિયરોની ચિંતા વધારી દીધી છે. ગડકરી એક્સપ્રેસ-વે અને હાઈવેના નિર્માણ પર ધ્યાન કેન્દ્રીય કરવાની સાથે રોડ સુરક્ષાની બાબતોમાં પણ વધુ ધ્યાન આપી રહ્યા છે. તેમણે તાજેતરમાં જ રોડ અકસ્માતના ઈજાગ્રસ્તોને કેશલેસ સારવારની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડનારને 25 હજાર રૂપિયા ઈનામ આપવાની વાત કહી હતી. હવે તેમણે રોડ સુરક્ષાને મજબૂત બનાવવા માટે વધુ એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે, ખરાબ રસ્તો બનાવનારને જેલ ભેરા કરવા જોઈએ અને તેમે બિનજામીનપાત્ર ગુનો બનાવવો જોઈએ.

# GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ બન્યું વધુ સરળ



ગાંધીનગર | તા.16

મુસાફરોને એક રાજ્ય માંથી બીજા રાજ્યમાં, એક જિલ્લા માંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન' મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે, આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

## એસટી બસમાં રોજના 7.5 લાખ જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા છે.....

GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા PNR No. ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. આ એપ્લિકેશન મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન જાણી બસ સ્ટેશન પર પહોચવાનું યોગ્ય આયોજન કરી પોતાના સમયની બચત પણ કરી શકે છે. બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમજ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, GSRTC દ્વારા GSRTC Live Tracking Android અને iOS મોબાઈલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે, જેમાં ૭.૧૯ લાખ મુસાફરો GSRTC Live Android Application તેમજ ૪૧ હજારથી વધુ મુસાફરો દ્વારા GSRTC Live iOS Applicationનો ઉપયોગ કરી રહ્યા છે, તેમ જાણવા મળ્યું છે.

# મકરસંક્રાંતિના દિવસે લીમખેડા નગરમાં ભગવાન શ્રી વીર માંધાતા પ્રાકટ્ય દિવસ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

દિપક રાવલ | દાહોદ



14 મી જાન્યુઆરીને મકરસંક્રાંતિના દિવસે પૃથ્વી સમ્રાટ શ્રી વીર ભગવાન માંધાતા પ્રાગટ્ય દિવસની ઉજવણી સંદર્ભે લીમખેડા નગરમાં કોળી સમાજ દ્વારા ભવ્ય, દિવ્ય અને ઐતિહાસિક શોભાયાત્રા યોજાઈ

અખિલ ભારતીય કોળી સમાજ દાહોદ જિલ્લા અને સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લા આયોજિત પૃથ્વી સમ્રાટ શ્રી વીર ભગવાન માંધાતા પ્રાકટ્ય દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી લીમખેડા ખાતે યોજાઈ હતી.કાર્યક્રમનાં સભા સ્થળે સમાજના સંગીત રત્નો અરવિંદભાઈ બારીઆ અને તેમની ટીમના સભ્યો દ્વારા ભગવાન માંધાતા તથા કોળી સમાજનાં શૂરવીરતા ગીતો પ્રસ્તુત કરી ભક્તિમય માહોલનું સર્જન થયું હતું.ભાવનગરથી પધારેલા કોકિલ કંઠી કું.રિંકલબેન મકવાણા દ્વારા પોતાનું સ્વ રચિત ગીત ગાઈને બધાને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. ભગવાન શ્રી વીર માંધાતા પ્રાકટ્ય દિવસની ઉજવણીનો કાર્યક્રમ દાહોદ જિલ્લાના લોકલાડીલા અને સમાજના અગ્રણી એવા રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ની અધ્યક્ષતામાં યોજાયો હતો.મુખ્ય મહેમાન તરીકે દાહોદના લોકલાડીલા સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા.બંને મહાનુભવો દ્વારા સમાજ એકતા,સમાજ જાગૃતિ, ભગવાન માંધાતા ઈતિહાસ,કોળી સમાજનો ઈતિહાસ,વ્યસન મુક્તિ તથા શિક્ષણ એ આજના સમયની મહત્વની જરૂરિયાત છે એ સંદર્ભે મહત્વનું ઉદ્બોધન પ્રસ્તુત કર્યુ હતું.

શ્રી હસ્તેશ્વર મહાદેવ મંદિર પરિસર પરથી ભગવાન માંધાતાની ભવ્ય,દિવ્ય અને ઐતિહાસિક શોભાયાત્રા ની શરૂઆત થઈ હતી. સમગ્ર દાહોદ જિલ્લામાંથી કોળી સમાજના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં શોભા યાત્રામાં જોડાવવા માટે લીમખેડા ખાતે ઉમટી પડ્યા હતા.સમગ્ર લીમખેડા નગરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું, જય શ્રી રામ અને જય શ્રી વીર માંધાતા, જય જય કોળી સમાજના નારા થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.DJ વાજિંત્રો પર કોળી સમાજના,ભગવાન માંધાતા નાં શૂરવીરતા નાં ગીતો પર નાચ-ગાન સાથે કોળી સમાજ હિલોળે ચડ્યો હતો.

કાર્યક્રમમાં સમસ્ત દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભાઈઓ - બહેનો, યુવાનો,વડીલો, સંતો-મહંતો, પત્રકારો, અધિકારીઓ, પદાધિકારીઓ, સમાજના અગ્રણીઓ હાજર રહી શોભાયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.આખી શોભાયત્રમાં અંદાજિત 30 થી 35 હજાર જેટલા લોકો જોડાયા હતા.

# અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્ય લેવલની બોક્સિંગ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક લાવી દાહોદનું ગૌરવ વધારતી માવી અંજલિ

દિપક રાવલ | દાહોદ લીમખેડા



સમગ્ર રાજ્યમાં જાન્યુઆરી, ૨૦૨૫ થી ૧૩ મા ખેલ મહાકુંભનો શુભારંભ થઈ ગયો છે, ત્યારે અહીં વાત કરીએ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ રાજ્ય લેવલની બોક્સિંગ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક લાવીને એમ. એન્ડ. પી. હાઈસ્કૂલમાં ધોરણ ૯ માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય માવી અંજલિએ સમગ્ર દાહોદ જિલ્લાનું નામ રોશન કર્યું છે. દાહોદ જિલ્લો કે જેને હમેંશા નકારાત્મક પાસાઓથી જોવામાં આવે છે, પરંતુ દાહોદ જેવા આદિવાસી જિલ્લામાં પણ આવા તારલાઓ ક્યાંક ખૂણે ચમકી રહ્યા છે કે જેઓને જરૂર છે તો ફક્ત પ્લેટફોર્મ પૂરું પાડવાની તેમજ યોગ્ય માર્ગદર્શનની. દાહોદનું ગૌરવ એવી અંજલિના પિતાને ગુજર્યાને ૨ વર્ષ થયા, માતા ઘરકામ કરીને અંજલિ અને તેના ભાઈ - બહેનોનું ભરણ - પોષણ કરી રહી છે. તેણીએ લગભગ દોઢ વર્ષથી દાહોદમાં આવેલ લડુ એકેડમી ખાતે કોચ રાહુલ સંગાડિયાના માર્ગદર્શન હેઠળ પોતાની બોક્સિંગ પ્રેક્ટિસ શરૂ કરી હતી. દાહોદ જિલ્લામાં યોજવામાં આવેલ જિલ્લા કક્ષાના કરાટે તેમજ બોક્સિંગ સ્પર્ધામાં પણ અંજલિએ પ્રથમ ક્રમાંક લાવીને પોતાના પરિવારને ગર્વ અપાવ્યું છે.

## ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી અને રાજ્ય શિક્ષણ મંત્રીના અધ્યક્ષસ્થાને

# 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'નો રાજ્યવ્યાપી શુભારંભ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ




'નેશનલ સ્ટાર્ટઅપ ડે- ૨૦૨૫'નો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઈનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. રાજ્યમાં શરૂ કરવામાં આવેલ SSIP ૧.૦માં માત્ર સાયન્સ અને ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા, પરંતુ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસીને વેગ આપતી SSIP ૨.૦ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું. વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી- SSIP ૨.૦ અંતર્ગત 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની રાજ્યવ્યાપી ઉજવણી શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈએ કહ્યું હતું કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-SSIP ૨.૦ અંતર્ગત વિધાર્થીઓને આપવામાં આવતી સહાય એ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ તેમના સપનાઓને ઉડાન આપવાનો એક પ્રયાસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે આયોજિત વિકસિત ભારત યંગલીડર્સ ડાયલોગ ૨૦૨૫ના સ્પર્ધકોને સંબોધતા કહ્યું હતું કે ભારતની યુવાશક્તિ દેશ માટે ઉલ્લેખનીય પરિવર્તન લાવી રહી છે. દેશના નવયુવાનો ભારતને ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૬ જાન્યુઆરીને 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ ભારતમાં નવોદિત અને નૂતન વિચારોથી ભરપુર વિધાર્થીઓ થકી વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની ભૂમિકા ભજવશે. મંત્રીએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાની માટે નહીં, પરંતુ આપણે સૌ માટેના નવીન ભારતના નિર્માતા છે.

નિષ્ફળતા ભયજનક નથી પરંતુ તે શીખવા માટેની એક તક છે. તેવી જ રીતે મંત્રીએ વિદ્યાર્થીઓના માર્ગદર્શક એવા શિક્ષકોના યોગદાનને બિરદાવ્યું હતું. શિક્ષકોના દ્રષ્ટિકોણથી જ વિધાર્થીઓને તેમની વિચાર શક્તિને પાંખ મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માત્ર શીખવતા નથી, પરંતુ તેમને પ્રશ્નોના ઉકેલો શોધવા અને પદ્ધતિશીલ થવા પ્રોત્સાહિત કરે છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# સરદાર કૃષિનગર દાંતીવાડા ખાતે 10 દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરાયો

માહિતી બ્યુરો | પાલનપુર



સરદાર કૃષિનગર દાંતીવાડા, કૃષિ યુનિવર્સિટી ખાતે ગ્રીન હાઉસ અને નેટ હાઉસ ખેતી વિષય પર દસ દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરાયો છે. આ કાર્યક્રમમાં ખેડૂતોને ગ્રીન હાઉસ અને નેટ હાઉસમાં ધરૂ ઉછેર અને ખેતીની નવીન તકનીકો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. કુલપતિશ્રી ડૉ.આર.એમ.ચૌહાણ સહિત અનેક અગ્રણીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ખેડૂતોને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ગ્રીન હાઉસ અને નેટ હાઉસની તાલીમના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ તાલીમ દ્વારા ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવીને ઉત્પાદન અને આવક વધારી શકશે. ડૉ.એમ.એ.તુવર, ઈન્ચાર્જ સરદાર સ્મૃતિ કેંદ્ર દ્વારા ખેડૂત ભાઈઓનું શાબ્દિક સ્વાગત કરી ગ્રીન હાઉસ અને નેટ હાઉસની તાલીમનું મહત્વ સમજાવ્યું હતું. ડૉ.વી.એમ.મોદી, ડીનશ્રીએ ખેડૂતોને એન્જીનિયરીંગ વિષે અને ડૉ.પી.સી.જોષી, પ્રાધ્યાપક અને વડા (બાગાયત વિભાગ)એ ખેડૂતોને ગ્રીન હાઉસ અને નેટ હાઉસની ખેતી તથા નર્સરી કરવાથી થતાં ફાયદાઓ વિશે તેમજ યુનિવર્સિટી દ્વારા ગ્રીન હાઉસ અને નેટ હાઉસની આયોજિત દસ દિવસીય તાલીમમાં ખેડૂતોને રસ પૂર્વક તાલીમ મેળવવા આહ્વાન કરાયું હતું.

# મકરસંક્રાતિના પર્વ પર પશુ પક્ષીઓ માટે કરુણા અભિયાન બન્યું વરદાનરૂપ

માહિતી બ્યુરો | પાલનપુર



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન વિશેષ કરુણા અભિયાનનું આયોજન કરાયું હતું. મકરસંક્રાતિના પર્વ દરમિયાન અબોલ ઘાયલ પશુ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી ૧૯૬૨ કરુણા અભિયાન હેઠળ બનાસકાંઠા જિલ્લામાં ૬૬ અબોલ પશુ પક્ષીઓને સારવાર અપાઇ છે. જેમાં ૮ પક્ષીઓ, ૪૮ કૂતરાઓ, ૯ ગાયો અને ૧ બિલાડીનો સમાવેશ થાય છે.

આ અભિયાનમાં ખાસ કરીને પતંગના દોરાથી ઘાયલ થયેલા અને અન્ય ગંભીર ઈજાઓ કે બીમારીથી પીડિત પશુ-પક્ષીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં ૦૩ એનિમલ એમ્બ્યુલન્સની મદદથી આ કામગીરી હાથ ધરાઈ હતી. ડૉ. કાજલબેન પરમાર, ડૉ. મેઘા મોદી અને ડૉ. હર્ષદ પ્રજાપતિની ટીમે આ અભિયાનમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી.

બનાસકાંઠા જિલ્લાના પ્રોગ્રામ મેનેજર ડૉ. તાલીબ હુસેન અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી અરવિંદભાઈ જોશીએ જણાવ્યું હતું કે, આ અભિયાન આગામી ૨૦ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. જો કોઈને ઘાયલ પશુ કે પક્ષી જોવા મળે તો તરત જ ૧૯૬૨ હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરીને સેવા લઈ શકે છે. આ કાર્યમાં સૌ નાગરિકોનો સહકાર અને ભાગીદારી અનિવાર્ય છે. આવો, પીડિત પશુ-પક્ષીઓ માટે સહાનુભૂતિ અને માનવતાનું પ્રત્યક્ષ ઉદાહરણ બનીએ.

# સરકારી વિનયન કોલેજ,ભાભર ખાતે કાઈટ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું

માહિતી બ્યુરો | પાલનપુર



સરકારી વિનયન કોલેજ, ભાભરમાં તા.16 જાન્યુઆરી, 2025ના રોજ એક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક કુશળતા અને સર્જનાત્મકતા દર્શાવી હતી. કૉલેજે કાઈટ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરીને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને રચનાત્મકતા વધારવાનું કામ કર્યું હતું.

સ્પર્ધાની શરૂઆત કૉલેજના આચાર્યશ્રીના પ્રેરણાદાયક ભાષણથી થઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રંગબેરંગી કાગળ, ચમકદાર પટ્ટા અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને અનોખી ડિઝાઈનવાળી પતંગો બનાવી હતી. દરેક વિદ્યાર્થીએ પોતાની કલ્પનાશક્તિને ઉડતાં મૂકીને અલગ અલગ પ્રકારની પતંગો બનાવી હતી.

નિષ્ણાતોની પેનલે વિદ્યાર્થીઓની બનાવેલી પતંગોનું નિરીક્ષણ કરીને વિજેતાઓની પસંદગી કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક ઠાકોર સંજયભાઈ ડી (T.Y.B.A), દ્વિતીય ક્રમાંક મકવાણા અવનીબેનને (T.Y.B.A) અને તૃતીય ક્રમાંક કપરુપુરા આશાબેન (F.Y.B.A)ને મળ્યો હતો. સંસ્કૃત વિષયના અધ્યાપક મહેશભાઈ જોશીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ ભાગ લેનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડો.વી.ટી રાવલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# પાલનપુર જિલ્લા રોજગાર કચેરી દ્વારા વિદ્યાર્થીઓ માટે કેરિયર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો




માહિતી બ્યુરો | પાલનપુર

પાલનપુર જિલ્લા રોજગાર કચેરી દ્વારા એકલવ્ય મોડેલ સ્કૂલ, જગાણા અને એકલવ્ય મોડેલ સ્કૂલ, અમીરગઢ ખાતે ધોરણ 9 અને 10ના કુલ 90 વિદ્યાર્થીઓ માટે RIASEC ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને તેમની રુચિ, કુશળતા અને વ્યક્તિત્વને આધારે તેમના ભવિષ્યના કેરિયર માટે યોગ્ય માર્ગદર્શન મળશે. જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર નિમિષા પરમાર અને ગોકુલભાઈ દેસાઈએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ દર્શાવી હતી અને વિદ્યાર્થીઓને ધોરણ 9 અને 10 પછીના અભ્યાસક્રમો વિશે માહિતી આપી હતી. તેમણે RIASEC ટેસ્ટના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત કાઉન્સેલિંગ પણ પૂરું પાડ્યું હતું. આ પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યના અભ્યાસ માટે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે.

# અમિતાભ બચ્ચન પરિવારના સભ્યોએ કચ્છના સફેદ રણનો અદ્ભુત નજારો માણ્યો

મહેશ એલ.સોની | નખત્રાણા... ટૂંક સમયમાં જ વિશ્વ સ્તરે પ્રસિદ્ધિ પામેલા કચ્છના સફેદ રણનું સૌદર્ય નિહાળવા દેશ વિદેશના પર્યટકો સાથે દેશ વિદેશની અનેક નામાંકિત હસ્તીઓ અવાર નવાર કચ્છની ધરતીમાં પધારતી હોય છે. હાલમાં જ મહાનાયક અમિતાભ બચ્ચન પરિવારના જયા બરચન, દિકરી શ્વેતા નંદા, દોહિત્રી નવ્યા નંદા હમણાં જ કચ્છની મુલાકાતે આવ્યા હતા અને સફેદ રણનું સૌંદર્ય જોઈ અભિભૂત થયા હતા . તેમણે રણમાં પતંગોત્સવ પણ માણ્યો હતો. મહાનાયક અમિતાભની દોહિત્રી નવ્યા નંદા સફેદ રણનો અદ્ભુત નજારો જોઈ તેને કેમેરામાં ક્લિક કરવાનું ચૂકી નહોતી તેને અલગ અલગ અંદાજમાં યાદગીરી રૂપે ફોટો શૂટ કર્યુ હતું.



# અમદાવાદમાં ઠંડીએ વધાર્યો રોગચાળો, ડેન્ગ્યુના 65 દર્દી

(એજન્સી) અમદાવાદ | તા.16

**એક જ સપ્તાહમાં 11,599 ઓપીડી નોંધાઈ, સોલા સિવિલમાં ઉતરાયણ પર 36 કેસ અને વાસી ઉતરાયણે 16 કેસ નોંધાયા**

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીએ જમાવટ કરી છે, ત્યારે અમદાવાદ શહેરમાં કાતિલ ઠંડીએ રોગચાળો પણ વધાર્યો છે. શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં એક જ સપ્તાહમાં 11,599 ઓપીડી નોંધાઈ ચૂકી છે. બીજી તરફ ઠંડીના લીધે વાયરલના 1,558 દર્દી નોંધાયા છે, જેમાં 200થી વધુ દર્દીને એડમિટ કરવાની પણ ફરજ પડી છે.

સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના શંકાસ્પદ 65 દર્દીના ટેસ્ટ કરાવવામાં આવ્યા છે, જેમાંથી 15થી વધુ કેસ પોઝિટિવ આવ્યા છે તો મેલેરિયાના શંકાસ્પદ 162 દર્દીએ હોસ્પિટલમાં સારવાર લીધી છે. જણાવી દઈએ કે બે દિવસ ઉતરાયણના પર્વ પર ઈમરજન્સી દર્દીઓની ઓપીડીમાં વધારો થયો છે. સોલા સિવિલમાં ઉતરાયણ પર 36 કેસ અને વાસી ઉતરાયણે 16 કેસ નોંધાયા છે. દોરીથી ઈજાગ્રસ્ત એક દર્દીને એડમિટ કરવાની ફરજ પડી છે. પીડિયાટ્રિક વિભાગમાં શરદી ખાંસી સહિત 70થી 80 બાળકોના કેસ નોંધાયા, જેમાં 30 બાળકોને એડમિટ કરવાની ફરજ પડી.

## વડોદરામાં પણ રોગચાળો

વડોદરામાં શરદી, ખાંસી અને તાવના કેસોમાં વધારો થયો છે. સરકારી હોસ્પિટલમાં કેસોમાં વધારો થયો છે. એક જ સપ્તાહમાં 3,000થી વધુ શરદી, ખાંસી અને તાવના કેસ સામે આવ્યા છે. માત્ર સરકારી હોસ્પિટલમાં જ હજારો કેસ નોંધાયા છે, પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેનારા દર્દીઓનો આંકડો ગણતરીમાં સામેલ કરાયો નથી.

# થાળાલીમડી શાળાના શિક્ષક શ્રી મુકેશભાઈ નિનામાને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરાયો



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દર વર્ષે પરમ પૂજ્ય મોરારી બાપુના વરદ હસ્તે દરેક જિલ્લામાંથી શ્રેષ્ઠ કામગીરી કરતાં એક શિક્ષકને ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પારિતોષિક એનાયત કરવામાં આવે છે.ચાલુ વર્ષે- 2024 નો દાહોદ જિલ્લાનો ચિત્રકુટ એવોર્ડ થાળાલીમડી શાળાના શિક્ષક મુકેશભાઈ એમ નિનામાએ શિક્ષણ ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખીને તેમના નામની પસંદગી દાહોદ જિલ્લામાથી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મોરારી બાપુનાં હસ્તે શાલ ઓઢાડીને પ્રમાણપત્ર આપી મોમેન્ટો તથા 25 હજારનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવતા,સમગ્ર દાહોદ જિલ્લામાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. સમગ્ર દાહોદ જિલ્લામાંથી સૌ સારસ્વત ભાઈઓ-બહેનો,શિક્ષણ વિભાગ,સમાજ તથા શિક્ષક સંગઠનો દ્વારા ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ચુલીમાં વીજ પોલ પર પતંગ પાડવા ગયેલ બાળકને કરંટ લાગતા દાઝ્યો

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ચૂલી ગામના આઠ વર્ષીય બાળકને પતંગ લેવા જતા કરંટ લાગ્યો જેમાં એ દાઝી ગયો હતો. મળતી માહિતી અનુસાર વસંતાબેન બાબીયાભાઈ સિંગાભાઈ વસાવા, રહે. ચુલી આંગણવાડી ફળીયુ તા.દેડીયાપાડા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના ઘરની નજીક આવેલ વિજળીના થાંભલા ઉપર જીયાનકુમાર રાજેશભાઈ બાબીયાભાઈ વસાવા ઉ.વ.૦૮ રહે. ચુલી નાઓ પતંગ પાડવા જતા તેને વિજ કરંટ લાગવાના કારણે પડી જતા શરીરે પીઠના ભાગે તથા ગળાના ભાગે તથા બંને પગે જાંઘના ભાગે ચામડી બળી જવાથી ઈજાઓ થઈ હોય દેડિયાપાડા પોલીસે નોંધ લીધી છે.

# 'ભૂલ પેપર સેટરની-દંડ પરીક્ષાર્થીઓને?' હવે GPSCની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે ભરવી પડશે ફી

(એજન્સી) અમદાવાદ | તા.16

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ પછી ફાઈનલ આન્સર કી જાહેર કરાય છે. જ્યારે હવે GPSCના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપી જણાવ્યું છે કે, 'હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.' બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

GPSC દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને GPSCના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે. એક પ્રશ્નદીઠ 100 રૂપિયા ફી ભરવાની રહેશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

'નેશનલ સ્ટાર્ટઅપ ડે'-૨૦૨૫ | ગાંધીનગર ખાતે'નેશનલ સ્ટાર્ટઅપ ડે'નો રાજ્યવ્યાપી શુભારંભ

# સ્ટાર્ટઅપ માટે રાજ્યના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓને રૂ. ૨૨ લાખની પ્રોત્સાહિત સહાય અપાઇ

## આજનો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઇનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક : શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર















(એજન્સી) ગાંધીનગર | તા.16

'નેશનલ સ્ટાર્ટઅપ ડે- ૨૦૨૫'નો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઈનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. રાજ્યમાં શરૂ કરવામાં આવેલ SSIP ૧.૦માં માત્ર સાયન્સ અને ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા, પરંતુ આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસીને વેગ આપતી SSIP ૨.૦ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું. વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી- SSIP ૨.૦ અંતર્ગત 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની રાજ્યવ્યાપી ઉજવણી શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈએ કહ્યું હતું કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-SSIP ૨.૦ અંતર્ગત વિધાર્થીઓને આપવામાં આવતી સહાય એ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ તેમના સપનાઓને ઉડાન આપવાનો એક પ્રયાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે આયોજિત વિકસિત ભારત યંગલીડર્સ ડાયલોગ ૨૦૨૫ના સ્પર્ધકોને સંબોધતા કહ્યું હતું કે ભારતની યુવાશક્તિ દેશ માટે ઉલ્લેખનીય પરિવર્તન લાવી રહી છે. દેશના નવયુવાનો ભારતને ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૬ જાન્યુઆરીને 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ ભારતમાં નવોદિત અને નૂતન વિચારોથી ભરપુર વિધાર્થીઓ થકી વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની ભૂમિકા ભજવશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાની માટે નહીં, પરંતુ આપણે સૌ માટેના નવીન ભારતના નિર્માતા છે. નિષ્ફળતા ભયજનક નથી પરંતુ તે શીખવા માટેની એક તક છે. તેવી જ રીતે મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓના માર્ગદર્શક એવા શિક્ષકોના યોગદાનને બિરદાવ્યું હતું. શિક્ષકોના દ્રષ્ટિકોણથી જ વિધાર્થીઓને તેમની વિચાર શક્તિને પાંખ મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માત્ર શીખવતા નથી, પરંતુ તેમને પ્રશ્નોના ઉકેલો શોધવા અને પદ્ધતિશીલ થવા પ્રોત્સાહિત કરે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત- ૨૦૪૭'ના સ્વપ્નને ગુજરાત તમામ ક્ષેત્રે વિકસિત બની સાકાર કરશે. રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે વિશ્વસ્તરે પોતાનો યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી SSIP ૨.૦ના મુખ્ય હેતુઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી તેઓ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણ માટે યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે ભારતની ૬૫ ટકાથી વધુ વસ્તી ગામડાઓમાં વસે છે. તેમજ બધા જ ગામોમાં ત્યાંની કોઈ લોકલ વસ્તુઓ પ્રખ્યાત હોય છે, એ પ્રખ્યાત વસ્તુઓ માર્કેટમાં વેચવાનો વિચાર આવવો એ જ સાચા અર્થમાં સ્ટાર્ટઅપની શરૂઆત છે, સાથોસાથ રાજ્યની તમામ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકોએ ભણતરની સાથે સાથે ઉદ્યોગ-સાહસિક થવા માટે સ્ટાર્ટઅપ અને ઈનોવેશનનો પણ ખ્યાલ આપવો જોઈએ કારણ કે, આજના સમયમાં વિદ્યાર્થી સ્ટાર્ટઅપ દ્વારા સારી આજીવિકા મેળવી શકે છે. મંત્રી શ્રી પાનશેરીયાએ ઉમેર્યું હતું કે, આજના સમયમાં ગૌ-મૂત્ર આધારિત દવાઓ તેમજ અગરબત્તીનો બનાવવામાં આવી રહી છે. આજે ગુજરાતના કેટલાક ગામોમાં સ્ટાર્ટઅપની મદદથી પ્રાકૃતિક ખેતીની પ્રોડેકટનો યોગ્ય પેકિંગ કરીને માર્કેટમાં વેચી સારી આજીવિકા મેળવી રહ્યા છે. મંત્રીશ્રીએ સ્ટાર્ટઅપના અનેક ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવનારા સમયમાં સ્ટાર્ટઅપની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું.સંકુલ ઓફ PMUના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ એડવાઈઝર શ્રી અંકિત ઠાકોરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપવાનું ઉમદા કાર્ય શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે વધુ પ્રોત્સાહન આપવા PMU દ્વારા ચાર જિલ્લાઓમાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સાથે જ, PMU દ્વારા સ્ટાર્ટઅપ કરતા વિદ્યાર્થીઓની સતત મોનિટરીંગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ પ્રસંગે મંત્રીશ્રીઓના વરદ હસ્તે સ્ટાર્ટઅપ માટે ૧૧૦ જેટલા સાહસિક વિદ્યાર્થીઓ પૈકી ૧૦ને પ્રતિકાત્મક રૂપે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦,૦૦૦નો ચેક, 'ઝીરો ટું વન' પુસ્તક અને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાથે જ, સ્કૂલ ઓફ કમિશનર હેઠળના PMU દ્વારા વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના સ્ટાર્ટઅપ અંગે નવા વિચારો રજૂ કરી શકશે. સાથે જ, તેમના વિચારોનું રાજ્યકક્ષાએ મોનિટરીંગ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં કમિશનર ઓફ સ્કૂલના સંયુક્ત નિયામક શ્રી મેહુલ વ્યાસે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શિક્ષણ વિભાગના નિયામક શ્રી પી. આર. રાણા, કમિશનર ઓફ સ્કૂલના સંયુક્ત નિયામક શ્રી વાય. એસ. ચૌધરી, સમગ્ર શિક્ષાના સ્ટેટ પ્રોજક્ટર ડાયરેક્ટર શ્રી લલિત નારાયણસિંહ સાંધુ, શિક્ષણ વિભાગના અધિકારી- કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત વર્ચ્યુઅલી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

# એક્ટિવાની ડેકીમાં દારૂનું વેચાણ કરનાર શખ્સ ઝડપાયો, 53 000નો મુદ્દામાલ કબજે



(એજન્સી) વડોદરા | તા.16

વડોદરા શહેરના રાજમહેલ રોડ પર આવેલા મરી માતાના ખાચામાં એક્ટિવાની ડેકીમાં દારૂ લાવીને વેચાણ કરતા શખ્સને એલસીબી ઝોન-2ની ટીમે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી વિદેશી દારૂના ક્વાટર, મોબાઈલ, એક્ટિવા અને રોકડ રકમ મળી રૂ.53 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી અને મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે રાવપુરા પોલીસને સોંપ્યો છે. ઉત્તરાયણના તહેવારને લઈને પોલીસ દ્વારા વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન એલ.સી.બી ઝોન-2ની ટીમ પણ ફરતા ફરતા દાંડીયબજાર ચાર રસ્તા પાસે પેટ્રોલિંગ દરમિયાન પહોંચતા બાતમી મળી હતી કે એક ઈસમ એક્ટીવા લઈને દાંડીયાબજાર દારૂ લઈ મરી માતાના ખાચામાં લીમડાના ઝાડની બાજુમાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેના આધારે એલસીબી ઝોન 2ની ટીમ દ્વારા બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા એક ઈસમ ઝડપાઇ ગયો હતો. તેનું નામ પુછત લલીત ઉર્ફે સાગર મહેશ કહાર (ઉ.વ-31 રહે, જંબુબેટ શીવાજી પાનની પાછળ દાંડીયાબજાર વડોદરા) નો હોવાનું જણાવ્યું હતું. તેની એકરીવાની ડેકીમાં તપાસ કરતા વિદેશી દારૂના ક્વાટર મળી આવ્યા હતા. જેથી પોલીસ તેની પાસેથી વિદેશી દારૂ, એક્ટીવા, મોબાઈલ તથા રોકડ રૂપિયા 14 હજાર મળી રૂ.53 હજારનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી માટે રાવપુરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

# સિમેન્ટના ટ્રેલરમાં દારુની હેરાફેરી !

## અમીરગઢ બોર્ડર પર LCBએ 95 લાખ દારુનો જથ્થો ઝડપ્યો




(એજન્સી) બનાસકાંઠા | તા.16

ગુજરાતમાં દારુબંધી હોવા છતા અનેક વાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે બનાસકાંઠાના અમીરગઢ બોર્ડર પર દારુનો જથ્થો ઝડપાયો છે. અમીરગઢ બોર્ડર પર સિમેન્ટના ટ્રેલરમાં દારુનો જથ્થો ભરીને હેરાફેરી થતી હોવાનો પર્દાફાશ થયો છે. રાજસ્થાન તરફથી ગુજરાતમાં આવતા ટ્રેલરમાં 95 લાખનો દારુની હેરાફેરી થતી હતી તે સમયે LCBએ જથ્થો ઝડપ્યો છે. પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનોં નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસકર્મીના ઘરેથી ઝડપાયો હતો દારુ

બીજી તરફ અરવલ્લીના રહિયોલમાં પોલીસકર્મીના ઘરેથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. LCBએ પોલીસકર્મી વિજય પરમારના ઘરેથી રૂ 1.76 લાખનો દારૂ ઝડપાયો હતો. પોલીસકર્મીના ઘરના રસોડામાંથી વિદેશી દારૂની 2138 બોટલ ઝડપાઈ હતી. LCBએ વિજય પરમારના ઘરેથી રૂ.1.76 લાખનો દારૂ ઝડપાયો હતો. પોલીસ કોન્સ્ટેબલ વિજય પરમાર દરોડા પહેલા જ ફરાર થઈ ગયો હતો. આ અગાઉ પણ દારૂ કેસમાં વિજય પરમાર ઝડપાઈ ચૂક્યો હતો. વિજય પરમાર પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતો હતો. LCBની ટીમે આરોપી કોન્સ્ટેબલને ઝડપી લેવા તજવીજ હાથધરી હતી.

# વડોદરામાં સ્કૂટર લઈને જતાં વધુ એક યુવકનું પતંગની દોરીથી ગળું કપાયું

(એજન્સી) વડોદરા | તા.16

વડોદરાના ગોરવાથી પ્રતાપ નગર ત્રણ રસ્તા પર સ્કૂટર લઈને જઈ રહેલા યુવકના ગળામાં પતંગની દોરી આવી જવાથી ગળું કપાયું હતું. તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પતંગનું પર્વ આનંદ ઉલ્લાસનું પર્વ છે. પરંતુ પતંગના દાવ પેચ લેવા અને જીતવા માટે પતંગની દોરી મજબૂત હોય તેવું માનનારા કેટલાક લોકો ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરતા હોય છે. તેને કારણે પક્ષી અને માનવીના શરીરને ઈજા પહોંચતી હોય છે. આવો જ એક બનાવ ગત સાંજે 7:00 વાગ્યે પ્રતાપનગર ત્રણ રસ્તા પર બન્યો હતો. ગોરવા મધુનગરમાં રહેતા 34 વર્ષના ઈમરાન અબાસ ચૌહાણ પોતાના સ્કૂટર લઈને પસાર થતા હતા ત્યારે ગળામાં ચાઈનીઝ દોરી ફસાઈ જવાથી ગળું કપાયું હતું. તેમને 108ની મદદથી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ખાતર માટે ખેડૂતોની વહેલી સવારથી લાઈનો

(એજન્સી) અરવલ્લી | તા.16

અરવલ્લી જિલ્લામાં એક તરફ ખેતીવાડી વિભાગ રાસાયણિક ખાતરોનો પુરતો જથ્થો સપ્લાય કરવામાં આવતો હોવાના દાવાઓ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ વિવિધ ખાતર ડેપો પરથી ખેડૂતો યુરિયા ખાતર મેળવવા રઝળપાટ કરી રહ્યા છે. ખેડૂતોએ શિયાળુ વાવેતર મોટા પ્રમાણમાં કરેલું છે. ત્યારે આ વાવેતરમાં સારા પ્રમાણમાં ઉપજ મેળવવા માટે યુરિયા ખાતર જરૂરી છે. ત્યારે ખેડૂતોને યુરિયા ખાતર છૂટથી મળતું નથી. જિલ્લાના મેઘરજ, મોડાસા ખાતર કેન્દ્રો પર ખાતર ખરીદવા લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી. આ વર્ષે અરવલ્લી જિલ્લામાં વિપુલ પ્રમાણમાં ખેડૂતોએ વાવેતર કર્યું છે. જેમાં સૌથી વધુ ઘઉંનું વાવેતર કરવામાં આવ્યુ છે. ગત વર્ષે અપુરતો વરસાદ અને સિંચાઈના ઓછા સ્ત્રોતની સરખામણીએ આ વખતે ચોમાસુ સારૂ રહ્યુ છે. જેથી જળાશયો ભરાઈ જતાં સિંચાઈનો પ્રશ્ન મોટા ભાગે હલ થયો છે. જેથી આ વખતે રવિ સિઝનમાં પાછલા વર્ષોની વાવેતરની સરેરાશ સામે લગભગ 10 હજાર હેક્ટર વધુ વાવેતર થયુ છે. હાલમાં ઘઉં અને બટાકામાં રાસાયણિક ખાતરો આપવાનો ખરો સમય થયો છે તેવા સમયે જ યુરિયા ખાતરની અરવલ્લી જિલ્લામાં મોકાણ સર્જાઈ છે. બાયડમાં આવેલા વિવિધ ડેપો પર વહેલી સવારથી જ તાલુકાભરના ખેડૂતોની યુરિયા ખાતર માટે લાઈનો લાગી રહી છે. પરંતુ ડેપો પરથી સ્ટોક નથી તેવા જવાબો આપીને ખેડૂતો ફુટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે.

# સુરતમાંથી બનાવટી ડોક્યુમેન્ટ સાથે ઝડપાયો બંગાળી વિધર્મી

(એજન્સી) સુરત | તા.16

સુરત શહેરમાં બનાવટી ડોક્યુમેન્ટ આધારે હિંદુ નામ ધારણ કરનાર યુવકને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીને મુંબઈની નેપાળી યુવતી સાથે પ્રેમ હતો અને લીવ ઈન રીલેશનશીપમાં રહેવા ભાડાના મકાન માટે ખોટા નામનું આધારકાર્ડ બનાવ્યું હતું સુરત શહેરમાં એસઓજી પોલીસની ટીમે બનાવટી ડોક્યુમેન્ટ આધારે હિંદુ નામ ધારણ કરી રહેતા યુવકને ઝડપી પાડ્યો હતો. એસઓજી પોલીસની ટીમે પોલીસે રાંદેર વિસ્તારમાંથી મૂળ પશ્ચિમ બંગાળના વતની આરોપી મુસીબલ ઉર્ફે રાજ ઉર્ફે પ્રદીપ મકબુલ શેખ [ઉ.26] ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી બે અલગ અલગ નામ વાળા ભારતીય આધારકાર્ડ, પાનકાર્ડ તથા આરસીબુક અને એક મોબાઈલ ફોન સહિતનો મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી સુરત ખાતે છેલ્લા 14 વર્ષથી રહી અલગ અલગ સ્પામાં નોકરી કરતો હતો અને તે દરમ્યાન દોઢ વર્ષ પહેલા તેની ઓળખાણ મુંબઈ રહેતી નેપાળી યુવતી સાથે થઇ હતી અને તેની સાથે લવ મેરેજ કરવાના હોય અને તેની સાથે લીવ ઈન રીલેશનશીપમાં રહેવા માટે તે હિંદુ વિસ્તારમાં ભાડાનું મકાન શોધતો હતો અને તેણે પોતાના મોબાઈલ ફોનમાં એપ્લીકેશનની મદદથી પોતાનું ખોટા નામનું બનાવટી આધારકાર્ડ બનાવી હિંદુ વિસ્તારમાં છેલ્લા પાંચેક મહિનાથી રહેતો હતો. હાલ આરોપી વિરુદ્ધમાં રાંદેર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




### ભાડાના મકાન માટે ખોટા નામનું આધારકાર્ડ બનાવ્યું

દમણમાંથી ઝડપાઈ મદારી ગેંગ

# વૃદ્ધાઓને ટાર્ગેટ બનાવી કરતા લૂંટ, 200 થી વધુ ગુનાને આપ્યો અંજામ

(એજન્સી) દમણ | તા.16

સંઘ પ્રદેશ દમણમાંથી છેલ્લાં ઘણાં સમયથી વૃદ્ધ મહિલાઓને વિશ્વાસમાં લઈ દાગીના તેમજ રોકડ રકમ પડાવી લેવાની ઘટનાઓ સામે આવી હતી. ત્યારે દમણ પોલીસે આ તમામ કેસ ભેગા કરી તપાસ હાથ ધરતા મદારી ગેંગનો પર્દાફાશ થયો હતો. આ ગેંગના સભ્યો ફક્ત વૃદ્ધ મહિલાઓને પોતાનો ટાર્ગેટ બનાવતી અને તંત્ર-મંત્ર અને ચમત્કારોની વાતો કરી તેઓનું વશીકરણ કરી તેમના દાગીના તેમજ નાણાં પડાવતાં. સંઘ પ્રદેશ દમણમાં છેલ્લાં ઘણાં સમયથી વૃદ્ધ મહિલાઓ સાથે લૂંટના એકલ-દોકલ અનેક કિસ્સા સામે આવ્યા હતાં. દમણના કચીગામ, સોમનાખ ડાભેલ અને આંટિયાવાડ વિસ્તારમાંથી ત્રણ મહિલાઓને વિશ્વાસમાં લઈ તેમનું વશીકરણ કરી સોના-ચાંદીના દાગીના પડાવી અજાણ્યા શખસો ફરાર થઈ ગયાની ફરિયાદ આવી હતી. બાદમાં સતત ત્રણ દિવસ સુધી પોલીસે આ મામલે તપાસ હાથ ધરી આરોપીને શોધવાનું શરૂ કર્યું. પોલીસે આસપાસના વિસ્તારમાંથી વિવિધ 80થી વધુ હોટેલ અને ગેસ્ટ હાઉસની તપાસ કરી હતી, તેમજ વિસ્તારના તમામ સીસીટીવી પર ચકાસવામાં આવ્યા હતાં. જેમાંથી મળેલા પુરાવાના આધારે પોલીસે ઉત્તર પ્રદેશના બે આરોપી ઈરફાન શાકિર અહેમદ અને સિકલ ઉર્ફે શેરખાન તેમજ તેમની મદદ કરનાર દમણના રીક્ષા ચાલક રાધે કુમાર યાદવને પકડી પાડ્યા છે. ત્રણેય આરોપીને પકડી પૂછપરછ કરતાં દમણ પોલીસે ત્રણ ગુનાના ભેદ ઉકેલી દીધા હતાં.

# ઉત્તરાયણ પર ઊંધિયાની જયાફત માણવા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં દુકાનો બહાર લાગી લાંબી કતાર



વડોદરા : ગુજરાતમાં ઉતરાયણની ઉજવણી ધામધૂમથી થાય છે. ઉત્તરાયણ હોય અને ગુજરાતમાં ઊંધિયું ન હોય તે કેવી રીતે ચાલે, આજે વહેલી સવારથી જ બજારોમાં ઊંધિયું, ફાફડા - જલેબી, ચિક્કીની ખરીદી કરવા માટે લાંબી કતારો જોવા મળી હતી. ઊંધિયાના ભાવમાં ધરખમ વધારો થયો હોવા છતા લોકોએ ઊંધિયાની મજા માણવા માટે સવારે 6 વાગ્યાથી લોકો લાઈનમાં ઉભા રહ્યાં હતા. અમદાવાદીઓ ફક્ત એક જ દિવસે લાખો રૂપિયાનું ઊંધિયું ખાય જાય છે. સવારથી જ ઉંધીયાના સ્ટોલ અને દુકાનોમાં ઊંધિયું ખરીદવા લોકોની લાંબી લાઇન લાગી હતી. વડોદરામાં વહેલી સવારથી જ ઊંધિયું ખરીદવા માટે લોકો ઉમટ્યા હતા. ઊંધિયા-જલેબીના સ્ટોલ પર રીતસરની લોકોની લાઈનો લાગી હતી. ઉત્તરાયણના દિવસે મસાલેદાર ઊંધિયું અને જલેબી ખાવાની વર્ષો જૂની પરંપરા, વડોદરાવાસીઓ અકબંધ રાખી છે. તો રાજકોટમાં પણ ઉત્તરાયણના પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. ત્યારે વહેલી સવારથી લોકોએ ઊંધિયુ જલેબીની જયાફત માણી છે. સવારથી ઊંધીયું સાથે જલેબી અને ખીચડાની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી.

# બોરસદમાં થયેલી જૂથ અથડામણની ઘટનામાં 8 લોકોની અટકાયત

(એજન્સી) આણંદ | તા.16

આણંદના બોરસદમાં થયેલી જૂથ અથડામણની ઘટનામાં પોલીસે કડકડ કાર્યવાહી હાથ ધરી છે. પતંગ લૂંટવાની નજીવી બાબતે 2 જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ત્યારે અસામાજિક તત્વોએ તીક્ષ્ણ હથિયાર સાથે આતંક મચાવ્યો હતો. જો કે જૂથ અથડામણમાં 2 લોકો ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ 8 લોકોની અટકાયત કરી છે. અજીતસિંગ સરદાર, હરબજસિંગ સરદાર સહિતના કુલ 8 લોકો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.આણંદના બોરસદમાં આવેલા નારાયણ નગરમાં ખેતરમાં પતંગ ચગાવતા લોકોને બહાર કાઢતા માથાકૂટ થઈ હતી. જેમાં 2 જૂથના લોકો સામસામે આવતા 2 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે કેટલાક લોકોએ તલવારો સાથે રોફ જમાવ્યો હોવાનું પણ સામે આવ્યું હતુ.

# રાજપીપળાના પેલેસમાંથી રોયલ પિસ્તોલ સહિતની ચોરીનો કેસ, પાંચ આરોપી ઝડપાયા

(એજન્સી) રાજપીપળા | તા.16

રાજપીપળાના રાજવંત પેલેસમાંથી થયેલી રોયલ પિસ્તોલની ચોરીનો ભેદ ઉકેલાયો છે. આ મામલે પોલીસે 5 આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓએ રાજવંત પેલેસમાંથી રોયલ પિસ્તોલ અને રાજાની સહીવાળા ચેક ચોરી કર્યા હતા. આ ઉપરાંત આ ચેક વટાવીને વાહન ખરીદ્યા હતા. પકડાયેલા આરોપી સંજય મધુકર રાજાની પૂછપરછ કરતા અન્ય આરોપીઓનો ભાંડો ફૂટ્યો હતો. આરોપી મીત, અરબાજ ઉર્ફે અજ્જુ, રિઝવાન, ફરહાને મોજશોખ પૂરા કરવા માટે સાથે મળી મહારાજા રઘુવિરસિંહની ઉંમર તથા શારીરીક અશક્તતાનો લાભ ઉઠાવી મહેલમાંથી નાની-મોટી ચીજ



વસ્તુઓ તથા મહારાજાની સહીઓ કરેલા કોરા ચેક મળીને 10.40 લાખ રૂપિયાની ચોરી કરી હતી. હાલ પોલીસે સંજય મધુકર રાજા, મીત કલ્પેશભાઇ રાવલ, અરબાજ ઉર્ફે અજ્જુ મનસુરખાન પઠાણ,રિઝવાન લિયાકત મલેક અને ફરહાન ઈકરામ હુસેન રાઠોડને જેલહવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### જાણો શું છે મામલો

રાજપીપળાના મહારાજાની રોયલ પિસ્તોલ રાજવંત પેલેસમાં ચોરી થયાની યુવરાજ માન્વેન્દ્રસિંહ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં માનવેન્દ્રસિંહ રઘુવીરસિંહ ગોહિલના પિતાના નામે ઈસ્યુ થયેલી સિંગલ બેરલ પિસ્તોલ ચોથી જાન્યુઆરીથી 10મી જાન્યુઆરી દરમિયાન ચોરી થઈ હતી. આ ઘટના બાદ નર્મદા એલસીબીની ટીમે આરોપી સંજય મદુકર રાજાને અમદાવાદથી ધરપકડ કરી હતી.

### સરકાર જૂના વાહનો સચિવાલયમાં પાર્ક કરીને ભૂલી ગઈ

# નવા સચિવાલય પાર્કિંગમાં જૂની સરકારી ગાડીઓનો જમાવડો







(એજન્સી) ગાંધીનગર તા. 16

ગાંધીનગર નવા સચિવાલય ખાતે આવેલા પાર્કિંગમાં સરકારી વાહનો પાર્ક કરી દેવામાં આવ્યા છે. આ એવા વાહનો છે જે ઘણાં સમયથી ઉપયોગમાં લેવામાં ન આવતાં તેનો નિકાલ કર્યાં વિના પાર્ક કરી દેવાયા છે. આ તમામ વાહન હાલ સચિવાલયમાં ધૂળ ખાઈ રહ્યા છે. ગાંધીનગર સચિવાલયમાં 4 મુખ્ય પાર્કિંગ આવેલા છે. આ પાર્કિંગમાંથી એક પાર્કિંગ ખાસ ધારાસભ્યો માટે છે અને અન્ય પાર્કિંગમાં સચિવાલય સ્ટાફ, અધિકારીઓ, મંત્રીઓ તેમજ મુલાકાતીઓ પોતાના વાહનો પાર્ક કરે છે. આ વાહન પાર્કિંગમાં જે સરકારી વાહનનો હવે ઉપયોગ નથી કરાતો તેને પણ પાર્ક કરી દેવાયા છે.સચિવોની શાન ગણાતી કાર પાર્કિંગમાં ધૂળ ખાઈ રહી છે. એક સમયે સચિવાલયના કમ્પાઉન્ડમાં જે વાહનો થકી અવર-જવર રહેતી તે હાલ ધૂળ ખાવા છોડી દેવાયા છે. જેમાં ટોયોટા, સુઝુકી અને મહિન્દ્રા કંપનીની એક સમયની આલીશાન ગાડીઓ છે. એક સમયે સચિવોની શાન ગણાતી કાર હવે ભૂતિયા રંગમાં ઝાંખી થઈ ગઈ છે. જેમાં હવે માત્ર કાટ અને ધૂળ જ દેખાય છે. પરંતુ આવા વાહનો જ્યારે લાંબા સમય સુધી પડી રહે છે, ત્યારે તેને વાહનમાં ધૂળ, કાટ, જામ અને કલર ઉખાડવા જેવી સમસ્યા થાય છે, જેથી વાહનની કિમંત પણ ઘટે છે. બીજી બાજુ વાહન જ્યાં પાર્ક કરી દેવામાં આવે છે તે પાર્કિંગની જગ્યા પણ રોકે છે અને અડચણ ઊભી કરે છે. ખાસ જ્યારે કન્ડમ સરકારી વાહનનો નિકાલ કરવામાં આવે છે ત્યારે સરકારી વાહનની હરાજી ખાતાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે અને કન્ડમ સરકારી વાહનની હરાજી અંગેની શરતોનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે. જેમાં સરકારના ગૃહ વિભાગનો ઠરાવ, નાણાં વિભાગના આદેશ અને મિકેનિકલ ડિવિઝનનો રિપોર્ટ ધ્યાને લઈને કન્ડમ વાહનની અપસેટ કિંમત નક્કી કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં હરાજી બાદ વાહન લેનાર સ્વ ખર્ચે વાહનને લઈ જતો હોય છે.

### એસઆઈટીની ટીમે અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી

# બેન્ક ઓફ બરોડાના ચકચારી લોન કાંડમાં તત્કાલીન બેંક મેનેજર રિમાન્ડ પર

(એજન્સી) ભાવનગર તા. 16

ભાવનગર શહેરના ઘોઘારોડ વિસ્તારના મોખડાજી સર્કલમાં આવેલી બેન્ક ઓફ બરોડામાં એક વર્ષ દરમિયાન ગુનાહિત કાવતરુ રચી રૂા.૧.૦૧ કરોડનું બેંક લોન કૌભાંડમાં પાંચ શખ્સના રિમાન્ડની અવધિ પૂર્ણ થતાં પાંચેય ને જેલ હવાલે કરવામાં આવ્યા છે.જ્યારે તત્કાલીન બ્રાન્ચ મેનેજરને હોસ્પિટલમાંથી ડીસચાર્જ મળતા એસઆઈટીએ તત્કાલીન બ્રાન્ચ મેનેજરને કોર્ટમાં રજૂ કરી 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે.આ ચકચારી કાંડની જાણવા મળતી વિગત મુજબ બેંક ઓફ બરોડાની ભાવનગર શહેરની મોખડાજી સર્કલ બ્રાંચમાં સરકારની આ કલ્યાણકારી યોજનાનો દુરઉપયોગ કરી નકલી ક્વોટેશન અને ઈન્વોઈસ બીલોની મદદથી સરકાર સાથે છેતરપિંડી આચરવામાં આવી છે. એપ્રીલ-૨૦૨૩ દરમિયાન ભાવનગર શહેર અને જિલ્લાની બેંક ઓફ બરોડાની બ્રાંચનું ઓડિટ થયું હતું.અને ઓડિટ દરમિયાન સમગ્ર કાંડનો પર્દાફાશ થયો હતો.અને રૂા.૧.૦૧ કરોડનું બેંક લોન કૌભાંડ આચરાતા આખરે સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ હતું.તદુપરાંત તત્કાલીન બ્રાન્ચ મેનેજર શિવશંકર ઝાને હોસ્પિટલમાંથી ડિસચાર્જ મળતા એસઆઈટીની ટીમે શિવશંકર ઝાને સાત દિવસના રિમાન્ડની માંગ સાથે રજૂ કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું એસઆઈટીનાં પીએસઆઈ વી.વી ધ્રાંગુએ જણાવ્યું હતું.

### ડાકોર મંદિરમાં વર્ષો જૂની દાનપ્રથા બંધ રહી, માત્ર ગૌપૂજન જ કરાયું

ડાકોર : ધનુર્માસનો છેલ્લો દિવસ હોવાથી ડાકોર મંદિરમાં રણછોડરાયજીના દર્શનાર્થીઓનો ધસારો જોવા મળ્યો હતો. ડાકોર નગરમાં ધાબા ખાલી રહ્યા હતા અને આકાશમાં ગણતરીની પતંગો જ પતંગ ચગતી જોવા મળતા ઉત્તરાયણ નિરસ રહી હતી. જ્યારે મંદિર કમિટીએ ગૌદાનની પ્રથા આ વર્ષે બંધ રાખી માત્ર ગૌપૂજન જ કર્યું હતું. હવે ગાયના બદલે બળદની જોડીનું ખેડૂતોને દાન કરવા કમિટીએ નિર્ણય કર્યો છે.યાત્રાધામ ડાકોરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી નીરસ જોવા મળી હતી. પવનનું જોર વધારે હોવાથી અને ઠંડીનો ચમકારો બપોરે ૧૨ વાગ્યા સુધી રહ્યો હતો. જેના કારણે આકાશમાં ગણતરીના પતંગો જ જોવા મળ્યા હતા.

### નિયામક શાળાઓની કચેરી દ્વારા ઓફલાનથી 24 જાન્યુઆરી સુધીમાં કેમ્પ યોજવા સૂચના

# સરકારી મા. અને ઉ.મા. શાળાની 284 ખાલી જગ્યા પર જિલ્લા આંતરિક ફેરબદલી થશે

(એજન્સી) ભાવનગર તા. 16

નિયામક શાળાઓની કચેરી દ્વારા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ પર જિલ્લા આંતરિક ફેરબદલી માટેનો પરિપત્ર નિયમો સાથે જારી કરાયો છે અને ૨૪ જાન્યુ. સુધીમાં ઓફલાઇન કેમ્પ કરવા પણ સુચના આપી છે. ભાવનગર જિલ્લામાં ૯૨ શાળામાંથી કુલ ૨૮૪ સીટો પર આ બદલી કેમ્પ યોજાશે. મળતી વિગતો મુજબ શિક્ષણ વિભાગ દ્વારા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકો-મદદનીશ શિક્ષકોની બદલી માટે જિલ્લા આંતરિક ફેરબદલીની કાર્યવાહી તથા હુકમો સંબંધિત કાર્યવાહી ઓફલાઇન માધ્યમથી તા.૨૪ જાન્યુ. સુધીમાં કરવા પરિપત્ર જાહેર કરાયો છે. આ સાથે આંતરિક બદલી કેમ્પમાં જિલ્લા શિક્ષણાધિકારીએ સરકારી, આરએમએસએ અને મોડેલ સ્કૂલની તા.૧-૧-૨૫ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિષયવાર યાદી તૈયાર કરી જગ્યાઓની વિગત દર્શાવતા પત્રકની એક કોપી દરેક સરકારી શાળાને કેમ્પ પહેલા મોકલી આપી દરેક કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવાની સુચના અપાઈ છે. આ ઉપરાંત કેમ્પમાં ભાગ લેનાર દરેક શિક્ષકનું હાજરીપત્રક નિભાવવાનું રહેશે. મહિલા-દિવ્યાંગ ઉમેદવાર શિક્ષકે અરજીની તારીખે ઓછામાં ઓછી એક વર્ષની સેવા પૂર્ણ કરેલ હોવી જરૂરી છે તો પતિ-પત્ની રાજ્ય સેવા કે પંચાયત અથવા જાહેર સાહસો, બોર્ડ નિગમો અનુદાનિત સંસ્થામાં કરતા હોય તેઓ માટે પણ એક વર્ષની સેવા ગણાશે. જ્યારે અન્ય શિક્ષકોના કિસ્સામાં બે વર્ષની સેવા ગણાશે. એક જિલ્લામાં આંતરિક ફેરબદલીનો લાભ વધુમાં વધુ બે વખત જ મળવાપાત્ર છે. જ્યારે ભાવનગર જિલ્લાની ૯૨ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોને આ બદલી કેમ્પનો લાભ મળશે. એક તબક્કે માધ્યમિક શાળાઓમાં ૧૮૫ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯૯ જગ્યા ખાલી હોવાનું પ્રાથમિક તારણ મળ્યું છે જેના પર આગામી દિવસોમાં જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પ યોજાશે.

### ભાવનગર મહાપાલિકામાં સમયસર કામ થતા નથી છતાં કડક પગલા લેવાતા નથી

# મનપાની સ્ટેન્ડીંગમાં ફરી ફ્લાયઓવર સહિતના કામની સમય મર્યાદા વધારાઈ

(એજન્સી) ભાવનગર તા. 16

ભાવનગર મહાપાલિકામાં મોટાભાગના કામ સમયસર થતા નથી તેથી કોઈને કોઈ કારણ રજૂ કરી વારંવાર કામની સમય મર્યાદા વધારવામાં આવતી હોય છે પરંતુ કડક પગલા લેવામાં આવતા નથી તેથી કોન્ટ્રાકટરોને જલ્સા પડી જતા હોય છે, આવુ જ આજે બુધવારે સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં જોવા મળ્યુ હતું. શહેરમાં ફ્લાયઓવર, વ્હાઈટ ટોપીંગ રોડ, અકવાડા તળાવ, પેવિંગ બ્લોક વગેરે કામ સમય મર્યાદામાં થયા નથી છતાં આજે સ્ટેન્ડીંગ કમિટિમાં કામની સમય મર્યાદા વધારી દેવામાં આવી હતી તેથી કોન્ટ્રાકટરોને રાહત થઈ હતી. સમયસર કામ નહીં કરનાર એજન્સી તથા પીએમસીને ડી ફોલ્ટ કરવાની માત્ર વાતો થાય છે પરંતુ અમલવારી ભાગ્યેજ થાય છે.

મહાપાલિકાના હોલ ખાતે બુધવારે સ્ટેન્ડીંગ કમિટિની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને બંધ બારણે મળી હતી. સ્ટેન્ડીંગ કમિટિમાં જુદા જુદા કામના ૬૦ ઠરાવને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. મહાપાલિકામાં સમય મર્યાદામાં કામ થતા નથી અને ત્યારબાદ એજન્સી દ્વારા કોઈને કોઈ કારણ રજૂ કરી સમય મર્યાદા વધારવા માટે દરખાસ્ત કરવામાં આવે છે અને સ્ટેન્ડીંગ કમિટિમાં કડક પગલા લીધા વિના જ કામની સમય મર્યાદા વધારી દેવામાં આવે છે, આજે સ્ટેન્ડીંગ કમિટિમાં આવુ જ જોવા મળ્યુ હતું. આજે આશરે ચાર કામની સમય મર્યાદા વધારવામાં આવી હતી. ફ્લાયઓવરની કામગીરી ઝડપી પૂર્ણ કરવા ભાજપ દ્વારા દાવા કરવામાં આવ્યા હતા. દરખાસ્તમા જણાવેલ વિગતે આર. એન્ડ બી., ડીઝાઈન સર્કલ તરફથી ડ્રોઈંગની મંજુરી પ્રાપ્ત થયેલ હતી તે મુજબ કોન્ક્રીટની કામગીરી થયેલ છે. સુચિત કામમાં નિયત સમયમર્યાદામાં ડ્રોઈંગની મંજુરી પ્રાપ્ત ન થવાના કારણે તથા દરખાસ્તમા જણાવેલ જુદી જુદી વિગતો અને કારણોસર સદર કામમાં વિલંબ થયેલ છે. ફ્લાયઓવરના કામમાં અત્યાર સુધીમાં જે ડ્રોઈંગની મંજુરી પ્રાપ્ત થયેલ તે મુજબ બાકી રહેતી કામગીરી માટે કામનો બાર ચાર્ટ તૈયાર કરેલ છે. આ કામે શાસ્ત્રીનગરથી સરીતા કોમ્પ્લેક્ષ સુધી સુપર સ્ટ્રક્ચરની કામગીરી પુર્ણ થયા બાદ ટ્રાફિક નિયંત્રણ માટેની વ્યવસ્થા કરી કુંભારવાડા તરફના એપ્રોચ માટે પીએ૧ ટુ પીએ૮ સુધીની સુપર સ્ટ્રક્ચરની કામગીરી હાથ ધરી શકાશે. જે તમામ વિગતે સૂચિત કામની સમયમર્યાદા ઓકટોબરને બદલે જુલાઈ માસ સુધી વધારવા મંજૂરી અપાઈ હતી.

#### રખડતા ઢોર પકડવા માટે પોલીસ અને ફાયર સ્ટાફને સાથે રાખવા સુચના

ભાવનગર શહેરમાં મહાપાલિકા દ્વારા રખડતા ઢોરની કામગીરી કરવામાં આવતી હોય છે પરંતુ કેટલીકવાર પશુ પાલકો સાથે ચકમક થતી હોય છે તેથી પોલીસ બંદોબસ્ત અને ફાયર સ્ટાફ સાથે રાખવા આજે સ્ટેન્ડીંગ કમિટિમાં સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મહાપાલિકાની કાર્યવાહી વચ્ચે પણ શહેરના કેટલાક વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે ત્યારે કડક કામગીરી કરવા માંગણી ઉઠી રહી છે.

#### 87 સ્માર્ટ આંગણવાડી અને 32 સ્માર્ટ લાઈબ્રેરી બનાવવા મંજૂરી

ભાવનગર મનપાની સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં આજે ૮૭ સ્માર્ટ આંગણવાડી અને ૩૨ સ્માર્ટ લાઈબ્રેરી બનાવવા મંજૂરી આપી છે. અન્ય આંગણવાડીની જરૂરીયાત જણાશે તો તેનો પણ રીપોર્ટ કરવા આઈસીડીએસ વિભાગને જણાવેલ છે અને વધુ લાઈબ્રેરી કરવી પડશે તો તે અંગે પણ વિચારણા કરવામાં આવશે તેમ ચેરમેને જણાવેલ છે. ઉલ્લેખનીય છે કે, સ્માર્ટ આંગણવાડી અને સ્માર્ટ લાઈબ્રેરી બનાવવાની વાતો લાંબા સમયથી થાય છે ત્યારે ઝડપી કામગીરી કરવા માંગણી થઈ રહી છે.

#### ટી.પી. સ્કીમમાં રોડ 18 કે 21 મીટરના કરાશે

ભાવનગર શહેરમાં ટી.પી.સ્કીમમાં જે રોડ ૧૨ મીટર કે ૧૫ મીટર રાખેલ હોય તો તેને ૧૮ મીટર કે ૨૧ મીટર કરવા માટે સ્ટેન્ડીંગ કમિટિમાં સૂચના આપવામાં આવેલ છે. ટી.પી.સ્કીમમાં રોડ નાના રાખવામાં આવતા લોકોને આગામી વર્ષોમાં મૂશ્કેલી થતી હોય છે તેથી ભવિષ્ય અંગે વિચારણા કરી રોડ મોટા રાખવા સૂચના આપવામાં આવી છે તેથી લોકોને રાહત થશે તેમ ચર્ચાય રહ્યુ છે.

### મહુવામાં અગાસીમાંથી પટકાતા યુવાનનું મોત

ભાવનગર : ઉતરાયણ પર્વ દરમિયાન પતંગ ની દોરીએ એક યુવાનનું ગળું ચિરી નાખ્યું હતુ જ્યારે એક યુવાનનું અગાશી માથી પડી જતાં મોત થયું હતું. જેમાં ધોલેરા પંથકના અને ભાવનગરમાં રહી હીરાની ઓફિસમાં કામ કરતા નિકુલભાઈ જસમતભાઈ પરમાર ઉતરાયણના દિવસે તેમના પિતાને વતન જવા માટે બાઈક પર નારી ચોકડી મૂકીને પરત આવી રહ્યા હતા ત્યારે બપોરના સુમારે ચિત્રા પ્રેસ કવાર્ટર પાસે હવામાં રહેલી પતંગની દોરી યુવાનના ગળાના ભાગે આવીને ઘસાતા યુવાન લોહીલુહાણ થઈ ગયો હતો અને સ્થળ પર જ પછડાઈ પડયો હતો.જ્યારે મહુવાના નવા કુંભારવાડા ખાતે રહેતા રાજુભાઈ લાલજીભાઈ રાઠોડ ઉતરાયણના દિવસે પોતાના ઘરની અગાશી પર હતા ત્યારે અગાસી પરથી અકસ્માતે નીચે પટકાયા હતા. યુવાનને ગંભીર હાલતે મહુવાની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સ્થતિ કથળતા વધુ સારવાર માટે ભાવનગર ની સર ટી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. અન્ય એક બનાવમાં શહેરના કુંભારવાડા વિસ્તારમાં ત્રણ વર્ષીય બાળકીને પતંગની દોરીથી ઈજા થયાનું જાણવા મળ્યું હતું.

### સફેદ રણ પાસે કાર હવામાં ઉછળીને ખાડામાં પડી, બાળકીનું મોત, માતા-પુત્ર ઘાયલ

ભુજ: ભુજથી ધોરડો જઇ રહેલા અમદાવાદના પરિવારની કાર વેકરીયા રણ નજીક ઓવર સ્પીડને કારણે ઉછળીને હવામાં ફંગોળાઇ ખાડામાં પડી હતી. કારમાં સવાર 8 વર્ષની માસુમ બાળકીનું મોત નીપજ્યું હતું. જ્યારે માતા પુત્રને ઈજાઓ પહોંચી હતી. દિકરીને ગુમાવનારા પિતા સામે માધાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઇ હતી. મુળ જુનાગઢ જિલ્લાના અને હાલ અમદાવાદ સરદારનગરમાં રહેતા અને પ્રિન્ટીંગ પ્રેસનું કામ કરતા મહેન્દ્રભાઇ મનસુખભાઇ કોડાવાલા (ઉ.વ.33) તેમની પત્ની ગાયત્રીબેન અને પુત્ર ધુર્મિલ, પુત્રી ઉર્વી સાથે બે દિવસ કચ્છના પ્રવાસે કારથી આવ્યા હતા. માંડવી, માતાનામઢ, કોટેશ્વર સહિતના સ્થળોએ પ્રવાસ કર્યા બાદ બુધવારે સવારે ખાવડા કાળો ડુંગર, ધોરડો થઇને રાપરથી પરત અમદાવાદ જવા ભુજથી કારમાં નીકળ્યા હતા. લોરીયા ચેકપોસ્ટથી આગળ ચાંદ ફાર્મ પહેલા વેકરીયાના રણ વિસ્તાર પાસે ઓવર સ્પીડને કારણે ખાડામાં કાર ઉછળતાં ગડથોલીયા મારી ગઇ હતી. કારમાં સવાર મહેન્દ્રભાઇની આઠ વર્ષની પુત્રી ઉર્વીનું માથા અને ગળાના ભાગે ગંભીર ઇજાથી મોત નીપજ્યું હતું. જ્યારે કારચાલક મહેન્દ્રભાઈના પત્ની ગાયત્રીબેન (ઉ.વ.33) અને પુત્ર ધૂર્મિલ (ઉ.વ.5)ને સામાન્યથી વધુ ઇજાઓ પહોંચતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. માધાપર પોલીસે અકસ્માતમાં પુત્રીને ગુમાવનાર કાર ચાલક મહેન્દ્રભાઇ કોડાવાલા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ભુજની મહિલાને ક્રાઇમ બ્રાન્ચના ઓફિસરની ઓળખ આપીને ઠગબાજો 4.45 લાખ ધૂતી લીધા

### સ્થિતિ બેકાબૂ...

### તંત્ર દ્વારા કોલર ટ્યુન મારફતે વારંવાર ચેતવવા છતાં

(એજન્સી) ભાવનગર તા. 16

ભુજના ભાવેશ્વરનગરમાં રહેતા મહિલાને અજાણ્યા શખ્સોએ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીની ખોટી ઓળખ આપીને તમારા આધાર કાર્ડ નંરબરથી એક પાર્સલ આવ્યું છે. જે મુંબઇથી તાઇવાન થયું છે. જેમાં પાંચ પાસપોર્ટ, ૧૪૦ ગ્રામ એમ.ડી. ૫ હજાર અમેરીકન ડોલર તથા કપડા હોવાનું કહી દબદાટી આપીને પ્રોપર્ટી વેરીફાઇ કરીને એન.ઓ.સી આપવાનું કહીને ડરાવી ધમકાવી મહિલા પાસેથી અલગ અલગ યુપીઆઇ મારફતે રૂપિયા ૪ લાખ ૪૫ હજાર ટ્રાન્સફર કરવી લઇને ઠગાઇ કરી હતી. પોલીસ અધિકારીના નામે કોઇ અજાણ્યા વ્યક્તિનો ફોન આવે તો, સાવધાન રહેવા માટેની તંત્ર દ્વારા વારંવાર ફોનમાં કોલર ટ્યુન મુકવામાં આવી છે. તેમજ છતાં ભુજના મહિલા આવા ધૂતારાઓનો શિકાર બની ગયા હતા. ભુજના ભાવેશ્વરનગરમાં આદીનાથ એલીટામાં રહેતા રીમાબેન વિકાસભાઇ મહેતા સાથે ગત ૩૦ ડીસેમ્બરથી ૪ જાન્યુઆરી દરમિયાન બનાવ બન્યો હતો. ફરિયાદી મહિલાને તેમના મોબાઇલ ફોન પર એક અજાણ્યા અને કુરીયર એજન્ટની ઓળખ આપનાર વ્યક્તિનો ફોન આવ્યો હતો.





અને તેમણે જણાવ્યું હતું કે, તમારા અધાર કાર્ડ નંબર પરથી એક પાર્સલ આવ્યું હોવાનું જણાવી અને તેમાં ગેરકાયદે ચીજવસ્તુઓ હોવાનું જણાવ્યું હતું. બાદમાં એક અજાણ્યા નંબરથી ફરિયાદી મહિલાને વોટ્સએપ વીડીયો કોલ આવેલ જેમાં પોતે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપીને અજાણ્યા વ્યક્તિએ મહિલાને તમારા પાર્સલમાં પાંચ પાસપોર્ટ, ૧૪૦ ગ્રામ એમ.ડી. ૫ હજાર અમેરીકન ડોલર તથા કપડા હોવાનું કહી તમારા આધાર કાર્ડનો અન્ય ક્યાંય ઉપયોગ થયો છે. કે, નહી તે તપાસ કરતાં રાજ્યના અલગ અલગ બેન્કમાં તમારો આધાર કાર્ડ લીંક હોવાનું કહીને આ એકાઉન્ટમાં ૨૧ કરોડ છે. તમારી બધી પ્રોપર્ટી વેરીફાઇ કરી પડશે ત્યાર બાદ તમને એનઓસી આપશું તેમ જણાવ્યું હતું. તમારા મોબાઇલ ફોન સ્ક્રીન અમારી સાથે શેર કરવી પડશે તેમ કહ્યું હતું.


જેથી ફરિયાદી મહિલા ગભરાઇ ગઇ હતી. ત્યાર બાદ આરોપીઓના કહેવાથી ફરિયાદી મહિલાએ પોતાના શેર માર્કેટના રૂપિયા, એફડીમાં રહેલા રૂપિયા આરોપીઓના કહેવાથી અલગ અલગ યુપીઆઇ મારફતે ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ ફરિયાદી મહિલાએ તેમના પતિને વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ક્રાઇમ બ્રાન્ચવાળાઓ આવી રીતે વેરીફીકેશન કરે નહી આપણા સાથે ફ્રોડ થયો છે. ત્યાર બાદ મહિલાએ ભુજ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવની નોંધ લઇ આગળની તપાસ કરી છે.

### શાકમાર્કેટ વિસ્તારના પથિક આશ્રમ પાસે માણેકવાડીનાં યુવાનની હત્યા કરાઈ


(એજન્સી) ભાવનગર તા. 16

શહેરના શાકમાર્કેટ વિસ્તારના પથિક આશ્રમ પાસે ત્રણ શખ્સે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતાં ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. મોડી રાત્રે ભરચક વિસ્તારમાં યુવાનની હત્યા કરતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર શહેરના માંણેકવાડી વિસ્તારમાં રહેતા મુસ્તુફા કાસીમભાઈ કાચવાલા નામના યુવાનની સર જાહેર શાકમાર્કેટ પાસે આવેલ પથિક આશ્રમ પાસે તીક્ષ્ણ હથિયારનાં ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે.મુસ્તુફા કાસીમભાઈ કાચવાલા નામનો યુવાન શાકમાર્કેટ પાસેથી પસાર થતો હતો ત્યારે ત્રણ શખ્સે સાંથળ નાં ભાગે હથિયારના ઘા ઝીંકી દીધા હતા.યુવાનને ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ભરચક વિસ્તારમાં સરાજાહેર યુવાનની હત્યા કરાઈ હોવાની જાણ થતાની સાથેજ સી ડિવિઝન પોલીસ એલસીબી અને એસઓજી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.આ બનાવ સંદર્ભે ડીવાયએસપી આર આર સિંઘલે જણાવ્યું હતું કે,મુસ્તુફા નામના યુવાનની હત્યા કરવાના આવી છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.




**વૃષભ (બ,વ,ઉ)**
ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂ સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.




**મિથુન (ક,છ,ઘ)**
શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.




**કર્ક (ડ,હ)**
તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. મિત્રો અને અપિચિતોથી એક્સરખા ચેતતા રહેજો.




**સિંહ (મ,ટ)**
બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો તમે તમારી મોહિની તથા તમારૂ બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.




**તુલા (ર,ત)**
વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**
લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.




**ધન (ભ,ધ,ફ)**
મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું.



**મકર (ખ,જ)**
કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.



**મીન (દ,ચ,ઝ,થ)**
સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો.

## અમેરિકાની કનેક્ટિકટ યુનિવર્સિટીમાંથી ઇન્ટરનેશનલ બિઝનેસમાં સ્નાતક થયા પછી નથાન એન્ડરસને ડેટા રિસર્ચ કંપનીમાં કામ કર્યું હતું

# અદાણીને હચમચાવી દેનાર હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મ બંધ, કંપનીના સંસ્થાપકે કહ્યું- ઉદ્દેશ્ય પૂરાં થયા

(એજન્સી) અમદાવાદ તા 16

અદાણી ગ્રૂપને હચમચાવી દેનારા હિન્ડનબર્ગ રિસર્ચના સ્થાપકે પોતાની કંપની બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે X પર એક ભાવુક પોસ્ટ દ્વારા આ માહિતી આપી. જેમાં તેમણે પોતાની યાત્રા, સંઘર્ષ અને સિદ્ધિઓ વિશે વિગતવાર જણાવ્યું. સ્થાપક નાથન એન્ડરસને તેમના સંદેશામાં લખ્યું છે કે ગયા વર્ષના અંતમાં મેં મારા પરિવાર, મિત્રો અને અમારી ટીમ સાથે શેર કર્યું હતું કે હું હિન્ડનબર્ગ રિસર્ચ બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યો છું. અમે જે વિચારો પર કામ કરવાનું નક્કી કર્યું હતું તે પૂર્ણ કર્યા અને અમારા ઉદ્દેશ્યો સાકાર થતાં જ અમે આજે અમારી કંપની બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યા છીએ. એન્ડરસન પોતાના શરૂઆતના સંઘર્ષોને યાદ કરતા કહે છે, 'મને શરૂઆતમાં ખબર નહોતી કે સંતોષકારક રસ્તો શોધવો શક્ય બનશે કે નહીં. તે સરળ પસંદગી નહોતી, પરંતુ હું જોખમ પ્રત્યે ભોળો હતો અને ખૂબ જ ઝડપથી કામ તરફ આકર્ષાઈ ગયો."જ્યારે મેં કામ શરૂ કર્યું ત્યારે મને શંકા હતી કે હું તે કરી શકીશ કે નહીં. કારણ કે મને પરંપરાગત અનુભવ નહોતો. આ વિસ્તારમાં મારા કોઈ સગા નથી. હું સરકારી શાળામાં ભણ્યો હતો. હું ચાલાક સેલ્સમેન નથી. મને પહેરવા માટે યોગ્ય કપડાંની પણ ખબર પડતી નથી. હું ગોલ્ફ રમી શકતો નથી. હું એવો સુપરહ્યુમન નથી જે 4 કલાકની ઊંઘ પર કામ કરી શકે. નાથને લખ્યું કે હું મારી મોટાભાગની નોકરીઓમાં સારો કર્મચારી હતો, પરંતુ મોટાભાગની નોકરીઓમાં મારી અવગણના કરવામાં આવી. જ્યારે મેં આ કામ શરૂ કર્યું ત્યારે મારી પાસે પૈસા નહોતા, અને હું ગેટમાંથી બહાર નીકળતાની સાથે જ મારા પર 3 વાર કેસ થયો અને બાકીના પૈસા પણ ખલાસ થઈ ગયા. જો મને વિશ્વ કક્ષાના વ્હિસલબ્લોઅર વકીલ બ્રાયન વુડનો ટેકો ન મળ્યો હોત, જેમણે નાણાકીય સંસાધનોના અભાવ છતાં કેસ સંભાળ્યો હતો, તો હું શરૂઆતના તબક્કામાં જ નિષ્ફળ ગયો હોત.




### અદાણી પર લગાવ્યા હતા ગંભીર આરોપ...

વર્ષ 2023માં હિંડનબર્ગે ભારતના અબજોપતિ ગૌતમ અદાણી (Gautam Adani) પર આરોપ લગાવતો રિપોર્ટ જાહેર કર્યો હતો. એમાં લખ્યું હતું કે, 'વિશ્વના ત્રીજા ક્રમના સૌથી ધનિક વ્યક્તિ એવા ગૌતમ અદાણી કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી મોટું ફ્રોડ કરી રહ્યા છે. અદાણીએ પોતાની કંપનીઓના શેરના ભાવમાં ચેડા કર્યા છે. એમના શેરની વાસ્તવિક વેલ્યૂ કરતા 85 ટકા સુધી ભાવ વધારવામાં આવ્યા છે. અદાણીના સ્વજનો વિદેશમાં શેલ કંપનીઓ ચલાવીને મની લોન્ડરિંગ કરે છે.'આ રિપોર્ટને કારણે અદાણીના શેરોમાં કડાકો બોલી ગયો હતો અને તેઓ ટોચના 30 અબજપતિઓની યાદીમાંથી પણ બહાર થઈ ગયા હતા. એ સમયે ભારતના લોકો હિંડનબર્ગના નામ અને કામથી પરિચિત થયા હતા.

#### હિંડનબર્ગ રિસર્ચ શું છે?

'હિંડનબર્ગ રિસર્ચ'એ અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મ છે, જેની સ્થાપના વર્ષ 2017 માં નથાન એન્ડરસન દ્વારા થઈ હતી. ન્યુ જર્સીના માન્ચેસ્ટર ટાઉનશિપમાં 6 મે, 1937ના રોજ હિંડનબર્ગ એરશિપ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં 36 લોકો માર્યા ગયા હતા. નથાનનું માનવું છે કે એ 'માનવસર્જીત' દુર્ઘટના ટાળી શકાય એવી હતી. વર્તમાન જગતમાં એવી માનવસર્જીત કોર્પોરેટ છેતરપિંડી અને ગેરરીતિને ઊઘાડા પામવાની નેમ હોવાથી નથાને એની ફર્મને હિંડનબર્ગનું નામ આપ્યું છે.

#### નથાન એન્ડરસનની સફર

અમેરિકાની કનેક્ટિકટ યુનિવર્સિટીમાંથી ઇન્ટરનેશનલ બિઝનેસમાં સ્નાતક થયા પછી નથાન એન્ડરસને ડેટા રિસર્ચ કંપનીમાં કામ કર્યું હતું. એ નોકરી દરમિયાન તે શેરબજારની જટિલતાઓ શીખી ગયો. એને સમજાઈ ગયું કે શેરબજારમાં ઘણી એવી બાબતો બને છે, જે સામાન્ય લોકોની સમજની બહારની છે. એમાંથી જ એને પોતાની રિસર્ચ કંપની શરૂ કરવાનો અને દુનિયાભરની કંપનીઓની છેતરપિંડીઓને ઉઘાડી પાડવાનો વિચાર આવ્યો. તેણે નોકરી છોડી દીધી અને 'હિંડનબર્ગ રિસર્ચ'ની સ્થાપના કરી.

**આ કામ કરે છે હિંડનબર્ગ |** હિંડનબર્ગ રિસર્ચ ફર્મ સ્ટોક માર્કેટ, ઇક્વિટી, ક્રેડિટ અને ડેરિવેટિવ્સ પર સંશોધન કરે છે અને કોઈ કંપની ગેરરીતિ આચરતી હોય તો એનો રિપોર્ટ દુનિયા સામે રજૂ કરવાનું કામ કરે છે. તે એ શોધવાની કોશિશ કરે છે કે, શું શેરબજારમાં નાણાની ખોટી રીતે ઉપયોગ થઈ રહ્યો છે? શું મોટી કંપનીઓ પોતાના ફાયદા માટે તેમના ખાતાઓનો ગેરવહીવટ કરી રહી છે? શું કોઈ કંપની પોતાના ફાયદા માટે શેરબજારમાં તેના શેર પર ખોટી રીતે સટ્ટો લગાવીને અન્ય કંપનીઓને નુકસાન પહોંચાડી રહી છે? આવા મુદ્દા પર સંપૂર્ણ સંશોધન કર્યા પછી હિંડનબર્ગ વિગતવાર અહેવાલ તૈયાર કરે છે અને તેને પ્રકાશિત કરે છે.

# રૂપિયો તૂટતા બજેટમાં આયાત પર વધુ ડયૂટી લદાશે


(એજન્સી) નવી દિલ્હી તા 16

ડોલર સામે રૂપિયામાં સતત ઘટાડાથી સરકારની ચિંતા વધી ગઈ છે. તેનાથી નિપટવા માટે સરકાર આગામી બજેટમાં કેટલાક મહત્વના નિર્ણયો લઈ શકે છે. અભ્યાસી વર્તુળોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનામાં રૂપિયાના મૂલ્યમાં થયેલા ભારે ઘટાડાનો સામનો કરવા માટે સરકાર આગામી બજેટમાં આયાત પર વધુ ડયૂટી લાદવાનું વિચારી શકે છે. દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યાના શરૂઆતના દિવસોમાં રૂપિયામાં થોડી વધઘટ થઈ શકે છે, પરંતુ થોડા દિવસો પછી તે સ્થિર થઈ જશે તેમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટમાં જણાવાયું છે. ટૂંકા ગાળાની આ ઘટનાને 'ટ્રમ્પ ટેન્ટ્રમ' નામ આપવામાં આવ્યું છે. જાણીતા અર્થશાસ્ત્રીએ દલીલ કરી હતી કે ઊંચી આયાત શુલ્ક આયાતકારો પાસેથી ડોલરની માંગને કાબૂમાં રાખશે અને રૂપિયાના ઘટતા મૂલ્યને રોકવામાં મદદ કરશે. ૧૩ જાન્યુઆરીએ રૂપિયો પ્રતિ ડોલર ૮૬.૭૦ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો હતો. છેલ્લા બે સપ્તાહમાં રૂપિયામાં એક રૂપિયાથી વધુનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. વિનિમય દરોની હિલચાલને પ્રભાવિત કરવા માટે બજેટમાં કોઈ ખૂબ જ શક્તિશાળી રાજકોષીય સાધનો નથી, પરંતુ તેઓ ડયુટી દરોની થોડી વધુ નજીકથી તપાસ કરી શકે છે અને તેઓ સ્થાનિક ઉદ્યોગ માટે ભારતીય અર્થતંત્રને સંભવિતપણે પ્રોત્સાહન આપી શકે છે. આના કારણે આયાત ડયૂટીની આવકમાં પણ વધારો થઈ શકે છે. આ સાથે આયાતકારો તરફથી ડૉલરની માંગ પણ ઘટી શકે છે. બજેટમાં આયાત ડયુટીમાં કેટલાક સુધારા થઈ શકે છે. આમ, આયાતની માંગમાં ઘટાડો થઈ શકે છે અને સ્થાનિક ઉત્પાદન દ્વારા આયાત માટે થોડો વિકલ્પ હોઈ શકે છે. ડોલરની માંગ અને વધારાની આયાત ડયુટી આવકના સંદર્ભમાં થોડી બચત થઈ શકે છે. ઉપરાંત, આ તમામ પગલાં સાથે, ફી વધારા અને તર્કસંગતકરણની દિશામાં થોડી પ્રગતિ કરી શકાય છે. સ્ટેટ બેંકના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે યુએસમાં ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખના કાર્યકાળ કરતાં રિપબ્લિકન પાર્ટીના પ્રમુખના કાર્યકાળ દરમિયાન રૂપિયો વધુ સારો દેખાવ કરે છે. અમેરિકી ડોલર સામે રૂપિયો ૮૬ની સપાટીને પાર કરી ગયો હતો. જો આપણે નિક્સન યુગથી લઈને અત્યાર સુધીના અમેરિકન પ્રમુખોના કાર્યકાળનું ઐતિહાસિક વિશ્લેષણ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ડેમોક્રેટિક વહીવટીતંત્રની સરખામણીમાં રિપબ્લિકન વહીવટ દરમિયાન રૂપિયાની કામગીરી સ્થિર રહે છે. અહેવાલ મુજબ, વર્તમાન અસ્થિરતા 'ટેપર ટેન્ટ્રમ'ને પ્રતિબિંબિત કરતી નથી અને આ માન્યતાને મજબૂત કરે છે કે રૂપિયા માટે 'ટ્રમ્પ ટેન્ટ્રમ' પણ પ્રારંભિક અવરોધ પછી ચલણને સમાયોજિત કરવા સાથે એક અસ્થાયી ઘટના હશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અનુભાવિક પુરાવાઓ અનુસાર, રૂપિયા માટે ટ્રમ્પ ટેન્ટ્રમ ડેવલપમેન્ટ ખૂબ જ ક્ષણિક હશે અને ટ્રમ્પના પ્રમુખપદના શરૂઆતના દિવસો પછી રૂપિયામાં કરેક્શન જોવા મળશે. રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, કોરોના પછી વધુ અસ્થિર હોવા છતાં, રૂપિયાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો ટેકો છે અને તે વર્તમાન પડકારોને પાર કરશે. ઊભરતાં બજારોની કરન્સીને અસર કરતી બાહ્ય ઘટનાઓની અસર પણ સમાપ્ત થશે.

## ઇએમએ પાર્ટનર્સ ઇન્ડિયા લિમિટેડનું પ્રારંભિક જાહેર ભરણું શુક્રવાર, 17 જાન્યુઆરી, 2025નાં રોજ ખૂલશે

મુંબઈ: ઈએમએ પાર્ટનર્સ ઈન્ડિયા લિમિટેડ એનએસઈના ઈમર્જ પ્લેટફોર્મ ઉપર તેના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા રૂ. 76 કરોડ એકત્ર કરવા માટે સજ્જ છે. આઈપીઓ સબસ્ક્રિપ્શન માટે 17 જાન્યુઆરી, 2025ના રોજ ખૂલશે અને 21 જાન્યુઆરી, 2025ના રોજ બંધ થશે, જેની પ્રાઈસ બેન્ડ રૂ. 117-124 વચ્ચે છે. આ ભંડોળનો ઉપયોગ લીડરશીપ ટીમના વિસ્તરણ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા, દેવાની ચૂકવણી અને હસ્તાંતરણ માટે કરાશે. આઈપીઓ 53,34,000 ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ છે, જે રૂ. 66.14 કરોડનો છે તથા પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ શ્રી ક્રિષ્ણન સુદર્શન અને શ્રી સુબ્રમણિયમ ક્રિષ્નાપ્રકાશ અને વ્યક્તિગત સેલિંગ શેરહોલ્ડર શ્રી શેખર ગણપતિ દ્વારા 7,96,000 ઈક્વિટી શેરનો ઓફર ફોર સેલ (ઓએફએસ) શામેલ છે. ઈએમએ પાર્ટનર્સ ઈન્ડિયા લિમિટેડ અગ્રણી એક્ઝિક્યુટિવ સર્ચ કંપની પૈકીની એક છે, જે વિવિધ ક્ષેત્રોના ક્લાયન્ટ્સને કસ્ટમાઈઝ્ડ લીડરશીપ હાયરિંગ સોલ્યુશન્સ ડિલિવર કરે છે. કંપનીએ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ક્લાયન્ટ્સ માટે વિવિધ બિઝનેસ અને કાર્યકારી લીડર્સની નિમણૂંક કરી છે. નાણાકીય વર્ષ 2024 માટે કંપનીની કામગીરીમાંથી આવક અને કર પછીનો નફો અનુક્રમે રૂ. 67.29 કરોડ અને રૂ. 14.27 કરોડ હતો. ઈએમએ પાર્ટનર્સ મુખ્યત્વે ભારત, મિડલ ઈસ્ટ અને સિંગાપોરમાં C-Suite અને બોર્ડ લેવલના હોદ્દા માટે હાયરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુંબઈમાં હેડ ક્વાર્ટર ધરાવે છે તથા ચેન્નાઈ, ગુડગાંવ અને બેંગલુરુમાં પણ ઓફિસ ધરાવે છે. ગ્લોબલ ટેલેન્ટ અને ક્લાયન્ટ પૂલનો ઉપયોગ કરવાના હેતુથી, કંપનીએ સપ્ટેમ્બર 2010 માં સિંગાપોરમાં પેટાકંપની ઈએમએ પાર્ટનર્સ સિંગાપોર પીટીઈ લિમિટેડની સ્થાપના કરીને સાઉથ ઈસ્ટ એશિયામાં તેની કામગીરીનો વિસ્તાર કર્યો.

## સેન્સેક્સ 319 અને નિફ્ટી 99 પોઈન્ટના વધારા સાથે બંધ થયો



મુંબઈ | સપ્તાહના ચોથા દિવસે, BSE સેન્સેક્સ ૪૦૯.૬૧ પોઈન્ટના વધારા સાથે ૭૭,૧૩૩.૬૯ પોઈન્ટ પર બંધ થયો. બીજી તરફ, NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ આજે 98.60 પોઈન્ટના વધારા સાથે 23,311.80 પોઈન્ટ પર બંધ થયો હતો. તમને જણાવી દઈએ કે બુધવારે ભારતીય બજારો થોડા વધારા સાથે બંધ થયા હતા. શેરબજાર બંધ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫: આજે શેરબજાર ફરી એકવાર સારી રિકવરી સાથે બંધ થયું. ગુરુવારે સતત ત્રીજો દિવસ હતો જ્યારે શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું. સપ્તાહના ચોથા દિવસે, BSE સેન્સેક્સ 318.74 પોઈન્ટના વધારા સાથે 77,042.82 પોઈન્ટ પર બંધ થયો. બીજી તરફ, NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ આજે 98.60 પોઈન્ટના વધારા સાથે 23,311.80 પોઈન્ટ પર બંધ થયો હતો. તમને જણાવી દઈએ કે બુધવારે ભારતીય બજારો થોડા વધારા સાથે બંધ થયા હતા. ગઈકાલે, સેન્સેક્સ 224.45 પોઈન્ટના વધારા સાથે 76,724.08 પર બંધ થયો હતો અને નિફ્ટી 37.15 પોઈન્ટના વધારા સાથે 23,213.20 પર બંધ થયો હતો. આજે, સેન્સેક્સની 30 કંપનીઓમાંથી 20 કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા, જ્યારે 10 કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૩ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં અને ૧૭ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ કંપનીઓમાં, અદાણી પોર્ટ્સના શેર આજે સૌથી વધુ 2.03 ટકાના વધારા સાથે બંધ થયા. જ્યારે, HCL ટેકના શેર મહત્તમ 1.87 ટકાના ઘટાડા સાથે બંધ થયા.

## પેપરવર્લ્ડ ઈન્ડિયા અને કોર્પોરેટ ગિફ્ટ્સ શો 2025

# સ્ટેશનરી અને ગિફ્ટિંગમાં ભારતની સર્જનાત્મક યાત્રાને સશક્ત બનાવી રહ્યું છે

(એજન્સી) મુંબઈ તા 16

પેપરવર્લ્ડઈન્ડિયાની એડિશન કોર્પોરેટ ગિફ્ટ શો સાથે યોજાવાની હોઈ ભારતના મુંબઈમાં બોમ્બે એક્ઝિબિશનસેન્ટરમાં 23-25 જાન્યુઆરી 2025 સુધી યોજાશે. આ બે પ્રદર્શન ઓફિસ, આર્ટ અને ક્રાફ્ટપુરવઠો સાથે આકર્ષક કોર્પોરેટ, સીઝનલ અને ફેસ્ટિવલ ગિફ્ટિંગ તેમ જ કસ્ટમાઈઝ્ડ ગિફ્ટિંગસોલ્યુશન્સ માટે ટોચની ગુણવત્તા અને નવા પ્રવાહની સ્ટેશનરી માટે બહુ પ્રતિક્ષિત મંચોછે. આ પ્રદર્શનમાં 340+ પ્રદર્શનકારીઓના આકર્ષક ઈનોવેશન, પ્રોડક્ટ તેમજ ટેક્નોલોજિકલસમાધાન નો લાભ લઈ શકશે. 17,000 થી વધારે ચો.મી.માં ઈવેન્ટ દરમિયાન અનેક પ્રોડક્ટ લોન્ચ પણ જોવામળશે.

આ વર્ષે પેપરવર્લ્ડ ઈન્ડિયાએ સક્ષમ પેપર બ્રાન્ડ્સસહિત શૈક્ષણિક રમકડાં, પેપર અને પેપર પ્રોડક્ટ્સ જેવા સેગમેન્ટમાં સહભાગ વધયો છે. આજ રીતે કોર્પોરેટ ગિફ્ટસ શો ફાર્મા પેકેજિંગ અને ગિફ્ટિંગ, કસ્ટમાઈઝ્ડ ગિફ્ટિંગ



બ્રાન્ડ્સઅને બેગ્સ તથા એપરલ્સ જેવા સેગમેન્ટ્સમાં વૃદ્ધિ અનુભવી રહ્યો છે. સ્ટેશનરી, પેપર અનેપેપર પ્રોડક્ટ્સ અને કોર્પોરેટ ગિફ્ટિંગ સેગમેન્ટ ભારતમાં જૂજ સૌથી ગતિશીલ ઉદ્યોગમાંથીએક છે. સતત નવી અને આકર્ષક પ્રોડક્ટો વિકસાવવાની તેની ક્રિયાત્મક સંભાવના અને કસ્ટમાઈઝેશનનોલાભ માગણી પ્રેરિત કરે છે. વૈશ્વિક સ્ટેશનરી અને પુરવઠા બજાર 2024માં આશરે145.21 અબજ યુએસ ડોલર હતી અને 4.23 ટકાની સીએજીઆર વૃદ્ધિ સાથે 2029 સુધી તે 178.63અબજ ડોલરે પહોંચવાની ધારણા છે, એમ મોરડોર ઈન્ટેલિજન્સ જણાવે છે. ઈ-કોમર્સમાં વૃદ્ધિએભારતમાં પર્સનલાઈઝ્ડ ગિફ્ટિંગ ની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. બોનાફાઈડ રિસર્ચ અનુસારભારતની પર્સનલાઈઝ્ડ ગિફ્ટ બજાર 2029 સુધી 540 અબજ યુએસ ડોલર ઉમેરવશે, જે કસ્ટમ ગિફ્ટિંગમાટે મજબૂત સંસ્કૃતિ દર્શાવે છે. ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનો અને કાર્યક્ષમતા પર નવેસરથીધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# એમેઝોન ગ્રેટ રિપબ્લિક ડે સેલ: એમેઝોન બિઝનેસ પર 2 લાખ+ અનન્ય ઉત્પાદનો પર મેળવો 70% સુધીનું ડિસ્કાઉન્ટ

(એજન્સી) બેંગલુરુ તા 16

જીએસટી ઈન્વૉઈસ સાથે ગ્રાહકો 28% વધારાની બચત કરી શકે છે અને એસબીઆઈ ક્રેડિટ કાર્ડ અને ઈએમઆઈ પર ખરીદી કરવા પર વધારાનું 10% ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. આ નવું વર્ષ એમેઝોન બિઝનેસ લઈને આવ્યું છે ગ્રાહકો માટે વધુ બચત! એમેઝોન ગ્રેટ રિપબ્લિક ડે સેલ દરમિયાન, બિઝનેસ અને કોર્પોરેટ ગ્રાહકો લેપટોપ, હેડફોન્સ, રૂમ હીટર અને કિચન એપ્લાયન્સીસ સહિત વિવિધ ઉત્પાદનો પર અવિશ્વસનીય ડીલ્સનો લાભ લઈ શકે છે. B2B ગ્રાહકો એપલ, એસર, એસસ, ડેલ, એચપી, લીનોવા, એમેઝોન બેઝિક્સ, બોટ, બોલ્ટ, ફાયર-બોલ્ટ, જેબીએલ, નોઈઝ, સેમસંગ, સોની, શાઓમી, ઝેબરોનીક્સ અને વધુ જેવી બ્રાન્ડ્સ પર શ્રેષ્ઠ ડિલ્સ પ્રાપ્ત કરી શકે છે. વ્યવસાયના માલિકો વિક્રેતાઓ પાસેથી આકર્ષક ડીલ્સ સાથે એમેઝોન બિઝનેસ પર લોકપ્રિય ઉત્પાદનો મેળવી શકે છે અને જીએસટી ઈન્વૉઈસ સાથે 28% સુધીની બચત પણ કરી શકે છે:

એપલ મેકબુક એર લેપટોપ - કામ અને મનોરંજન બંને માટે સંપૂર્ણ રીતે અનુકૂળ, આ




લેપટોપની કામગીરી અદભુત છે. 8GB યુનિફાઈડ મેમરી અને વાઈબ્રન્ટ 13.3' રેટિના ડિસ્પ્લે સાથે, તે દરેક કાર્ય માટે સીમલેસ કાર્યક્ષમતા પ્રદાન કરે છે. એમેઝોન બિઝનેસ પર આને જીએસટી વિના ખરીદો રૂ. 59,313 માં.HP 15, 12th જેન એફએચડી લેપટોપ - GST વ્યવસાયિક કાર્યો માટે આદર્શ, આ લેપટોપ 12th જેન ઈન્ટેલ કોર i5, 16GB રેમ, 512GB એસએસડી, વાઈબ્રન્ટ 15.6-ઈંચ ડિસ્પ્લે અને કામ અને મનોરંજન માટે લાંબા સમય સુધી ચાલતી બેટરી ધરાવે છે. એમેઝોન બિઝનેસ પર આને જીએસટી વિના ખરીદો રૂ. 41,517 માં. ડ ેલ સ્માર્ટચોઈસ ગેમિંગ લેપટોપ - 13th જેન ઈન્ટેલ કોર i5, RTX 3050, 16GB રેમ અને 15.6-ઈંચ ડિસ્પ્લે દ્વારા સંચાલિત, આ લેપટોપ સર્જનાત્મક વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો માટે યોગ્ય છે. એમેઝોન બિઝનેસ પર આને જીએસટી વિના ખરીદો રૂ. 59,313 માં. જેબીએલ પાર્ટિબોક્સ 110, વાયરલેસ બ્લૂટૂથ પાર્ટી સ્પીકર - આ સ્પીકર 160W પ્રો-સાઉન્ડ, 12 કલાકનું પ્લે ટાઈમ, બિલ્ટ-ઈન પાવર બેંક અને ગિટાર અને માઈક ઈનપુટ ધરાવે છે. એમેઝોન બિઝનેસ પર આને જીએસટી વિના ખરીદો રૂ. 19,490 માં.

**અનિશ્ચિતતામાં અવસર**

## મોતીલાલ ઓસવાલ પ્રાઈવેટ વેલ્થ એચ1સીવાય25 માટે હાઈબ્રિડ ઈન્વેસ્ટમેન્ટ અભિગમની ભલામણ કરે છે

(એજન્સી) નવી દિલ્હી તા 16

મોતીલાલ ઓસવાલ પ્રાઈવેટ વેલ્થ મુજબ,ટ્રમ્પના નવા વહીવટીતંત્રની નીતિઓ, ટ્રેડ ટેરિફનો સામનો કરવા માટેના ચીનના પગલાંઅને EM કરન્સી માટે તેની સંભવિત અસરો અને આગામી ભારતીયયુનિયન બજેટ સહિત અનેક વૈશ્વિક અને સ્થાનિક ઘટનાઓને કારણે 2025ના પ્રથમ છ મહિનામાંભારતીય બજારો અસ્થિર રહેવાની ધારણા છે. આ ઘટનાઓ નજીકના ગાળામાં અનિશ્ચિતતા ઊભી કરેતેવી ધારણા છે. જો કે, વર્ષના ઉત્તરાર્ધમાં જેમ જેમ આ ઘટનાઓ પ્રગટ થશે અને વધુસ્પષ્ટતા થશે તેમ, બજારની અસ્થિરતા ઓછી થવાની ધારણા છે. જીડીપીમાં તાજેતરની મંદીહોવા છતાં, એમઓપીડબલ્યુ તેની મેક્રો ઈકોનોમિક સ્થિરતાને કારણે ભારતના વિકાસ અંગે આશાવાદીરહે છે, જે નોંધપાત્ર વિદેશી હૂંડિયામણ રિઝર્વ અને નિયમનિત ટ્વીન ડેફિસિટ દ્વારાસમર્થિત છે. તે અપેક્ષા રાખે છે કે ક્યુ2 એફવાય25માં નોંધાયેલ સાધારણ વૃદ્ધિની સરખામણીમાં જીડીપી વૃદ્ધિ સુધરશે. એમઓપીડબલ્યુના એમડીઅને સીઈઓ આશિષ શંકર કહે છે , 'કોવિડ પછીનો સમયગાળો ઈક્વિટી રોકાણકારો માટે અત્યંત લાભદાયી રહ્યો છે જેકમાણીમાં વૃદ્ધિ, મેક્રોમાં સુધારો અને ઈક્વિટીમાં સ્થાનિક નાણાપ્રવાહ દ્વારાસંચાલિત છે. 2024નું વર્ષ વ્યાપક બજારોના ખૂબ જ સારા પ્રદર્શન કરતાં અલગ રહ્યુંનથી. તેમાં મિડ કેપ અને સ્મોલકેપ સેગમેન્ટે લાર્જ કેપ્સ કરતાં વધુ સારો દેખાવ કર્યો છે.

# સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ લિમિટેડનો આઈપીઓ આજથી ખુલશે

(એજન્સી) મુંબઈ – તા 16

સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ રેફ્રિજરેન્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ગેસના વેચાણમાં નિપુણતા ધરાવે છે, તેણે આજથી તેની ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ઈશ્યુની સાઈઝ પ્રત્યેક 10ના અંકિત મૂલ્ય પર 85 - 90ના પ્રાઈઝ બેન્ડ સાથે 2,21,61,396 ઈક્વિટી શેર છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ કંપની દ્વારા વધારાની કાર્યકારી મૂડી જરૂરિયાતો, મહારાષ્ટ્રના ખાલાપુરમાં તેની સેમિકન્ડક્ટર અને સ્પેશિયાલિટી ગેસ ડિબલ્કિંગ અને બ્લેન્ડિંગ સુવિધા માટે મૂડી ખર્ચ જરૂરિયાતો, આંધ્રપ્રદેશના મમ્બટ્ટુમાં તેની રેફ્રિજન્ટ ડિબલ્કિંગ અને બ્લેન્ડિંગ સુવિધા માટે મૂડી ખર્ચ જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ 15 જાન્યુઆરી, 2025ના રોજ ખુલી છે અને 20 જાન્યુઆરી, 2025ના રોજ ઈશ્યુ બંધ થશે. આ ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર સારથી કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે, જ્યારે ઈશ્યુના રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ છે. સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી શઝાદ શેરિયાર રૂસ્તમજીએ જણાવ્યું, 'અમે જ્યારે અમારા આઈપીઓની તૈયારી કરી રહ્યા છીએ, ત્યારે અમને અમારી સફર અને સિદ્ધિઓ વિશે વિચારતા ખૂબ જ ગર્વ થઈ રહ્યો છે. ચાર પ્લાન્ટથી કાર્યરત, અમારી કંપની અનેક ઉદ્યોગોને ગેસ સર્વિસ પૂરી પાડે છે તેમજ નિરંતર સેવા અને વિશ્વસનીયતા થકી ગ્રાહકોમાં મજબૂત પ્રતિષ્ઠા બનાવી ચૂકી છે. આઈપીઓનું ભંડોળ અમારા મહારાષ્ટ્રના ખાલાપુર અને આંધ્રપ્રદેશના મમ્બટ્ટુ પ્લાન્ટ્સમાં સેમિકન્ડક્ટર અને સ્પેશિયાલિટી ગેસ ડિબલ્કિંગ અને બ્લેન્ડિંગ, તેમજ રેફ્રિજન્ટ ડિબલ્કિંગ અને બ્લેન્ડિંગ સુવિધાઓ અને વધતી જતી કાર્યકારી મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મૂડી ખર્ચને ટેકો આપશે. આ રોકાણો અમને વૃદ્ધિ અને વિસ્તરણના નવા તબક્કાને આગળ ધપાવવા માટેની સ્થિતિ આપશે.' સારથી કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દીપક શર્માએ જણાવ્યું.

**ઈક્વિટી શેરની ફાળવણી**

એન્કર પોર્શન - 66,48,418 ઈક્વિટી શેર સુધી, ક્યૂઆઈબી પોર્શન - 44,32,279 ઈક્વિટી શેરથી વધુ નહીં (નેટ ઓફ એન્કર પોર્શન), નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ - 3,324,210 ઈક્વિટી શેરથી ઓછા નહીં,રિટેસ ઈન્ડિવિઝ્યુઅલ ઈન્વેસ્ટર્સ - 7,756,489 ઈક્વિટી શેરથી ઓછા નહીં

**છેલ્લા દિવસે 114 ગણો સબ્સ્ક્રાઈબ થયો**

# લક્ષ્મી ડેન્ટલ આઈપીઓ 114 ગણો ભરાયો

(એજન્સી) નવી દિલ્હી તા 16

લક્ષ્મી ડેન્ટલ લિમિટેડનો પ્રારંભિક જાહેર પ્રસ્તાવ (આઈપીઓ) બુધવારે બોલી પ્રક્રિયાના છેલ્લા દિવસે 114 ગણો સબ્સ્ક્રાઈબ થયો હતો. એનએસઈના ડેટા અનુસાર, આ પ્રારંભિક શેર વેચાણ માટે 89,70,371 શેર સામે 1,02,23,24,391 શેર માટે બોલીઓ મળી મળી હતી. બિન-સ્થાકીય રોકાણકારો (NII) માટેનો હિસ્સો 147.51 ગણો સબ્સ્ક્રાઈબ થયો હતો, જ્યારે લાયકાત ધરાવતા સંસ્થાગત રોકાણકારો (QIBs) માટેની શ્રેણી 110.38 ગણી સબ્સ્ક્રિપ્ટ થઈ. રિટેલ વ્યક્તિગત રોકાણકારો (RIIs) માટેનો કોટા 74.41 ગણો સબ્સ્ક્રાઈબ થયો હતો. લક્ષ્મી ડેન્ટલ લિમિટેડના પ્રારંભિક જાહેર પ્રસ્તાવને સોમવારે બોલી માટે ખુલ્યા પછી મિનિટોમાં જ સંપૂર્ણ સબ્સ્ક્રિપ્શન મળ્યું હતું. ઓર્બિમેડ દ્વારા ટેકો મેળવનાર લક્ષ્મી ડેન્ટલે એન્કર રોકાણકારો પાસેથી 314 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. આ ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ 407-428 રૂપિયા પ્રતિ શેર છે.આરએચપી અનુસાર, આ આઈપીઓ તાજેતરના નવા ઈક્વિટી શેરના ઈશ્યૂથી 138 કરોડ રૂપિયા એકત્ર કરવા અને પ્રમોટર્સ રાજેશ વ્રજલાલ ખાખર અને સમીર કમલેશ મર્ચન્ટ તેમજ અન્ય શેરધારકો દ્વારા 1.31 કરોડ ઈક્વિટી શેરનું વેચાણ (OFS) રૂ. 560 કરોડના મૂલ્યે ઓફર કરે છે, જે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, પોષ વદ-04



# ભારત-ચીન સરહદ પર હજુ પણ શંકાઓ યથાવત, આર્મી ચીફે સત્ય જાહેર કર્યું

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી વાસ્તવિક નિયંત્રણ રેખા પર તણાવ ચાલી રહ્યો છે, પરંતુ લગભગ પાંચ વર્ષ પહેલાં ગલવાન ખીણમાં બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ ત્યારથી આ તણાવ વધુ તીવ્ર બન્યો છે. જોકે, ગયા વર્ષે ઓક્ટોબરમાં, બંને દેશો વચ્ચે એક કરાર થયો હતો કે તેઓ પૂર્વી લદ્દાખમાંથી પોતાના સૈનિકો પાછા ખેંચી લેશે અને એકબીજાના પ્રદેશ પર અતિક્રમણ કરવાનો પ્રયાસ કરશે નહીં. ત્યારબાદ રશિયાના કાઝાન શહેરમાં યોજાયેલી બ્રિક્સ સમિટમાં બંને દેશોના વડાઓએ ફરીથી હાથ મિલાવ્યા અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર અલગથી ચર્ચા કરી. આનાથી દુનિયાને સંદેશ મળ્યો કે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં રહેલી કડવાશ હવે દૂર થઈ ગઈ છે અને વાસ્તવિક નિયંત્રણ રેખા પર ફરીથી સંઘર્ષની પરિસ્થિતિઓ ઊભી નહીં થાય. પરંતુ ભારતીય સેના પ્રમુખે આર્મી ડેના બે દિવસ પહેલા અને પછી આર્મી ડે નિમિત્તે વાસ્તવિક નિયંત્રણ રેખાની વાસ્તવિકતા જે રીતે વર્ણવી, તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભારત હજુ પણ ચીન પ્રત્યે સાવધ છે. આર્મી ચીફે કહ્યું કે ત્યાંની પરિસ્થિતિ હજુ પણ સંવેદનશીલ છે અને કેટલાક મુદ્દાઓ પર ગતિરોધ યથાવત છે, જેના પર સાથે બેસીને વ્યાપક સમજણ વિકસાવવાની જરૂર છે. સંઘર્ષ ટાળવા માટે તે વિસ્તારમાં સૈનિકોના પેટ્રોલિંગ પર હજુ પણ કામચલાઉ પ્રતિબંધ છે. હકીકતમાં, ચીન દ્વારા લેવાયેલું કોઈપણ પગલું શંકાની બહાર નથી. જે રીતે તેમણે લદ્દાખમાંથી સૈનિકો પાછા ખેંચવા માટે સંમતિ આપી અને પછી તે વિસ્તારમાં બાંધકામ કાર્ય શરૂ કર્યું તે દર્શાવે છે કે તેઓ તેમની વ્યૂહરચનાથી પાછળ હટવા તૈયાર નથી. સંઘર્ષ ટાળવા માટે તે વિસ્તારમાં લશ્કરી પેટ્રોલિંગ પર હજુ પણ કામચલાઉ પ્રતિબંધ છે. હવે એવા મજબૂત પુરાવા છે કે 2020 માં લશ્કરી અથડામણ પછી, ચીને મોટા પાયે ભારતીય પ્રદેશ પર અતિક્રમણ કર્યું અને કેટલીક જગ્યાએ ગામડાઓ અને વહીવટી એકમો સ્થાપિત કર્યા. તેણે ત્યાં મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો સંગ્રહિત કર્યો છે. આવી સ્થિતિમાં, ભારતીય સેના માટે વાસ્તવિક નિયંત્રણ રેખા પરથી તેના વધારાના સૈનિકો પાછા ખેંચવાનો નિર્ણય લેવો મુશ્કેલ બની જાય છે. ચીન એવી યુક્તિઓનો ઉપયોગ કરતું રહે છે કે તે જે મુદ્દાઓ પર સમાધાન કરે છે તેની સામે જ કાર્યવાહી કરે છે. આવી સ્થિતિમાં, ભારતીય સેના વાસ્તવિક નિયંત્રણ રેખા પર કોઈપણ પ્રકારની ઢીલ રાખવા માંગતી નથી. આર્મી ચીફે કહ્યું કે આવી સ્થિતિમાં આપણે વિશ્વાસ પુનઃસ્થાપનને ફરીથી વ્યાખ્યાયિત કરવાની જરૂર છે. એ સારું છે કે આર્મી ચીફે જાહેરમાં વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો છે અને પોતાની રણનીતિ ખૂબ જ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી છે. વાસ્તવિક નિયંત્રણ રેખાની વાસ્તવિકતા ઘણીવાર છુપાવવામાં આવી છે, પરંતુ આર્મી ચીફે એવું કર્યું નહીં. પરંતુ જે વિસ્તારોમાં પરિસ્થિતિ સંવેદનશીલ હોવાનું કહેવાય છે અને ચીની અતિક્રમણને ઉજાગર કરવામાં આવી રહ્યું છે, ત્યાં બંને પક્ષોના સૈન્ય અધિકારીઓ વચ્ચેની બેઠકો અને વાટાઘાટો દ્વારા કોઈ કાયમી ઉકેલ આવે તેવી શક્યતા ઓછી છે. આ માટે રાજકીય સ્તરે પ્રયાસો કરવા પડશે, જે અત્યાર સુધી અવરોધિત જણાય છે. બ્રિક્સ સમિટ પછી, બંને દેશો વચ્ચેના રાજકીય સંબંધોમાં તે ઉષ્મા પાછી આવી નથી, જેના આધારે કહી શકાય કે વાસ્તવિક નિયંત્રણ રેખા પર કાયમી ઉકેલ મળી જશે. આ માટે રાજદ્વારી પ્રયાસો વધુ તીવ્ર બનાવવા પડશે. ભારતીય સેના આ અંગે સતર્ક છે તે સારું છે, પરંતુ ગંભીર રાજકીય પ્રયાસો તેને વધુ શક્તિ આપશે.

## સંવિધાનનો અમૃત મહોત્સવ- બંધારણના 75 માં વર્ષની ઉજવણી અંતર્ગત

# અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ દ્વારા સામાજિક ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન માટે એવોર્ડ 2024-25 કાર્યક્રમ યોજાયો



### ડો.બાબા આંબેડકરના નામ અને એમના પરિવાર સાથે જોડાયેલા એવોર્ડ સાથે આજે સૌ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સંવિધાનનો અમૃત મહોત્સવ- બંધારણના 75 માં વર્ષની ઉજવણી અંતર્ગત ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ દ્વારા સામાજિક ક્ષેત્રે અપાતા ડો.બાબા સાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ, સંત કબીર સાહિત્ય એવોર્ડ, સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા સાહિત્ય એવોર્ડ, મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ અને દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ અર્પણ વિધિ સમારોહ સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રી ભાનુબેન બાબરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર,સેક્ટર-12 ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે તા.૧૬ જાન્યુઆરીના રોજ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત પ્રાસંગિક ઉદબોધન કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સંવિધાનના 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે આજે આ કાર્યક્રમ ઉજવાઈ રહ્યો છે. ડો. બાબા આંબેડકરના નામ અને એમના પરિવાર સાથે જોડાયેલા એવોર્ડ સાથે આજે સૌ સમારોહમાં ઉપસ્થિત થયા છે ત્યારે, એવોર્ડની પસંદગી વિશે જણાવતા તેમણે ઉમેર્યુ હતું કે, ઘણા બધા બાયોડેટા માંથી પસંદગી માટેની એક સમિતિ પણ હોય છે. જ્યારે આ પસંદગી થતી હોય છે, ત્યારે એ વ્યક્તિના કાર્ય ઉપર કે સમાજ જીવન ઉપર એ વ્યક્તિએ પોતાનું શું યોગદાન આપ્યું છે! અને એજ યોગદાનના ભાગરૂપે એવોર્ડ આપવાની પસંદગી થતી હોય છે.

આ પસંદગી માટે દરેક પ્રકારની ચકાસણી કરી સંપૂર્ણ ચોકસાઈપૂર્વક નિર્ણય થાય એના માટેની પણ ખાસ તકેદારી રાખવામાં આવે છે. એટલુજ નહીં સંપૂર્ણ પાર્દશક નિર્ણય થાય તે માટે પોલીસ વેરીફીકેશન દ્વારા પણ બાંહેધરી લેવામાં આવે છે. જ્યારે આ પસંદગી કરવા બેઠા ત્યારે ઘણા બાયોડેટા જોઈ આપણને બધાને ગર્વ થાય કે, સમાજમાં આટલું સરસ કામ કરતા લોકોનું એક ભાથુ કહી શકાય એટલા બધા લોકો આપણી પાસે છે.

### કચ્છના શીલાબેન અજીતભાઈ ભાટીને રૂપિયા એક લાખ અને પ્રશસ્તી પત્ર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ વર્ષ 2024- 25ના એવોર્ડ વિજેતાઓમાં અમદાવાદના ડો.અમિત પ્રિયદર્શી જ્યોતિકરને ડો. બાબા આંબેડકર એવોર્ડ અંતર્ગત રૂપિયા બે લાખ અને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે અખિલ ભારતીય શ્રમિક સંઘ સુરતના નરેશભાઈ સોલંકી ને મહાત્મા ગાંધી એવોર્ડ અંતર્ગત રૂપિયા બે લાખ અને પ્રશસ્તિ પત્ર, કચ્છના કાનજી જખુભાઈ મહેશ્વરી ને સંત કબીર સાહિત્ય એવોર્ડ અંતર્ગત રૂપિયા એક લાખ અને પ્રશસ્તિ પત્ર, સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા સાહિત્ય એવોર્ડ કચ્છના શીલાબેન અજીતભાઈ ભાટીને રૂપિયા એક લાખ અને પ્રશસ્તી પત્ર, મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ ગીરસોમનાથના રાજેશભાઈ સામતભાઈ ભજગોતરને રૂપિયા 50,000 અને પ્રશસ્તિ પત્ર તથા દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ પાટણના શ્રી લલ્લુભાઈ ચીમનભાઈ જાદવને રૂપિયા 50,000 અને પ્રસિપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના સંયુક્ત નિયામક આર. બી ખેર દ્વારા સ્વાગત ઉદબોદન કરવામાં આવ્યું હતું. તથા આ કાર્યક્રમની આભાર વિધિ અનુસૂચિત જાતિ નાયબ નિયામક ડો. ઘનશ્યામ વાઘેલા દ્વારા કરવામાં આવી હતી.

**NEWS BRIEF**

### ઉત્તરાયણ પૂર્ણ થતાં રાજપીપળામાં વીજ કર્મચારીઓ દ્વારા વાયરો પર લટકતી પતંગ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી

ભરત શાહ | નર્મદા



ઉત્તરાયણ પર્વ પૂરું થતા જ રાજપીપળા વીજ કંપની દ્વારા શહેર માં વીજ વાયરો કે ડીપી પર લટકતી પતંગ કે દોરા હટાવવા માટે બે ટીમો કામે લાગી છે. રાજપીપળા વીજ કંપની ના ઈજનેર એસ આર પટેલ ના જણાવ્યા મુજબ આજે રાજપીપળા શહેર ના દરેક વિસ્તારો માં અમારી લગભગ ૨૦ લાઈનમેનો ની બે ટીમ વીજ વાયરો કે ડિપી પર લટકતી પતંગ કે દોરા ઉતારવાની કામગીરી કરી રહી છે કેમ કે વાયરો કે ડીપી પર લટકતી પતંગ કે દોરા ના કારણે હવા માં શોર્ટસર્કિટ થવાની સંભાવના હોવાથી અને વીજ કંપની ના ગ્રાહકો ને આવી કોઈ તકલીફ ના પડે તે માટે અમે આજે બે ટીમ તૈનાત કરી છે જે આખા શહેર ના કામગીરી કરશે. આમ રાજપીપળા ખાતે વીજ કંપની દ્વારા અન્ય શહેરો કરતાં ઘણી સારી સેવા અને કામગીરી કરવામાં આવી રહી છે.


### ઉપલેટામાં રિનોવેશન થઈ રહેલ હેરિટેજ તાલુકા ટાવર બિલ્ડીંગ બનીને તૈયાર થઈ તે પહેલાં

# ભ્રષ્ટાચારની પોલ ખુલતા 'કલર'કામ કરવાનું શરૂ

ઉપલેટા | તા.16

ઉપલેટા શહેરની અંદર આવેલ અને ગોંડલ સ્ટેટના મહારાજા ભગવતસિંહજી બાપુના ઉપલેટાને મળેલા અમૂલ્ય અને કીમતી એવા હેરિટેજ તાલુકા ટાવર બિલ્ડીંગ અને ક્રિકેટ ગ્રાઉન્ડના નવીનીકરણ માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જેમનું કામ બે વર્ષથી ચાલી રહ્યું હતું પરંતુ છેલ્લા છ એક મહિનાથી આ કામ સંપૂર્ણ પૂર્ણ થઈ ગયો હોય અને કોન્ટ્રાક્ટરો અને મજૂરો અહીંથી ચાલ્યા ગયા હોવાનું સામે આવ્યું હતું જેમાં ઉપલેટાના એક જાગૃત નાગરિકે આ મામલે માહિતી માંગતા અરજદારને કોઈપણ પ્રકારની માહિતી આજદિન સુધી પૂરી તો પાડવામાં આવી નથી જેથી આ માહિતીઓ પૂરી ન પાડનાર અને બેજવાબદારી ભર્યા કામો અને ભરપૂર ભ્રષ્ટાચાર હોવાની બાબતને લઈને રાજકોટ જિલ્લા કલેક્ટર, ગુજરાત શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલય સુધી લેખિત ફરિયાદ કરવામાં આવતા તંત્ર હવે આ મામલે ઢાંકપીછોડા કરવા માટે રંગરોગાન શરૂ કરી ભ્રષ્ટાચાર ના ઉખડી ગયેલા પોપડાને ઢાંકવા માટેની અને ઉચ્ચકક્ષાએથી તપાસ આવે તો સુશોભિત અને સુંદર કામગીરી થયેલ હોવાનું દેખાય તે માટેની તાબડતો કામગીરી હાથ ધરી રહી છે.





ઉપલેટા નગરપાલિકામાં આવેલા અને ગોંડલ સ્ટેટ વખતના હેરિટેજ ટાવર બિલ્ડીંગના રિનોવેશનના કામ કરવા માટે કરોડો રૂપિયાની રકમ મંજૂર થઈ હોવાની માહિતી સામે આવી છે જેમાં આ કરોડોની મંજૂર થયેલી રકમમાં પણ ભ્રષ્ટાચારને કારણે આ મંજુર થયેલી કરોડોની રકમ હવે ટૂંકી પડી ગઈ છે કારણ કે આ સમારકામ માટે ઉપલેટા નગરપાલિકા કચેરી દ્વારા ખર્ચમાં વધારો કરવા માટેની પણ ઉચ્ચ કક્ષાએ માંગણી કરી લીધી છે અને ખર્ચમાં વધારો પણ મંજુર થઈ ચૂક્યો છે ત્યારે કરોડોના ખર્ચે મંજૂર થયેલા કામમાં કરોડો રૂપિયા વાપર્યા બાદ પણ પરિણામ નગરજનો, નાગરિકો સામે છે જેમાં આ ચાલી રહેલા કામ દરમિયાન કોઈપણ નાગરિકને તપાસ કરવા ચકાસણી કરવા કે નિહાળવા માટેની પ્રતિબંધિત કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ જાગૃત નાગરિકો દ્વારા કોઈને કોઈ રીતે અંદરની પહોંચીને અહીંયાના રીનોવેશનની કામગીરી પૂર્ણ થયાના થોડો જ સમયની અંદર ખળભળી ગયેલ, પોપડા પડવા, કલર ઉખડવા, ભેજ લાગી જવો, પોપડા પડવાની, પાણી પડવા, દરવાજા ખરાબ થવા, બારીઓ ખરાબ થવી, ઘડિયાળ બંધ થઈ જવી, ડંકા બંધ થઈ જવા સહિતની બાબતો કામ પૂર્ણ થાય તે પહેલા જ ખંઢેર હાલતમાં થઈ ચૂક્યા હતા. આ અમૂલ્ય બિલ્ડીંગ રાજાશાહી વખતની ઉપલેટા નગરપાલિકાને સોંપવામાં આવી છે તે બિલ્ડિંગના સમારકામમાં સાથે મળીને થયેલા ભ્રષ્ટાચારના પોપડા અને તટસ્થ પુરાવાઓ સમયાંતરે એક જાગૃત નાગરિક અને આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ દ્વારા સમય, તારીખ, જગ્યા, સ્થિતિ સાથે ડિજીટલ પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે.

### આમલેથા કેનાલમાં બાળક તણાયા બાદ SDRFને પાચ દિવસે પણ ભાળ મળી નથી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના આમલેથા ગામની કેનાલ માં નાહવા પડેલા મિત્રો પૈકી એક બાળક પાણી ના વહેણ માં ખેંચાઈ ગયા બાદ SDRF ની ટીમની શોધખોળ માં પણ તે મળ્યો ન હતી અને આજે પાંચ માં દિવસે પણ તેની કોઈજ ભાળ નહી મળતા પરિવાર રાહ જોઈ રહ્યું છે

મળતી વિગતો અનુસાર તારીખ 11/ 1/ 25 ના રોજ બપોરના એક વાગે આમલેથા ગામે કેનાલમાં દીપેન્દ્ર સાહેબરાય દોહરે (ઉ.વ.14) નામનો બાળક તેના અન્ય ત્રણ મિત્રો સાથે આમલેથા ગામની કેનાલ માં નાહવા પડ્યા હતા જોકે આ મિત્રો ને તરતા નહી આવડતું હોવાથી તેઓ દોરડું બાંધી નાહતા હતા એ દરમિયાન દોરડું તૂટી જતા અન્ય મિત્રો પાણી ની બહાર નીકળી જવાના સફળ રહ્યા હતા પરંતુ દિપેન્દ્ર પાણીના વહેણ માં તણાઈ જતા તેની ઘણી શોધખોળ કરવા છતાં ક્યાંયે પતો નહી મળતા આમલેથા પોલીસ માં જાણ કરી હતી ત્યારબાદ SDRF ની ટીમે પણ ઘણી દૂર સુધી શોધખોળ કરી હતી પરંતુ આ ટીમ ને પણ કોઈજ પત્તો નહી લાગતા ટીમ પરત ફરી હતી. જોકે આ ઘટના ને આજે પાચ દિવસ થયા બાદ પણ પાણીમાં ખેંચાયેલા રવીન્દ્ર ની કોઈજ ભાળ નહી મળતા પરિવારજનો રવીન્દ્ર ની રાહ જોઈ રહ્યાં છે. સ્થાનિકો ના જણાવ્યા મુજબ કેનાલ માં આગળ ભૂંગળા હોય જેમાં ઘણો કચરો હશે માટે રવીન્દ્ર નો મૃતદેહ કદાચ ત્યાં ફસાયેલો હોય શકે છે પરંતુ ગ્રામજનો અને SDRF ની ટીમે ઘણી તપાસ કરવા છતાં હજુ કોઈ ભાળ મળતી નથી, આમ તો પાણી માં મૃતદેહ ત્રીજે દિવસે બહાર આવી જતો હોય છે પરંતુ ક્યાંક ઝાડી માં ફસાયો હોવાના કારણે ક્યાંયે જોવા મળ્યો નથી.

### નર્મદા જિલ્લામાંથી પુરુષ અને મહિલા ગુમ થતાં પોલીસની મદદ લેવાઇ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના રાજપીપળા અને ગરુડેશ્વર તાલુકાના વાઘડિયા ગામ માંથી પુરુષ અને મહિલા ગુમ થવા બાબતે પોલીસ માં જાણ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર રાજપીપળા પોલીસ મથકે જાણ થયા મુજબ ચિરાગભાઈ કાંતીભાઇ પટેલ ઉ.વ.૪૦ રહે. હરસિધ્ધી નગર સોસાયટી રાજપીપલા તા.નાંદોદ જી.નર્મદા નાઓ તા-૨૬/૧૨/૨૦૨૪ ના રાતના ૦૯/૩૦ વાગ્યાના અરસામાં હરસિધ્ધીનગર સોસાયટી ગુમ થયા હોય આજદિન સુધી મળી આવ્યા નથી. જ્યારે એકતાનગર પોલીસ માં જાણ કર્યા મુજબ ગરુડેશ્વર તાલુકાના વાઘડીયા ગામના ભાવનાબેન વા/ઓફ સતિષભાઇ શાંતિલાલભાઈ તડવી ઉ.વ.૨૮ રહે-વાઘડીયા નિશાળ ફળીયુ નાઓ તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ સવારના ૦૮/૦૦ થી સાંજના કલાક-૧૭/૦૦ વાગ્યાના કોઈ પણ સમયે કેવડીયા કોલોને એડમીન બિલ્ડીંગ ખાતે થી ગુમ થયા હોય ઉપરોક્ત બંને ને પોલીસે શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

### નર્મદા જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં લોકનૃત્ય સ્પર્ધામાં આશ્રિત બાળકોએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું




ભરત શાહ | નર્મદા

કમિશ્નર યુવક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા આયોજીત અને જિલ્લા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા સંચાલિત તથા નવદુર્ગા હાઈસ્કૂલનાં સહયિગથી નર્મદા જિલ્લા કક્ષા કલામહાકુંભ ૨૦૨૪-૨૫ નો કાર્યક્રમ શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ રાજપીપલા ખાતે તા. ૧૧ જાન્યુઆરીના ૨૦૨૫ ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. ધી રીજીઓનલ પ્રોબેશન એન્ડ આફટર કેર એસોસિયેશન રાજપીપળા (નર્મદા) સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા (નર્મદા)ની સંસ્થામાં આશ્રિત બાળકો દ્વારા લોકનૃત્ય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. અને સમગ્ર જિલ્લામાં લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ તમામ બાળકોને સંસ્થાનાં શિક્ષકશ્રી નિલેશભાઈ વસાવા દ્વારા લોકનૃત્ય શિખવવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં પ્રથમ આવી સંસ્થાની ગૌરવ વધારનાર બાળકો અને તાલીમ આપનાર શિક્ષકશ્રીને ચિલ્ડ્રન હોમ પરિવાર જિલ્લા બાળ સુરક્ષા એકમ તેમજ બાળ કલ્યાણ સમિતિ નર્મદા દ્વારા શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી.

# કુમકુમ તિલક કરી બાળકને દત્તક લેનાર માતા-પિતાને વધાવવામાં આવ્યા



### શિશુ ગૃહ ગાંધીનગર ખાતે એક અનોખો કાર્યક્રમ યોજાયો... મંત્રી ભાનુબેન બાબરીયા સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બંને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુખી જીવન માટે આશિષ આપવામાં આવ્યા.

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર સૌજન્ય એસ્ટ્રાલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સંસ્થા શિશુ ગૃહ સેક્ટર -15, ગાંધીનગર ખાતે એક અનોખો કાર્યક્રમ યોજાયો. જેમાં એક ત્યજી દેવાયેલી દિકરી અને એક દિકરાને દત્તક લેવાતા માતા પિતાની છત્રછાયા મળી છે. આ ક્ષણને વધુ યાદગાર બનાવવા માટે આ કાર્યક્રમ અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા ની વિશેષ ઉપસ્થિતિમાં વિધિવત રીતે કુમકુમ તિલક કરી બાળકની સોપણી દત્તક લેનાર માતા-પિતાને કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ સત્તાવાર રીતે બાળક સોંપણીનો આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત ચાર મહિનાની દીકરી અને દીકરાને મેળવી ધન્ય ધારા મા બાપને મંત્રીએ કુમકુમ તિલક કરી આવકાર્યા હતા. આ પ્રસંગે અનાથ બાળકોને માતા પિતાની છત્ર છાયા મળતા શિશુ ગૃહના સંપૂર્ણ સ્ટાફ પરિવારમાં ખુશી સાથે ભીની આંખે બાળકોને વિદાય આપતા કરુણ દ્રશ્ય સર્જાયા હતા. મંત્રી ભાનુબેન બાબરીયા સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બંને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુખી જીવન માટે આશિષ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય જે. એસ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ મોહમ્મદ શાહિદ ઉપસ્થિત રહ્યા હતા.

### બગસરામાં પ્રેમી યુગલના મૃતદેહ મળી આવતા અરેરાટી ફેલાઇ

અશોક મણવર | અમરેલી



બગસરામાં અધૂરા બાંધકામ વાળા મકાનમાંથી પ્રેમી યુગલના મૃતદેહ દેહ મળી આવતા અરેરાટી વ્યાપી બગસરા પોલીસ સ્ટેશનમાં બે દિવસ અગાઉ દેવીપુજક ભાદાભાઈ વાઘેલા રહેવાથી નટવર નગર બગસરા દ્વારા તેમની પુત્રી મિરલ કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે ભાગી ગયા હોવાની ફરિયાદ પોલીસમાં કરેલ હતી પોલીસ હજુ આ બાબતે તપાસ કરે તે પૂર્વે જ રહેણાંક વિસ્તાર નીલકંઠ નગર સોસાયટીમાં, ડાંગીયા પીર જવાના રસ્તા પર અધૂરા બાંધકામ વાળા જીતેશભાઈ ઝાલાના મકાન માંથી ભાદાભાઈ વાઘેલાની પુત્રી મિરલ ઉંમર વર્ષ 21 અને કુકાવાવ ખાતે રહેતા કિશન બાબકુભાઈ ચારોલીયા ઉંમર વર્ષ 25 ના મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી પ્રેમમાં એક ન થઈ શકતા એક જ દોરીને બે તાંતણે બંધાઈ આત્મહત્યા કરી ને મોત મીઠું કર્યુ આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ.સાલુકે સાહેબે જણાવ્યું હતું કે બંને વ્યક્તિએ ઘર પરિવાર લગ્ન માટે સંમત ન થતા આત્મહત્યા કરી લીધી હોવાનું જણાવ્યું જોકે મૃતદેહ જે સ્થિતિમાં મળી આવેલ છે તેનાથી લોકોમા હત્યા કે આત્મહત્યા થય હોય તેવી અનેક અટકરો શરૂ થઈ છે ત્યારે સાચી હકીકત તો પોલીસ તપાસ બાદ જાણવા મળે છે.

### કેરીયા નાગસ ગામના કૂવામાંથી અજાણી વ્યક્તિનો મૃતદેહ મળ્યો



અશોક મણવર | અમરેલી

અમરેલીનાં કેરીયા નાગસ ગામે રણછોડભાઈ વલ્લભભાઈ સાવલિયાની વાડીના કૂવામાં કોઈ અજાણી વ્યક્તિ પડી ગયાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરતાં અમરેલી ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી માત્ર 40 મિનિટમાં જ વ્યક્તિના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપેલ છે ત્યારે ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા ભગવતસિંહ ગોહિલ સવજીભાઈ ડાભી ,સાગરભાઈ પુરોહિત સહિત ફાયર ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરી પ્રાથમિક તપાસ કરતા મૃતકનું નામ ભુપતભાઈ નાગજીભાઈ વિશલપરા હોવાનું જાણવા મળેલ.


### સાકરપાતળનાં બોરીગાવઠા ફળિયા ખાતે હનુમાનજી મંદિરનું ભૂમિપૂજન



ડાંગ | તા.16

ડાંગ જિલ્લાનાં 311 ગામોમાં હનુમાન મંદિર બનાવવાનો સંકલ્પ સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્ય સભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા દ્વારા લેવામાં આવેલ છે.ત્યારે ડાંગ જિલ્લાનાં સાકરપાતળનાં બોરીગાવઠા ફળિયા ખાતે હનુમાનજી મંદિરનું ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું.સુરતના જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયાએ ડાંગ જિલ્લાના 311 ગામોમાં હનુમાન મંદિર બનાવવાનો સંકલ્પ લીધો છે.ડાંગ જિલ્લામાં 101 કરતા વધુ મંદિર બની ગયા છે.ત્યારે મકરસંક્રાંતિના શુભ દિવસે સવારે 9:30 કલાકે સાકરપાતળ ગામનાં બોરિગાવઠા ફળિયા ખાતે શ્રી રામકૃષ્ણ વેલફેર ટ્રસ્ટ સુરત તથા શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન સુરતના સંયોજક ગોવિંદભાઈ ધોળકિયાનાં હનુમાનજીના મંદિર નિર્માણ યજ્ઞમાં એક વધુ સહયોગ આ સાકરપાતળ બોરિગાવઠા ફળિયા ખાતેના ગ્રામ જનોનો સહકાર મળેલ છે.જે નોંધનીય બાબત છે. આ ભૂમિ પૂજન કાર્યક્રમ પ્રસંગે ગામનાં આગેવાનમાં મંગલેશભાઈ ભોયે,ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત, નિવૃત્ત કેળવણી નિરીક્ષક સી.એસ. ભોયે ઊપસ્થિત રહ્યા હતા.

### નર્મદા જિલ્લાની ઘટના : પ્રેમમાં પંકચર પડતા પ્રેમિકાએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ગોડદા ગામમાં પ્રેમ માં પંકચર પડતા પ્રેમિકા એ ઝેરી દવા ગટગટાવી આપઘાત નો પ્રયાસ કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ભોગ બનનાર ૨૭ વર્ષીય બહેન એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેઓ તથા તેનો પ્રેમી અજીતભાઈ મગનભાઈ વસાવા, રહે.ગોડદા નાઓ વચ્ચે છેલ્લા ચારેક વર્ષથી પ્રેમ સંબંધ હોય જેથી તેઓ બંનેએ રાજીખુશીથી એકબીજાની સ્વ-સંમતિથી લગ્ન કરવાનું નક્કી કરેલ હોય, તેમ છતાં તેમની સાથે તેના પ્રેમી અજીતભાઈ નાઓ પ્રેમથી વાતચિત કરતાં ન હોય તથા તેઓ કોઈ બીજી છોકરી સાથે વાતચિત કર્યા કરતા હોય.જે વાત આ બહેન નાઓને મનમાં લાગી આવતાં તેઓએ પોતાની મરજીથી ઘરમાં રહેલી કોઈ ઝેરી જંતુનાશક દવા પી લેતા સારવાર માટે લઈ જવાયા હતા. સાગબારા પોલીસે નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# આ રીતે ધોશો વાળ તો નહીં થાય બરછટ અને ખરાબ,ગ્રોથ પણ વધશે



**શિયાળાની ઋતુમાં શુષ્ક અને ઠંડા પવન વાળમાંથી ભેજ છીનવી લે છે અને તેમને શુષ્ક બનાવી દે છે. વાળ નિર્જીવ ન દેખાય તે માટે વારંવાર વાળ ધોવામાં આવે તો વાળ ખરવાની સમસ્યા વધી જાય છે. આવી સ્થિતિમાં વાળ ધોવાની યોગ્ય રીત જ તેમને શુષ્ક અને નિર્જીવ થવાથી બચાવી શકે છે. તો જાણો શિયાળામાં વાળ ધોવાના ખાસ સ્ટેપ. જેથી આ શિયાળાની ઋતુમાં વાળની સંભાળમાં કોઈ ખામી ન રહે.**

**માલિશ કરવી** | પોષણનો અભાવ વાળમાં શુષ્કતાનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં શિયાળાની ઋતુમાં તમારા વાળ ધોતા પહેલા તમારા માથામાં માલિશ કરવાનું ભૂલશો નહીં. આ માટે કોઈપણ કુદરતી તેલથી માથાની ચામડીની સારી રીતે માલિશ કરો.

**હોટ ટુવાલ** | માથાની મસાજ કર્યા પછી વાળને ગરમ ટુવાલ ટ્રીટમેન્ટ આપો. આ માટે એક ટુવાલને ગરમ પાણીમાં પલાળીને તેને નિચોવીને વાળમાં બાંધો. તેનાથી વાળના મૂળ મજબૂત થશે અને વાળની ચમક પાછી આવશે.

**નેચરલ મોઈશ્ચરાઈઝર** | તમારા વાળને શુષ્કતાથી બચાવવા માટે તેને ધોતા પહેલા તેને મોઈશ્ચરાઈઝ કરો. આ માટે એપલ સાઈડર વિનેગરમાં બેકિંગ સોડા અને પાણી ઉમેરીને તેનાથી વાળ ધોઈ લો. તેનાથી વાળ પર જમા થયેલું પ્રદૂષણ અને ગંદકી સાફ થઈ જશે.

**વાળ ધોવા** | વાળ ધોવા માટે રાસાયણિક શેમ્પૂને બદલે કુદરતી અને હર્બલ શેમ્પૂનો ઉપયોગ કરો. તમારા વાળ અનુસાર શેમ્પૂનો ઉપયોગ કરો. વાળમાંથી શેમ્પૂને સારી રીતે દૂર કરો અને વાળ ધોવા માટે ખૂબ ગરમ પાણીનો ઉપયોગ કરશો નહીં.



## વાળનો માસ્ક

**શેમ્પૂ કર્યા પછી વાળને શુષ્ક ન થવા માટે શેમ્પૂ પછી વાળના માસ્કનો ઉપયોગ કરો. માસ્કને હળવા ભીના વાળ પર મૂળથી લઈને છેડા સુધી લગાવો. આનાથી વાળની શુષ્કતા અને ફ્રીઝીનેસ ઘટશે.**



# સવારના સમયે પાણીમાં ઉકાળીને પીઓ તમાલપત્ર, એક નહીં મળશે સાત ફાયદા

તમાલપત્ર એક એવી જડીબુટ્ટી છે જે રસોઈમાં સરળતાથી મળી રહે છે. આ પાનના અનેક ફાયદા છે જે હેલ્થને માટે લાભદાયી રહે છે. તમાલપત્ર દરેકની રસોઈમાં મળી રહે છે. તે સ્વાસ્થ્ય માટે લાભદાયી રહે છે. તમાલપત્રનું પાણી પીવાથી અનેક સ્વાસ્થ્ય લાભ મળે છે. તો જાણો પારંપરિક નુસખો નહીં પણ સ્વાસ્થ્યવર્ધક પ્રક્રિયા છે.



**વજન ઘટાડવામાં મળે છે મદદ** | તમાલપત્રને પાણીમાં ઉકાળીને પીવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેમાં એન્ટીઓક્સીડન્ટ્સ તત્વો શરીરની રોગપ્રતિરોધક ક્ષમતાને વધારે છે. સવારે તમાલપત્રનું પાણી પીવાથી પાચન તંદુરસ્ત રહે છે. તે તમારા બીપીને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. તો જાણો આ પાણી કેવી રીતે બનાવવું.



**કેવી રીતે બનાવશો આ પાણી** | સૌથી પહેલા તાજા તમાલપત્રના પાન લો. આ પાનને સારી રીતે ધોઈ લો. એક ગ્લાસ પાણી લો અને તેને ઉકાળો. જ્યારે પાણી ઉકળી જાય તો તેમાં તમાલપત્રના પાન ઉમેરો. 5-10 મિનિટ સુધી તેને ઉકાળો. આ પછી ગેસ બંધ કરીને પાણીને ઠંડું થવા દો. આ પાણીને ગાળી લો અને એક કપમાં કાઢો. ગરમાગરમ પાણી પીઓ. તેમાં થોડું આદુ અને લીંબુંનો રસ પણ મિક્સ કરી શકાય છે.

**જાણો શું મળશે શરીરને ફાયદા** | તમાલપત્રનું પાણી વજન ઘટાડવાની પ્રક્રિયામાં મદદ કરે છે. તે ભૂખ ઓછી કરે છે અને શરીરને ડિટોક્સ કરવામાં મદદ કરે છે. એન્ટીઓક્સીડન્ટ્સથી ભરપૂર આ પાણી રોગ પ્રતિરોધક ક્ષમતાને વધારે છે. એન્ટીઓક્સીડન્ટ્સ, ફ્રી રેડિકલ્સ નામના હાનિકારક તત્વો સામે લડે છે જે અનેક બીમારીનું કારણ બને છે. પેટની સાથેની સમસ્યાઓ જેવી કે કબજિયાત, અપચોને રોકવામાં મદદ કરે છે.

**ખાંસીમાં રાહત મેળવવા હળદરનો કરો ઉપયોગ : લીંબુ અને મધ પણ ખાંસીથી રાહત અપાવશે**

# શિયાળાની ખાંસીએ કર્યા હાલ બેહાલ તો આ ઘરેલૂ નુસખા આપશે ફટાફટ રાહત

થોડા સમયથી શિયાળાએ પોતાનું રૂપ બતાવવાનું શરૂ કર્યું છે. આ સમયે ઠંડા પવનના કારણે લોકોને શરદી અને ખાંસીની સાથે તાવની સમસ્યા પણ રહે છે. જો તમે પણ શરદી-ખાંસીથી પરેશાન છો તો દવા લો તે યોગ્ય છે પણ સાથે કેટલાક અસરકારક ઘરેલૂ નુસખા અપનાવી લેશો તો તમને ઝડપથી રાહત મળી શકે છે. આ સમસ્યામાં તમને બેચેની વધારે રહે છે અને સાથે તમારે રોજિંદા કામ કરવામાં પણ મુશ્કેલી અનુભવવી પડે છે. સતત ખાંસી આવવાના કારણે તમારા ફેફસા અને શરીરના અન્ય ભાગ પર પણ અસર પડે છે. કેટલાક ઘરેલૂ ઉપાયો અજમાવીને તમે તેને સરળતાથી ઠીક કરી શકો છો. આ ઉપાયોની કોઈ આડઅસર પણ થતી નથી. શિયાળો આવતા જ તમે આ દેશી નુસખાને અપનાવવાનું શરૂ કરી દેશો તો તમારે મુશ્કેલીઓનો સામનો ઓછો કરવો પડશે. તો જાણો શું કરવું.



**મીઠાના પાણીના કોગળા કરો**

જો તમે ખાંસીથી મુશ્કેલી અનુભવી રહ્યા છો, તો મીઠાના પાણીના કોગળા કરવાથી થોડી રાહત રહે છે. એક ગિલાસ ગરમ પાણીમાં થોડુ મીઠું મિક્સ કરો અને સવારે ઊઠીને તરત જ કોગળા કરવાથી રાહત મળે છે. તેનાથી ગળાની બળતરા ઓછી થશે અને ખાંસી પણ ઘટશે.

**હળદર** | હળદર તેના દવાના ગુણના કારણોથી ઘણી સમસ્યાઓથી રાહત મળે છે. ખાંસીથી આરામ મેળવવા માટે પણ તમે હળદરનો ઉપયોગ કરી શકો છો. જ્યારે થોડું દૂધ અને કાળા મરીની સાથે તેનું સેવન કરાય છે તો ખાંસીથી રાહત મળે છે. આ સિવાય તમે આદુ અને હળદરની ચા પણ પી શકો છો.





**લીંબુ અને મધ** | લીંબુ અને મધ પણ ખાંસીથી રાહત અપાવવામાં ખૂબ મદદરૂપ થશે. ગરમ પાણીમાં લીંબુ અને મધ ભેળવીને પીવાથી તમારા ગળાને ઘણી રાહત મળે છે. મધમાં હાજર એન્ટિ-માઈક્રોબાયલ ગુણો અને લીંબુમાં હાજર વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. તમે તમારી ચામાં એક ચમચી મધ ઉમેરીને પણ પી શકો છો.

**સ્ટીમ લો** | જો તમે શરદી અને ઉધરસથી પરેશાન છો, તો સ્ટીમ લેવાથી તમને આ સમસ્યામાંથી તાત્કાલિક રાહત મળી શકે છે. સ્ટીમ શ્વાસમાં લેવાય તો શરદીમાં રાહત મળે છે. તમે હ્યુમિડિફાયરનો ઉપયોગ કરી શકો છો અથવા સ્ટીમ લઈ શકો છો. આ ઉપરાંત તમે ગરમ પાણીના બાઉલની મદદથી વરાળ લઈ શકો છો.



# પંચાત રસ



- રુપાલી દવે

સાચુ કહું હવામાંન વિભાગ એ“અનુકૂળ” શબ્દ સાથે રીતસરની સાઠ ગાંઠ બનાવી લીધી છે. દર વર્ષે મકર સંક્રાતિ ના દિવસે પૃથ્વી પર હવા ના ઓછા પ્રમાણ ના લીધે પતંગિયા ઓને પતંગ ચગાવવા માં અપાર મુશ્કેલીઓ નો સામનો કરવો પડતો હતો.પતંગ ની દાદાગીરીના લીધે રાત પડે ત્યાં પતંગિયા ના બાવડા દુખવા લાગ્યા હતા.કેમ? ઠુમકા,લપેટ,પેચ વગેરે ટેકનિકલ હથિયાર માં પતંગિયાં પતંગ ચગાવવાની મોજ માણતા હોય છે.જ્યારથી હવામાન વિભાગ માં “વતાનુકુલ” એ એન્ટ્રી મારી છે ત્યાંથી વાતાવરણ થી લઈને નો હવા ની સાથે મિજાજ પણ વાતાનુકુલ થઈ ગયો છે. આ વર્ષે એ મકર સંક્રાતિ ના બન્ને દિવસે વાતનુકુલ એ રંગ રાખી દીધો હતો એમાં સોસાયટી ફ્લેટ કે મેદાની પતંગિયા ઓએ ફૂલ ફ્લેજ માં પતંગ મોહોતસ્વ નો ભરપુર આનંદ લીધો હતો. ધાબા પર બા બહુ ઔર બેટી સાથે જમાઈ, બન્ટી ઔર બબલી નો પણ સમાવેશ થયો હતો. દર વર્ષે જય મંગલ સોસાયટી માં મકર સંક્રાતિ નો કાર્યક્રમ દિવાળી,નવરાત્રી કે અન્ય તહેવાર ની માફક ધામધૂમ થી ઉજવાય એટલે પટેલના સાઢુ ને થયું કે “કુછ દિન ગુજારો જય મંગલ સોસાયટીમાં” પટેલ ના ઘરે કાઠિયાવાડ ના ભાવનગર થી મહેમાન એટલે એના સગા સાઢુ ભાઈ પધાર્યા. હા!!સાચી વાત છે એના ધર્મ પત્ની એની સાસુ ચીકુ બા ની એકની એક પુત્રી છે. પરંતુ ચીકુ બા માટે એની નણંદ ની દીકરી અને પોતાની દીકરી દિલ નો ટુકડા હતા. મગન કુમાર અને મંજુલા નો પરિવાર જય મંગલ સોસાયટીમાં પધાર્યો હતો ત્યાર થી ચીકુ બા ના તનમન ની ખુશી મગન કુમાર અને મંજુલા હતા એમાં પટેલ ભાઈ દૂર દૂર સુધી ક્યાંય એના નજર મા નહતા. સોસાયટી ક્લબ હાઉસ માં કમિટી ની મકર સંક્રાતિ ના બન્ને દિવસોની રાત્રી ભોજન ની તૈયારીઓ વિશે ચર્ચા વિચારણા ચાલતી હતી.ત્યાં પટેલ ભાઈના સાઢુ મગન કુમાર બોલ્યા કે ઉતરાયણ તો અમદાવાદ ની પોળ માં જ ભવ્ય ઉજવાય છે. સાચુ કહું પોળ ની ઉતરાયણ માણવા મળી જાય તો સમજો ધન્ય ભાગ્ય ધન્ય ઘડી.પટેલ ભાઈ ની બાજુમાં બેઠેલ ગુપ્તાજી એ કીધું કે સાઢુ ભાઈ,અમદાવાદની પોળ તમારા ગામડા કરતાંય કદાચ મોટી હશે.ત્યાં જવું હોય તો ચાલવા માં તાકાત અને દ્રઢ મનોબળ જરૂરી છે. પોળ માં પતંગોત્સવ તો ખૂબ રમઝટ જમાવે છે.ગુપ્તા જી એ ધીમેથી સાઢુ ને કીધું કે પતંગ તો ઠીક છે મારા ભાઈ લોકો પોળ માં પધારેલા વિદેશી લોકોને જોવા વધારે જાય છે. મગન ભાઈ ની પોળનો પતંગોત્સવની ઉત્કટ ઈચ્છા ને અંતે વશ થઈને પટેલ ભાઈ ની રજા ની મીઠી નિંદ્રાને ચીકુ બા ની જીદ માં સ્વાહા કરવો પડ્યો.અમદાવાદી માણસ ખુદને “પ.પૂ” એટલે પરમ પૂજ્ય સમજે ને કાઠીયાવાડી ખુદને “ધ. ધુ” ધરમ ધુરંધર માને છે. પ.પૂ અને ધ.ધું ની જોડી સાથે નીકળી ત્યારે ધાબા પર ઉભેલ ભાઈબંધો ની ટોળી એ મજાક માં હાસ્ય રસ ફેલાવ્યો. આ હાસ્ય રસ ની અસર પટેલ ભાઈ ના દિલો દિમાગ માં તલવાર ના ઘા ની જેમ સોંસરવી ઉતરી ગઈ. પરંતુ શું કરે? ચીકુ બા ને ના પાડવાની તાકાત નહતી ને મગન નું પોળ પ્રત્યેનું આકર્ષણ થમતું નહતુ. સોસાયટી ના ધાબા પર સ્પીકરો પરથી આવતા સોંગ ના લીધે કિચન મા ઉંધ્યું બનાવવા માં વ્યસ્ત ગૃહિણીઓનો ઉતરાયણ નો મૂડ બનતો હતો.સોસાયટી ની મનપસંદ હેમામાલિની ની સાથે પતંગ ચગાવવાની મજા છોડીને પટેલ ભાઈ ને બેત્રણ કલાક બાહર નીકળવું નહતું. વિચારો પટેલ ભાઈ ને પોળ માં અચાનક મન પસંદ વાતાવરણ મણવા મળી ગયું તો “ભોળા નો ભગવાન” સમજો. પટેલ ભાઈ મને કમને એના સાઢુ સાથે પોળ જવા નીકળ્યા હતા પરંતુ પોળ માં પ્રેવસ્તા મીઠો અવાજ પટેલ ભાઈ ના કાને અથડાયો “ઓય!!સવજી પટેલ ક્યાં ગુમ થઈ ગયો હતો?” પટેલ ભાઈ ના મરચા જેવડા મોટા નાક ના લીધે એની આંખ ને આગળ પાછલ કે ઉપર નીચે નું જોવું હોય તો દૂરબીન લેવી પડતી હતી. આસપાસ બધેય નજર કરી દૂરબીન નહતી એટલે બધું અશક્ય. પટેલ ભાઈ ના સૂપડા જેવા મોટા કાન એ બોલનાર ના અવાજ સાથે એ વ્યક્તિ ને પણ અનુભવી લીધી હતી. પ.પુ.ધ.ધૂ ની જોડી એની લચકતી લટકાતી ચાલે બેત્રણ ડગલાં ચાલ્યા હશે.ત્યાંજ પટેલ ભાઈ ની પીઠ પર જોરથી ધબ્બો મારતા અજાણી વ્યક્તિ બોલી કે એલા!!સવજીડા, સાંભળતો નથી કે શું?તને ક્યારની બોલવું છું. આ તારી સાથે મગર ની ચાલે ચાલતા ખૂંખાર પ્રાણી કોણ છે? અલ્યા!!સવજીડા,તુ તો સાવ બદલાઈ ગયો,અત્યારે તો પોળ ના હેન્ડસમ નું પેટ ગોળા ની જેમ બહાર નીકળી ગયું છે.તારી બૈરી તારા પર ખૂબ જુલમ કરતી લાગે છે.પટેલ ભાઈ ને એની બરોબર સામે ઉભેલ એના ભૂતકાળ ના પ્રથમ પ્રેમ ને ઓળખતા વાર ના લાગી એટલે એ બોલ્યા કે મોગરી,તુ તો મેરેજ કરીને સુરત ભેગી થઈ ગઈ હતી ને તો પોળ માં શું કરે છે? પરિવાર સાથે મકર સંક્રાતિ કરવા આવી લાગે છે. ભીમાં કાકા ની તબિયત સારી છે ને,શું કરે છે? ગટુ અને જીગલો.બધા મજામાં તો છે ને.આ મગર ની ચાલે ચાલતા આવે છે ને એ મારા સાઢુ ભાઈ છે,ભાવનગર થી સહ પરિવાર મકર સંક્રાતિ કરવા આવ્યા છે. સાળી સાહેબ અને તારી ભાભી નો પ્રોગ્રામ બાળકો સાથે મોલ માં ઘુમવાનો હતો એટલે એ બધા ત્યાં ગયા છે.સાઢુ ભાઈ ને પોળ ના પતંગોત્સવ ના તહેવાર રમઝટ જોવી હતી એટલે આવ્યા છીએ. મોગરી એ સવજી પટેલ અને એના સાઢુ મગન ભાઈ બન્નેને પોળ ના પતંગોત્સવની મજા માણવા ખુદના ધાબે આમંત્ર્યા. મોગરી એ એનું ધાબુ પતંગ માટે ભાડે આપ્યું હતું એટલે ધાબા માં પતંગ સાથે ભોજન અને ચા પાણી ની પણ ખાસ વ્યવસ્થા હતી. મોગરી ના લગ્ન બાદ વર્ષ માંજ એનો પતિ મૃત્યુ પામ્યો હતો એટલે એ સાસરે થી પિયર પરત ફરી હતી.પિયર આવીને મનમાં ગાઠ બાંધી હતી કે રી મેરેજ તો ક્યારેય કરશે જ નહીં.મોટાભાઈ ના દીકરા ને ભણાવ્યો અને ખુદ એ પ્રાથમિક શિક્ષિકા ની જોબ સ્વીકારી લીધી હતી. વર્તમાન માં મોગરી ના બા બાપુજી ભગવાન ને પ્યારા થઈ ગયા છે,મોટાભાગ એ ભાઈ ભાભી એના દીકરા ભેગા યુ.એસ વધારે રહે છે. મોગરી પણ એની ખાસ દુનિયામાં ખૂબ વ્યસ્ત રહેતી હોય છે. પટેલ ભાઈ અને એના સાઢુ ને મફત માં વનેચર ના વરઘોડા માણવા જેવો મબલખ આનંદ મળી ગયો હતો. પટેલ ભાઈ અને મોગરી ની બક બક માં મગન ભાઈ ને રસ ના પડતાં એ નીકળી ગયા ધાબા યાત્રા એ. પટેલ ભાઈ ના સાઢુ એ પ્રથમ વખત પોળ માં પગ મૂક્યો હતો,ભૂલ ભૂલામણી આંટીઘૂંટી જેવી રચના ધરાવતી પોળ ના રહસ્ય થી અજાણ મગન ભાઈ “કાપ્યો છે” ના ઉત્સાહ માં ધાબા વિંધતા વિંધતાં ખૂબ આગળ નીકળી ગયા.પટેલ ભાઈ ઊંધ્યુ,પૂરી,જલેબી બાસુદી ને પેટ માં પધરાવી ને મોગરી અને એની ફ્રેન્ડ ને નીચે જઈને થોડુક જોકુ ખાઈ આવું બોલી ને નીચે આવીને ગાઢ નિંદ્રા માં ઊંઘી ગયા.સાસુ ચીકુ બા ની ચકચક થી બચવા એના મોબાઈલ ને સાઈલન્સ મોડ માં મૂકીને ઘસઘસાટ ઊંઘી ગયા. મગન ભાઈ નો ઉત્સાહ એટલો દિલો દિમાગ મા હતો કે આકાશે ધોળા ત્યજી ને કાળા કપડાં પહેરી લીધા એ પણ દેખાયું નહી.મગન ભાઈ નું ફોકસ શુધ્ધ દેશી વિડિયો ગ્રાફિ કરીને ભાઈબંધો ને મોકલવાનું હતું એટલે લાસ્ટ આકાશ માં તુક્કલ ફટકડા પણ મોબાઈલ ના કેમેરા મા કેદ કરવા માંગતા હતા. મ્યુઝિક સિસ્ટમ સ્વીચ ઓફ થતાં જ લોકોના અવાજ થમ્યા એ ભેગા સાઢુ ને હોંશ આવતા એ ગભરાયા,”યે કહા આ ગયે હમ..”



**ક્રમશ:......**

# હુમલાખોર સૈફના ઘરમાં પહેલાથી હાજર હતો કે પાઈપલાઈનથી ઘૂસ્યો?

(એજન્સી) મુંબઈ | તા.16

સૈફ અલી ખાન અને અભિનેત્રી કરીના કપૂર ખાનના બાન્દ્રા વેસ્ટમાં આવેલા ઘરમાં ગુરુવારે વહેલી સવારે ચોરીની મોટી ઘટના બની. આ દરમિયાન સૈફ પર ચપ્પાથી હુમલો કરી દેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે સૈફની હાલમાં લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

### હંમેશા શાંત અને વિવાદોથી દૂર રહેતા સૈફ પર હુમલો

હંમેશા શાંત અને વિવાદોથી દૂર રહેતા સૈફ સાથે ગઈકાલે રાત્રે એક અકસ્માત થયો હતો. રાત્રે 2 વાગે કોઈ અજાણ્યો શખ્સ તેમના ઘરમાં ઘુસ્યો હતો. અભિનેતા પર ચપ્પાથી હુમલો કર્યો હતો. સૈફ પર હુમલાને લઈને મુંબઈ પોલીસનું નિવેદન સામે આવ્યું છે. આ ઉપરાંત પીઆરનું સત્તાવાર નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું છે. એવામાં જાણીએ અભિનેતા પર હુમલાના મામલામાં અત્યાર સુધી કયા કયા ખુલાસા થયા છે.

### ઘુસણખોરે સૈફ સાથે દલીલ કરી હતી

મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ગઈકાલે રાત્રે એક અજાણ્યો વ્યક્તિ સૈફના ઘરમાં ઘૂસ્યો હતો. ત્યારબાદ તેણે ત્યાં હાજર નોકરાણી સાથે દલીલ કરવાનું શરૂ કર્યું. આ બંનેની દલીલમાં સૈફ વચ્ચે પડીને તે વ્યક્તિને શાંત કરવાની કોશિશ કરી હતી. પરંતુ બંને વચ્ચે બોલાચાલી થઇ અને હુમલાખોર ગુસ્સે થઈ ગયો અને ગુસ્સામાં સૈફ પર 2-3 વાર છરીથી હુમલો કર્યો.

### સૈફ પર હુમલાને લઈને સૌથી મોટો સવાલ

મુંબઈ પોલીસે કહ્યું કે, અમે ઘટનાના બે કલાક પહેલાના સીસીટીવી ફૂટેજ જોયા છે. ફૂટેજમાં કોઈ અંદર જતું નથી. આવી સ્થિતિમાં પોલીસને શંકા છે કે હુમલાખોર અંદર છે. મુંબઈ પોલીસ સૈફ અલી ખાનના ઘરે દરેક એંગલથી તપાસ કરી રહી છે. તેમજ અભિનેતાના ઘરના પાંચ સ્ટાફ સભ્યોની પૂછપરછ કરવામાં આવી રહી છે.જો કે, પોલીસને સૌથી વધુ શંકા સૈફ અલી ખાન અને કરીના કપૂરના ઘરમાં બનેલી ડક્ટ પર છે. આ ડક્ટ બેડરૂમમાં ખુલે છે. પ્રાથમિક તપાસમાં પોલીસનું કહેવું છે કે ચોર આ ડક્ટ દ્વારા ઘરમાં ઘૂસ્યા હશે. સીસીટીવી ફૂટેજમાં અંદર કોઈ આવે તેવું જોવા મળ્યું નથી. ઘરમાં કોઈ અજાણ્યો ચહેરો આવવાનો ઉલ્લેખ નથી. શું આનો અર્થ એ છે કે આ હુમલાનું આયોજન કરવામાં આવ્યું હતું?

### અભિનેતાની PR ટીમે શું કહ્યું?

સૈફની પીઆર ટીમ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન મુજબ સૈફના ઘરે ચોરીનો પ્રયાસ થયો હતો. હાલમાં તેની હોસ્પિટલમાં સર્જરી ચાલી રહી છે. મીડિયા અને ફેન્સને ધીરજ રાખવાની અપીલ છે. આ પોલીસ કેસ છે. અમે તમને પરિસ્થિતિ વિશે અપડેટ રાખીશું.

### સૈફને ગંભીર ઈજા થઈ હતી

સૂત્રોના જણાવ્યા અનુસાર સૈફ 6 જગ્યાએ ઘાયલ છે. જેમાંથી એક ગરદન પર છે અને એક કરોડરજ્જુ પાસે (જે થોડી ઊંડી ઈજા છે). હોસ્પિટલમાં સૈફનું ઓપરેશન ચાલી રહ્યું છે. ઓપરેશન થિયેટરમાં પ્લાસ્ટિક સર્જન, ન્યુરો સર્જન હાજર છે, સૈફની નોકરાણી પણ ઘાયલ છે પરંતુ તે સૈફ કરતા ઓછી ઘાયલ છે.

### સૈફના ઘરમાં ચોર કેવી રીતે ઘૂસ્યો?

સૂત્રોનું કહેવું છે કે સૈફના ઘરમાં એક પાઈપલાઈન છે જે તેના બેડરૂમમાં ખુલે છે. પ્રાથમિક તપાસમાં ચોર ત્યાંથી ઘરમાં ઘૂસ્યો હોવાની પ્રબળ શક્યતા છે. માહિતી મળી છે કે આયાએ નોકરાણી અને ચોર વચ્ચેની દલીલનો અવાજ સાંભળ્યો હતો. આ પછી તે તરત જ ઊભી થઈ ગઈ. પોતાના પરિવારને બચાવવા માટે સૈફે હુમલાખોર સાથે સીધી લડાઈ કરી હતી. જેમાં સૈફ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. બાદમાં ચોર ભાગી ગયા અને અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

## સૈફ અલી ખાનની સર્જરી પૂર્ણ અને હવે ખતરાથી બહાર, અભિનેતાની ટીમે જાહેર કર્યું નિવેદન



જાણીતા ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર ચપ્પા વડે હુમલો કરી દેવાની ચકચારી ઘટના સામે આવી છે. આ હુમલામાં અભિનેતા સૈફ અલી ઈજાગ્રસ્ત થયો હતો. માહિતી અનુસાર સૈફના ઘરમાં મોડી રાતે ચોર ઘૂસી ગયો હતો. આ ચોરીની ઘટના બાંદ્રાવાળા બંગ્લોમાં બની હતી. જે દરમિયાન એક ચોરે સૈફ અલી ખાન પર હુમલો કરી દીધો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થયા. હાલમાં તેમની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોએ કહ્યું કે તેને ગળાના ભાગે 10 સેમી.નો ઘા પડી ગયો છે. તેને પીઠ અને હાથ ઉપર પણ ઈજાઓ થઈ છે. જોકે હવે સૈફ અલી ખાનની ટીમે આ મામલે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે અભિનેતાની સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકી છે અને સૈફ અલી ખાન હવે સુરક્ષિત છે અને ખતરાથી બહાર છે. સર્જરી બાદ સૈફ અલી ખાનની ટીમે ડૉક્ટરોની ટીમનો આભાર માન્યો હતો. સૈફ અલી ખાન પર આ હુમલાની તપાસ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 8 ટીમની રચના કરી દેવામાં આવી છે. જ્યારે આ ઘટના વિશે ઘરના નોકર અને સભ્યોને જાણકારી મળી તો તેઓ ડરી ગયા અને ઉતાવળે સૈફને હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. તેમને લીલાવતી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. હાલ તેમને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જોકે ઘટના બાદથી ચોર ફરાર થઈ ગયા હતા. મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા. આ મામલે પોલીસે અત્યાર સુધી ત્રણ લોકોની અટકાયત કરી છે. જેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે બે કલાક સુધી સીસીટીવી ફંફોળ્યા છતાં કોઈ એવા મોટા પુરાવા ન મળ્યા કે જેનાથી હુમલાખોર વિશે કોઈ વિગતો મળી શકે.

## નોકરાણી સાથે ઝઘડી રહેલા ચોરને રોકવા ગયો અને..' સૈફ પર હુમલા અંગે મુંબઈ પોલીસનું નિવેદન

સૈફ અલી ખાન પર મોડી રાત્રે ચાકુ વડે હુમલો થયો છે. એક અજાણ્યા શખ્સે અભિનેતાના મુંબઈ સ્થિત ઘરમાં ઘૂસીને રાત્રે બે વાગ્યે ધારદાર ચાકુ વડે હુમલો કર્યો હોવાનું પોલીસે જણાવ્યું છે. સૈફના શરીર પર છ વખત ચાકુના ઘા મારવામાં આવ્યા હતા. એક્ટર હાલ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે. મુંબઈ પોલીસ હુમલાખોરને શોધવાનો પ્રયાસ કરી રહી છે. તપાસ માટે મુંબઈ પોલીસની સાત ટીમ તૈનાત કરવામાં આવી છે. મુંબઈ પોલીસે જણાવ્યું કે, બુધવાર રાત્રે બે વાગ્યા આસપાસ એક અજાણ્યા શખ્સ ચોરી કરવાના ઈરાદે એક્ટરના ઘરમાં ઘૂસ્યો હતો. ત્યારે તેની એક નોકરાણીએ તેને ઝડપી લેતાં તેની સાથે વિવાદ કરી રહ્યો હતો, તે સમયે સૈફ અલી ખાને દખલગીરી કરી હતી. પરંતુ તે શખ્સે સૈફ અલી ખાન પર અચાનક ચાકુ વડે હુમલો કરી દીધો હતો. અમને રાત્રે ત્રણ વાગ્યે આ અંગે માહિતી મળી હતી. સૈફ હાલ હોસ્પિટલમાં છે. તેમની સાથે વાતચીત થઈ શકી નથી. તપાસ ચાલુ છે. આ હુમલામાં એક મહિલા સ્ટાફ પણ ઘાયલ છે. હાલ બંનેની સ્થિતિ સ્થિર છે. ઘટનાના બે કલાક પહેલાંના સીસીટીવી ફુટેજમાં કોઈ અંદર જતાં જોવા મળ્યો નથી. જેથી હુમલાખોર અગાઉથી જ અંદર હોવાની આશંકા છે. સીબીઆઈ અધિકારી સહિત મુંબઈ પોલીસ અમુક શંકાસ્પદની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. એક્ટરની ટીમે આપેલા નિવેદન અનુસાર, આ ઘટના દરમિયાન કરીના કપૂર અને તેમના બાળકો તૈમૂર અને જેહ સહિત આખો પરિવાર ઘરમાં જ ઉપસ્થિત હતો. સૈફ અલી ખાને પરિવારની રક્ષા માટે ચોરનો સામનો કર્યો હતો. સૈફના ઘરમાં ચોરીના પ્રયાસમાં આ હુમલો થયો હતો. હુમલાખોર એક્ટરને ચાકુના છ ઘા મારી ભાગી ગયો હતો. સૈફની હાલ સર્જરી થઈ રહી છે.

### સૈફ અલી પર ચોરનો છ વાર ચપ્પાથી હુમલો, ગળા-પીઠ અને હાથ પર ગંભીર ઈજાઓ

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન અને અભિનેત્રી કરીના કપૂર ખાનના બાન્દ્રા વેસ્ટમાં આવેલા ઘરમાં ગુરુવારે વહેલી સવારે ચોરીની મોટી ઘટના બની. આ દરમિયાન સૈફ અલી ખાન પર ચપ્પા વડે હુમલો કરી દેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે સૈફ અલી ખાનની હાલમાં લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ હાલમાં આ મામલે તપાસ કરી રહી છે. જોકે હજુ એ સ્પષ્ટ થયું નથી કે સૈફ અલી ખાનને પહેલા ચપ્પાંના ઘા મારવામાં આવ્યા કે પછી ચોર સાથે થયેલી અથડામણમાં તે ઈજાગ્રસ્ત થયો હતો. બાંદ્રા પોલીસે એફઆઈઆર નોંધી છે અને આરોપીને પકડવા માટે ટીમ પણ બનાવાઈ છે. કરીના કપૂર અને તેમના બાળકો સુરક્ષિત છે.

### સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં ત્રણની અટકાયત, મુખ્ય ગુનેગાર હજુ પણ ફરાર

સૈફ અલી ખાનના બાન્દ્રા વેસ્ટમાં આવેલા ઘરમાં ગુરુવારે (16મી જાન્યુઆરી) વહેલી સવારે ચોરી કરવા આવેલા એક ચોરે સૈફ અલી ખાન પર છરીથી હુમલો કર્યો હતો. જેમાં સૈફ અલી ખાનને ગંભીર ઈજાઓ થતા તેમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જોકે, આ મામલે બાંદ્રા પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી છે. આ ઉપરાંત અભિનેતાના ઘરની અંદર અને બહારના સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં સૈફ અલી ખાનની પત્ની કરીના કપૂર ખાન અને બાળકો તૈમૂર અને જહાંગીર અલી ખાન સુરક્ષિત છે. બાંદ્રા પોલીસ આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. નોંધનીય છે કે, સૈફ અલી ખાન મુંબઈના બાન્દ્રાના પોશ વિસ્તારમાં રહે છે. અભિનેતાના ઘરમાં કડક સુરક્ષા છતા આ ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે.

## ગેમ ચેન્જર ફ્લોપ થતાં કિયારાની કારકિર્દી પર સંકટનાં વાદળો





(એજન્સી) મુંબઈ | તા.16

કિયારા અડવાણીની હાલની રિલીઝ થયેલી ફિલ્મ 'ગેમચેન્જર' બ્લોકબસ્ટર થાય તેવી અપેક્ષા હતી. પરંતુ આ ફિલ્મ ફ્લોપ થઈ જતાં કિયારાની કારકિર્દી પર સંકટનાં વાદળો છવાયાં છે. કિયારા અડવાણી સાથે આવું પ્રથમ વખત થયું નથી. આ પહેલા ૨૦૨૩ની 'સત્યપ્રેમ કી કથા' મહા મુશ્કેલીએ ૭૭.૫૫ કરોડ રૂપિયાનું લાઈફટાઈમ કલેકશન કરી શકી હતી. જોકે આ ફિલ્મ ફ્લોપ નહોતી કહેવાઈ પરંતુ કિયારાની પાછળની ફિલ્મોની સફળતાની સરખામણીમાં આ ફિલ્મનું બોક્સ ઓફિસ કલેકશન ઘણું ઓછું હતું. એટલું જ નહીં કિયારાની ૨૦૨૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'જુગજુગ જીયા'એ ૮૫.૦૩ કરોડ રૂપિયાનું લાઈફટાઈમ કલેકશન કર્યું હતું. આ ફિલ્મે પણ અપેક્ષા કરતાં બોક્સ ઓફિસ પર બહુ ઓછી કમાણી કરી હતી. કિયારાની છેલ્લી સફળ ફિલ્મ ૩૦ મહિના પહેલા રિલીઝ થઈ હતી. ૨૦૨૨માં 'ભૂલ ભૂલૈયા ટૂ' એ ૧૮૫.૯૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જે બ્લોકબસ્ટર ફિલ્મ કહી શકાય. તે પછી કિયારાની એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો વ્યવસાય કરી શકી નથી. હવે કિયારાની કારકિર્દીનો આધાર ૨૦૨૫ની 'ટોક્સિક ' અને 'વોર' ફિલ્મની સીકવલ છે.

## "પપ્પાએ મને 4 મહિનામાં તૈયાર થવા કહ્યું," રિતિક રોશન કહે છે કે તે પ્રીમિયર નાઈટ્સમાં કહો ના... પ્યાર હૈનો જાદુ ફરી અનુભવે છે!



(એજન્સી) મુંબઈ | તા.16

રેડિયો નશાએ તાજેતરમાં બોલિવૂડમાં હૃતિક રોશનના 25 ગૌરવશાળી વર્ષની ઉજવણી નશા પ્રીમિયર નાઈટ્સની વિશેષ આવૃત્તિ સાથે કરી હતી, જેમાં તેની પ્રથમ બ્લોકબસ્ટર, કહો ના... પ્યાર હૈની ફેન સ્ક્રીનિંગ દર્શાવવામાં આવી હતી. આ ઈવેન્ટ ચાહકો માટે નોસ્ટાલ્જિક સફર બની હતી અને હૃતિક માટે હૃદયસ્પર્શી ક્ષણ બની હતી, કારણ કે તેણે ઉદ્યોગમાં તેની સફર વિશે ટુચકાઓ શેર કરી હતી. સ્ક્રિનિંગમાં બોલતા, હૃતિકે તેના વિકસતા દૃષ્ટિકોણ પર પ્રતિબિંબિત કરતા કહ્યું, 'સારા દેખાવા અને મજબૂત બનવામાં તફાવત છે. હવે, મારું ધ્યાન તમામ રીતે માનસિક અને શારીરિક રીતે મજબૂત બનવા પર છે. તેણે ઘટનાઓના આશ્ચર્યજનક વળાંક વિશે પણ યાદ કરાવ્યું જેના કારણે તેની શરૂઆત થઈ. હૃતિકે કબૂલ્યું હતું કે, હું ક્યારેય કોઈ ફિલ્મ માટે તૈયાર નહોતો. 'જ્યારે પપ્પાએ પહેલીવાર કહો ના... પ્યાર હે વિશે વાત કરી, ત્યારે અમે વાસ્તવમાં શાહરૂખ ખાન, સલમાન ખાન અથવા આમિર ખાન જેવા સુપરસ્ટાર્સની કાસ્ટિંગ વિશે ચર્ચા કરી રહ્યા હતા. મેં તેમને કહ્યું કે તેઓ તેમની કારકિર્દીમાં આવી વસ્તુઓ કરી ચૂક્યા છે. પછી, અચાનક, હું મારી પીઠ પર થપ્પો લાગ્યો અને તેણે કહ્યું, '4 મહિનામાં તૈયાર થઈ જા.' આ રીતે બધું શરૂ થયું!


## અપેક્ષાઓથી આગળ વધીને ફિલ્મ "ફાટી ને?" હોરર-કોમેડી જેનરને નવી ઓળખ આપશે

(એજન્સી) મુંબઈ | તા.16



હોરર-કોમેડી ગુજરાતી ફિલ્મ 'ફાટી ને?'ના આતુરતાથી રાહ જોવાઈ રહેલા ટ્રેલરને અમદાવાદમાં એક ભવ્ય કાર્યક્રમમાં લૉન્ચ કરવામાં આવ્યું. ફિલ્મના કલાકારો અને ક્રૂ, મીડિયા મિત્રો તેમજ ગુજરાતી ફિલ્મ જગતની અગ્રણી હસ્તીઓની હાજરી સાથે ખચાખચ ભરાયેલા ઓડિટોરિયમનો માહોલ જ આ ફિલ્મને લઈને જોવા મળેલા ઉત્સાહ વિશે જણાવે છે. જ્યારે ટ્રેલર મોટા પડદા પર દર્શાવાયું ત્યારે દર્શકો તરફથી મળી રહેલા જોરદાર પ્રતિભાવોમાં રૂંવાડા ઉભી કરી દેતા હોરર અને પેટ પકડીને હસાવતી કોમેડીનું જોરદાર કોમ્બિનેશનથી દર્શકોના ચહેરા પર પેદા થતી રેખાઓને સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી. હાસ્યથી ભરપૂર દરેક પંચલાઈન દર્શકોને હસાવી રહી હતી અને ડરાવી દેતું દરેક દ્રશ્ય દર્શકોના ચહેરા પર ડર પેદા કરી રહ્યું હતું, આ દરેક ક્ષણને દર્શકોએ તાળીઓથી વધાવી, ત્યારે એ વિશ્વાસ વધુ મજબૂત બની રહ્યો કે આ ફિલ્મ દરેક પ્રકારના દર્શકોને થિયેટરમાં ખેંચી લાવશે. ટ્રેલરમાં ફાટી ને?ની રસપ્રદ વાર્તાની ઝલક પણ આપવામાં આવી છે. વાર્તા મુખ્ય કલાકારોને એક રહસ્યમય હવેલીમાં પ્રવેશતા બતાવે છે, જ્યાં તેઓ આકાશ ઝાલા દ્વારા ભજવવામાં આવેલા ભૂતના પાત્રનો સામનો કરે છે. આ ફિલ્મમાં રોમાંચ અને અંધાધૂંધીમાં વધારો કરે છે તે છે હેમિન ત્રિવેદી દ્વારા ભજવવામાં આવેલ એક વિચિત્ર દેખાતા બાબાનું પાત્ર, જેઓ આ ગ્રુપને ખતરાથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. જેમ-જેમ રહસ્યમય અને ભયાનક ઘટનાઓ બનતી જાય છે તેમ-તેમ, ભૂતનો સામનો કરવા પર મુખ્ય પાત્રો દર વખતે રમુજી રીતે કહે છે 'ફાટી ને?'. આ ક્ષણો 'ફાટી ને?' એક એવો મંત્ર બનાવી દે છે જે ચોક્કસથી પ્રેક્ષકોને પેટ પકડીને હસાવશે. લીડ એક્ટર હિતુ કનોડિયાએ ઉમેર્યું, ''ફાટી ને?'ની સ્ટોરી દર્શકોને એક સામાન્ય હોરર-કોમેડી કરતાં કંઈક વધુ મનોરંજન પુરૂ પાડે છે; તે એક સંપૂર્ણ ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ છે.

## કંગનાની ફિલ્મ ઈમરજન્સી બાંગ્લાદેશમાં રીલિઝ નહિ કરાય



(એજન્સી) મુંબઈ | તા.16

કંગના રણૌતની 'ઈમરજન્સી' ફિલ્મ બાંગ્લાદેશમાં રીલિઝ કરાશે નહીં. બંને દેશો વચ્ચેનાં સંબંધો હાલ વણસ્યા હોવાથી આ નિર્ણય લેવાયો છે. સ્વ. વડાંપ્રધાન ઈંદિરા ગાંધીએ પાકિસ્તાનથી બાંગ્લાદેશનની આઝાદીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફિલ્મમાં ૧૯૭૧ના બાંગ્લાદેશ સ્વતંત્રતા સંગ્રામમાં ભારતીય સેના અને ઈંદિરા ગાંધીની સરકારની ભૂમિકા તેમજ શેખ મુજીબુર રહેમાનન ભારતનાં સમર્થનને દર્શાવામાં આવ્યું છે. ફિલ્મમાં બાંગ્લાદેશી ચમરપંથીઓના હાથે શેખ મુજીબુર રહેમાનની હત્યાને પણ દર્શાવામાં આવી છે. બાંગ્લાદેશમાં હાલના સત્તા પલ્ટા પછી બાંગ્લાદેશના યુદ્ધને અલગ સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. આથી આ ફિલ્મ પર પ્રતિબંધ લદાયો છે.

## જેલર 2નું ટીઝર રિલીઝ

(એજન્સી) મુંબઈ | તા.16

## 74 વર્ષની ઉંમરે પણ જોરદાર એક્શનમાં જોવા મળ્યો સુપરસ્ટાર રજનીકાંત



સુપરસ્ટાર રજનીકાંતની 'જેલર 2' નું જાહેરાત ટીઝર રિલીઝ થઈ ગયું છે. જેમાં અભિનેતા શાનદાર એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. જેલર 2માં સુપરસ્ટાર રજનીકાંત એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. અભિનેતા રજનીકાંત ફિલ્મ 'જેલર 2' સાથે પડદા પર આવી રહ્યા છે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ગયું છે.જેમાં રજનીકાંત એક્શનમાં જોવા મળી રહ્યા છે. 74 વર્ષની ઉંમરે પણ તે પડદા પર જોરદાર એક્શનમાં જોવા મળશે. વર્ષ 2023માં રજનીકાંતની ફિલ્મ જેલર સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે.આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી હતી, હવે મેકર્સે જેલર 2 લઈને આવ્યા છે. પોંગલ અને મકર સંક્રાતિને લઈ નિર્માતાઓએ રજનીકાંતના ચાહકોને ખાસ ગિફટ આપી છે. આ ખાસ ગિફટ જેલર 2નું ટીઝર

### બીજા પાર્ટને લઈ ચાહકોમાં પણ ઉત્સાહ

ટીઝર કુલ 4 મિનિટનું છે અને ખુબ રસપ્રદ છે. હવે આપણે ફિલ્મ જેલરની વાત કરીએ તો જેલર ફિલ્મ રજનીકાંતના કરિયરની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ રહી છે. બીજા પાર્ટને લઈ ચાહકોમાં પણ ઉત્સાહ છે. હાલમાં ટીઝર પર ચાહકો ખુબ સારો પ્રતિસાદ આપી રહ્યા છે. હજુ 24 કલાક પણ પૂર્ણ થયા નથી અને 7 લાખથી વધુ વ્યુસ પણ આવી ચૂક્યા છે. જેલર 2 સિવાય રજનીકાંત કુલી ફિલ્મમાં પણ જોવા મળશે.

### રજનીકાંતે બંદૂક અને તલવારથી પોતાના દુશ્મનો પર હુમલો કરતો જોવા મળ્યો

ટીઝરમાં રજનીકાંત પોતાના અનોખા અંદાજમાં સાથે જોવા મળે છે. તે ચશ્માથી વિરુદ્ધઓ સાથે લડતો જોવા મળે છે. ટીઝરની શરુઆતમાં જેલર 2ના નિર્દેશક નેલ્સન અને મ્યુઝિક ડાયરેક્ટર અનિરુદ્ધ નવી સ્ક્રિપ્ટની ચર્ચા કરી રહ્યા છે. અચાનક તેની આસપાસ ગોળીઓનો વરસાદ અને તોડફોડ થવા લાગે છે. ત્યારબાદ રજનીકાંતની ધમાકેદાર એન્ટ્રી થાય છે. એક હાથમાં બંદુક અને એક હાથમાં તલવાર જોવા મળી રહી છે. ટુંકમાં જેલર 2ના ટીઝરે રજનીકાંતનું દિલ જીતી લીધું છે.

### ચાહકોને મળી રહ્યો છે સારો પ્રતિસાદ

ટીઝરનો કુલ સમયગાળો ચાર મિનિટનો છે અને તે ખૂબ જ રસપ્રદ છે. ફિલ્મ 'જેલર' વિશે વાત કરીએ તો, તે રજનીકાંતના કરિયરની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. બીજા ભાગને લઈને પણ દર્શકોમાં ઉત્સાહ છે.

# BCCIને ગૌતમ ગંભીર પરથી વિશ્વાસ ઉઠયો !



નવી દિલ્હી | ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ટીમ ઈન્ડિયાની બેટિંગ ઘણી નબળી રહી હતી. હવે BCCIએ આ અંગે સમીક્ષા બેઠક યોજી છે, જેમાં ગૌતમ ગંભીરને સપોર્ટ સ્ટાફની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. હવે BCCI બેટિંગ સુધારવા માટે નવો કોચ લાવવા માંગે છે. સિરીઝમાં મોટાભાગના બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા. ખાસ કરીને વિરાટ કોહલી જેવા અનુભવી બેટ્સમેનને આ જ રીતે સતત 8 વખત આઉટ કર્યા બાદ અને રોહિત શર્માની ખરાબ બેટિંગ બાદ BCCIની ચિંતા વધી ગઈ છે. તેથી હવે તે તેને ઝડપથી સુધારવા માંગે છે. રિપોર્ટ અનુસાર, આ માટે તે કોચિંગ સ્ટાફને મજબૂત કરવા માંગે છે અને નવા વિકલ્પો શોધી રહી છે. આ સમાચાર સામે આવ્યા બાદ સવાલો ઉઠવા લાગ્યા છે કે શું બોર્ડને ગૌતમ ગંભીર પરથી વિશ્વાસ ઉઠી ગયો.

**હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી |** આ રિપોર્ટ અનુસાર બેટિંગ કોચની ભૂમિકા માટે ડોમેસ્ટિક ક્રિકેટના દિગ્ગજ ખેલાડીઓ પર નજર કરવામાં આવી રહી છે, જોકે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ગૌતમ ગંભીર પોતે એક શાનદાર બેટ્સમેન રહ્યો છે. પરંતુ ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ તે પણ શંકાના દાયરામાં છે. જોકે, ગંભીરને ચિંતા કરવાની જરૂર નથી, તેની જગ્યા સુરક્ષિત છે. તમને જણાવી દઈએ કે તેના વર્તમાન સપોર્ટ સ્ટાફમાં કોઈ બેટિંગ કોચ નથી. અભિષેક નાયર અને રેયાન ટેન ડેસ્ચેટ આસિસ્ટન્ટ કોચની ભૂમિકામાં છે. પરંતુ તેમની ભૂમિકા પણ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. તેથી બોર્ડે આ પગલું ભર્યું છે.

**ગંભીરના સપોર્ટ સ્ટાફ પર લટકતી તલવાર |** ક્રિકબઝના અહેવાલ મુજબ, સમીક્ષા બેઠક દરમિયાન વર્તમાન સપોર્ટ સ્ટાફને લઈને ચર્ચા થઈ હતી. જોકે, શું થયું તે સ્પષ્ટ નથી. પરંતુ એવા અહેવાલો સામે આવ્યા છે કે BCCI હવે ભારતીય ટીમની બેટિંગને સુધારવા માટે નિષ્ણાતો સાથે જવાનું વિચારી રહી છે.બીજી તરફ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સહાયક કોચ અભિષેક નાયર અને રેયાન ટેન દેશચેટ પર તલવાર લટકી રહી છે. તેઓ પ્રશ્નના ઘેરામાં છે અને તેમનો કાર્યકાળ પણ ટૂંકો થઈ શકે છે. તમને જણાવી દઈએ કે હાલમાં ગંભીરના સપોર્ટ સ્ટાફમાં અભિષેક નાયર અને રેયાન ટેન ડેસ્ચેટ આસિસ્ટન્ટ કોચ તરીકે, મોર્ને મોર્કેલ બોલિંગ કોચ અને ટી દિલીપ ફિલ્ડિંગ કોચ તરીકે હાજર છે.

**BCCIએ ગંભીર પરથી વિશ્વાસ ગુમાવ્યો? |** ભારતીય ટીમના પ્રદર્શનને લઈને BCCIએ 11 જાન્યુઆરીએ મુંબઈમાં સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કેપ્ટન રોહિત શર્મા, મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ હાજર હતા. ક્રિકબઝના અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન ઘણી ચર્ચા કર્યા પછી, ટીમ મેનેજમેન્ટ આ નિષ્કર્ષ પર પહોંચ્યું છે કે બેટિંગમાં સુધારો કરવા માટે, ગંભીરના સપોર્ટ સ્ટાફને મજબૂત કરવાની જરૂર છે, જેના માટે બેટિંગ કોચ લાવી શકાય. આ માટે બોર્ડે વિકલ્પો શોધવાનું શરૂ કર્યું છે.

# પાકિસ્તાનમાં ટ્રોફીની ટિકિટ પનીર કરતા પણ સસ્તી

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પાકિસ્તાન દ્વારા આયોજિત હાઈબ્રિડ મોડલ પર રમાશે. 8 ટીમો માટે રમાનારી આ ટુર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયા તેની તમામ મેચ દુબઈમાં રમશે. આ સિવાય બાકીની મેચો પાકિસ્તાનમાં રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફીની 8 વર્ષ પછી વાપસી થઈ રહી છે. અગાઉ ચેમ્પિયન્સ ટ્રોફી વર્ષ 2017માં રમાઈ હતી. આ ટૂર્નામેન્ટ દરમિયાન પાકિસ્તાનમાં રમાનારી મેચોની ટિકિટની કિંમત શું હશે તે અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે. પાકિસ્તાન દ્વારા રાખવામાં આવેલી ટિકિટની કિંમત ભારતમાં 1 કિલો પનીરની કિંમત કરતાં ઓછી છે. ભારતમાં 1 કિલો પનીર લગભગ 400 રૂપિયામાં મળે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફીની સૌથી સસ્તી ટિકિટ 1000 પાકિસ્તાની રૂપિયા રાખી છે, જે ભારતમાં 310 રૂપિયાની બરાબર હશે. PTIના અહેવાલ મુજબ, PCBએ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં યોજાનારી મેચોની સૌથી સસ્તી ટિકિટ 1000 પાકિસ્તાની રૂપિયામાં રાખી છે. બીજી તરફ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રાવલપિંડીમાં યોજાનારી મેચની ટિકિટની કિંમત 2000 પાકિસ્તાની રૂપિયા નક્કી કરી છે, જે ભારતીય રૂપિયામાં 620 રૂપિયા છે. આ સિવાય પાકિસ્તાનમાં સેમીફાઈનલ મેચની ટિકિટની કિંમત 2500 પાકિસ્તાની રૂપિયા (776 ભારતીય રૂપિયા) થી શરૂ થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાના ઘરે યોજાનારી તમામ મેચોની VVIP ટિકિટની કિંમત 12000 પાકિસ્તાની રૂપિયા (3726 ભારતીય રૂપિયા) રાખી છે. પરંતુ સેમીફાઈનલમાં VVIP ટિકિટ માટે ચાહકોએ 25000 પાકિસ્તાની રૂપિયા (7764 ભારતીય રૂપિયા) ખર્ચવા પડશે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા આ ટીમને મોટો ઝટકો, સ્ટાર બોલર ઈજાના કારણે બહાર

નવી દિલ્હી | દક્ષિણ આફ્રિકાની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ઝડપી બોલર એનરિક નોર્ટજે ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયા છે. નોર્ટજે પીઠની ઈજાથી પીડાઈ રહ્યો છે અને તેના કારણે તેને ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું છે. ઝડપી બોલરની ગેરહાજરી પ્રોટીઝ ટીમ માટે મોટો ઝટકો છે. પોતાની ગતિથી, નોર્ટજે કોઈપણ બેટિંગ લાઈનઅપને પૂર્ણ કરવાની શક્તિ ધરાવે છે. 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલાં જ દક્ષિણ આફ્રિકાને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ઝડપી બોલર એનરિક નોર્ટજે ઈજાના કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. એનરિક નોર્ટજેને કમરની તકલીફ છે અને તેના કારણે તે આવતા મહિને ટુર્નામેન્ટમાં ભાગ લેશે નહીં. ઈજાને કારણે એનરિક નોર્ટજે ભારતીય ધરતી પર રમાયેલા ODI વર્લ્ડકપમાં પણ જોવા મળ્યો ન હતો. તેને પોતાની છેલ્લી વનડે 15 મહિના પહેલા રમી હતી. સોમવારે આ ઝડપી બોલરને સ્કેન માટે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેની ઈજા કેટલી હદ સુધી પહોંચી તે બહાર આવ્યું હતું. મેડિકલ રિપોર્ટ મુજબ તે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ફિટ રહેશે નહીં. એનરિક નોર્ટજેએ દક્ષિણ આફ્રિકા માટે પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ T20 વર્લ્ડકપની ફાઈનલમાં રમી હતી, જ્યાં પ્રોટીઝ ટીમ ભારત સામે હારી ગઈ હતી. ત્યારથી તે દક્ષિણ આફ્રિકાની ટીમનો ભાગ રહ્યો નથી. તેને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. નોર્ટજે દક્ષિણ આફ્રિકા ટી20 લીગની બાકીની મેચોમાં પણ રમતા જોવા મળશે નહીં. નોર્ટજે પોતાની ગતિથી શ્રેષ્ઠ બેટ્સમેનોને પણ હરાવવા માટે જાણીતા છે. દક્ષિણ આફ્રિકાની ટીમે હજુ સુધી નોર્ટજેના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી.

# વિરાટ કોહલી-અનુષ્કા શર્માના હોલિડે હોમમાં થશે ગૃહપ્રવેશ પૂજા!

(એજન્સી) નવી દિલ્હી | તા 16



બોલીવુડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા હાલમાં તેના પતિ વિરાટ કોહલી સાથે ભારતમાં છે. ઘણા સમય પછી, અનુષ્કા અને વિરાટ તેમના બાળકો સાથે ભારત પાછા ફર્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી અનુષ્કા અને વિરાટ વારંવાર મુંબઈ અને અલીબાગ વચ્ચે મુસાફરી કરતા જોવા મળ્યા છે. તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે, જેના પછી એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને સ્ટાર્સ અલીબાગમાં તેમના નવા ઘરનું ગૃહપ્રવેશ કરવાના છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે અનુષ્કા અને વિરાટ માટે કામ કરતા લોકો પૂજા સામગ્રી લઈને ફેરી દ્વારા અલીબાગ જઈ રહ્યા છે. વિરાટ અને અનુષ્કા પણ અલીબાગ જવા રવાના થઈ ગયા છે, જ્યાં તેમના નવા ઘરની ગૃહપ્રવેશ પૂજા યોજાશે.

## ઘણીવાર લંડનમાં રહે છે અનુષ્કા-વિરાટ

વિરાટ અને અનુષ્કા મોટાભાગે તેમના બાળકો સાથે લંડનમાં રહે છે. પરંતુ જ્યારે પણ વિરાટ ક્રિકેટ માટે બીજા દેશમાં જાય છે, ત્યારે અનુષ્કા પણ ઘણીવાર તેની સાથે જાય છે. અનુષ્કા અને વિરાટ થોડા દિવસ પહેલા જ ભારત પાછા ફર્યા છે. 12 જાન્યુઆરીએ અનુષ્કા-વિરાટ અલીબાગથી મુંબઈ પાછા ફર્યા અને તે જ દિવસે તેઓ ત્યાં પાછા ગયા. અનુષ્કા અને વિરાટે અલીબાગમાં એક અદ્ભુત હોલિડે હોમ બનાવ્યું છે.

## અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીનું નવું ઘર

15 જાન્યુઆરી, 2025 ના રોજ, વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા અલીબાગથી મુંબઈ ગયા અને પછી મુંબઈથી અલીબાગ પાછા ફર્યા. બુધવારે સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો સામે આવ્યા જેમાં અનુષ્કા-વિરાટનો સ્ટાફ હાઉસવોર્મિંગ વસ્તુઓ લઈને જતો જોવા મળ્યો. અનુષ્કા-વિરાટના નવા ઘરની ગૃહપ્રવેશ પૂજામાં કઈ સેલિબ્રિટીઓ હાજરી આપશે તે જાણી શકાયું નથી, પરંતુ વિરાટ-અનુષ્કા તેમના બાળકો વામિકા, અકય અને પરિવારના કેટલાક સભ્યો સાથે ચોક્કસપણે તેમાં હાજરી આપી શકે છે. થોડા સમય પહેલા સુધી વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયામાં 2024-25 બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં રમી રહ્યો હતો. વિરાટ સાથે તેની પત્ની અનુષ્કા અને બાળકો વામિકા અને અકાય પણ હતા. વિરાટની ઘણી મેચો દરમિયાન, અનુષ્કા ટીમ ઈન્ડિયા અને તેના પતિ માટે ચીયર કરતી પણ જોવા મળી હતી. પરંતુ હવે આ કપલ ભારતમાં છે અને અલીબાગમાં તેમના નવા ઘરની ગૃહપ્રવેશ પૂજાની તૈયારી કરી રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ પૂજા 15 જાન્યુઆરી એટલે કે આજે થઈ શકે છે. હવે ફેન્સ આ પૂજાની તસવીરો સોશિયલ મીડિયા પર આવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# જસપ્રીત બુમરાહની ઈજા પર જુઠ્ઠાણું ફેલાવવામાં આવ્યું, ભારતીય બોલરે ખુલ્લેઆમ લગાવી ક્લાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ટીમ ઈન્ડિયાનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં સૌથી સફળ બોલર રહ્યો હતો. પરંતુ છેલ્લી મેચ દરમિયાન તે થોડી મુશ્કેલીમાં જોવા મળ્યો હતો, જેના કારણે તેણે છેલ્લી ઈનિંગમાં બોલિંગ કરી ન હતી. આ પછી સમાચાર આવ્યા કે તે પીઠની ઈજાથી પીડાઈ રહ્યો છે, જેના કારણે તે પહેલા પણ ઘણી વખત પરેશાન થઈ ગયો હતો. આવી સ્થિતિમાં બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. આ બધાની વચ્ચે જસપ્રીત બુમરાહે આ સમાચાર પર આકરી પ્રતિક્રિયા આપી છે જેમાં કહેવામાં આવ્યું હતું કે તેને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. હકીકતમાં, એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે બુમરાહને ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ તેની પીઠ પર સોજો આવી ગયો હતો. જેના કારણે તેને 'બેડ રેસ્ટ'ની સલાહ આપવામાં આવી છે. એટલે કે જ્યાં સુધી તે સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેણે બેડ રેસ્ટ પર રહેવું પડશે. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવ્યું હતું કે બુમરાહે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેન્ટર ઓફ એક્સેલન્સની મુલાકાત લેવી પડશે, પરંતુ તેની મુલાકાતની તારીખ નક્કી કરવામાં આવી નથી. પરંતુ જસપ્રીત બુમરાહે હવે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી તેને ફેક ન્યૂઝ ગણાવી છે. X પર એક પોસ્ટ શેર કરતી વખતે જસપ્રીત બુમરાહે લખ્યું, 'હું જાણું છું કે ફેક ન્યૂઝ ફેલાવવાનું સરળ છે પરંતુ આનાથી મને હસવું આવ્યું.' તમને જણાવી દઈએ કે, બુમરાહ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈજાગ્રસ્ત થયો હતો. તે પ્રથમ દાવમાં પૂરી તાકાતથી બોલિંગ કરી શક્યો ન હતો અને પછી તેણે મેદાન છોડવું પડ્યું હતું. આ પછી તેને સ્કેનિંગ માટે પણ મોકલવામાં આવ્યો હતો. આ ઘટના બાદ તેની ઈજાના ઘણા અહેવાલો સામે આવ્યા હતા, પરંતુ BCCIએ હજુ સુધી તેના વિશે કોઈ સત્તાવાર માહિતી આપી નથી. જસપ્રીત બુમરાહે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં 32 વિકેટ લીધી હતી, આ મજબૂત પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ સિરીઝ પણ પસંદ કરવામાં આવ્યો હતો. બુમરાહે ગયા વર્ષે T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાને ખિતાબ જીતવામાં મદદ કરવામાં સૌથી મોટો ફાળો આપ્યો હતો. આવી સ્થિતિમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં જસપ્રીત બુમરાહનું રમવું ટીમ ઈન્ડિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. BCCIએ આ ટુર્નામેન્ટ માટે હજુ સુધી ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી નથી. આવી સ્થિતિમાં બુમરાહની ઈજા કેટલી ગંભીર છે તે ટીમ જાહેર થશે ત્યારે જ ખબર પડશે.

# મેદાન પર પોતાના ગુસ્સા માટે ફેમસ છે 'વિરાટ'

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારત vs ઓસ્ટ્રેલિયા, 2012 (એડિલેડ) - આ મેચ દરમિયાન વિરાટ કોહલીની ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ સાથે ઉગ્ર દલીલ થઈ હતી. તેણે ઘણીવાર મેદાન પર પોતાની લાગણીઓ વ્યક્ત કરી, અને તે તેના ગુસ્સાના કારણે ફેન્સની નારાજગીનો ભોગ બન્યો હતો. ભારત vs ઈંગ્લેન્ડ, 2014 (નોટિંગહામ) - 2014માં ઈંગ્લેન્ડ સામેની એક ટેસ્ટ મેચમાં કોહલીનો ઈંગ્લેન્ડના ખેલાડીઓ સાથે ઝઘડો થયો હતો. વિરાટ કોહલીએ જોની બેયરસ્ટો અને અન્ય ખેલાડીઓ સાથે ગુસ્સાથી વાતચીત કરી હતી. ભારત vs પાકિસ્તાન, 2015 (એડિલેડ) - પાકિસ્તાન સામેની મેચ દરમિયાન પણ વિરાટે પોતાની લાગણીઓ ગુસ્સા દ્વારા વ્યક્ત કરી હતી. તેની આક્રમકતા ખાસ કરીને વિરોધી ટીમના ખેલાડીઓને જે રીતે જવાબ આપ્યો તેમાં સ્પષ્ટ દેખાતી હતી. ભારત vs અફઘાનિસ્તાન, 2018 (દુબઈ) - આ મેચ દરમિયાન પણ વિરાટ કોહલીએ અમ્પાયરના નિર્ણય બાદ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો, જે ક્રિકેટ ચાહકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ભારત vs ઓસ્ટ્રેલિયા, 2024 (મેલબોર્ન) - હાલમાં જ સમાપ્ત થયેલ બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં પણ વિરાટનો આક્રમક અંદાજ જોવા મળ્યો હતો. ઓસ્ટ્રેલિયન યુવા ઓપનર સેમ કોન્સ્ટાસને કોણી મારવા પર વિરાટની ખૂબ આલોચના થઈ હતી. આખી સિરીઝમાં વિરાટ આક્રમક મૂળમાં જોવા મળ્યો હતો.

# રોહિત બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાએ રચ્યો ઈતિહાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં 15મી જાન્યુઆરીનો દિવસ ખૂબ જ ખાસ બની ગયો છે. આ દિવસે ભારતીય પુરુષ અને મહિલા ટીમ દ્વારા મોટો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. ભારતીય મહિલા ટીમે 15 જાન્યુઆરીએ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે આયર્લેન્ડ સામે ODI મેચમાં કેટલાક રેકોર્ડ બનાવ્યા હતા. જેમાં એક મોટો રેકોર્ડ પણ સામેલ છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે 15મી જાન્યુઆરીએ એક સિદ્ધિ હાંસલ કરી હતી જે ભારતીય પુરૂષ ટીમે બે વર્ષ પહેલા આ જ તારીખે હાંસલ કરી હતી. વાસ્તવમાં, ભારતીય મહિલા ટીમે આ મેચમાં આયર્લેન્ડને 304 રનના માર્જિનથી હરાવ્યું હતું. ODI ક્રિકેટના ઈતિહાસમાં ભારતની આ સૌથી મોટી જીત છે. બે વર્ષ પહેલા 15 જાન્યુઆરીએ ભારતીય પુરુષ ટીમે પણ ODI ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટી જીત હાંસલ કરી હતી. ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને 317 રનના માર્જિનથી હરાવ્યું હતું. એટલે કે ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ




એક જ તારીખે તેમની ODI ઈતિહાસની સૌથી મોટી જીત હાંસલ કરી છે. એવામાં 15 જાન્યુઆરીનો દિવસ ભારતીય ક્રિકેટ માટે ખૂબ જ ખાસ બની ગયો છે.

# ટીમ ઈન્ડિયાએ ODI ઈતિહાસમાં નોંધાવી સૌથી મોટી જીત

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો છે. તેને ODI ક્રિકેટમાં પોતાની સૌથી મોટી જીત નોંધાવી છે. સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપ હેઠળની ટીમ ઈન્ડિયાએ રાજકોટમાં આયર્લેન્ડને 304 રનથી હરાવ્યું. આ જીત સાથે ભારતે સિરીઝ 3-0થી જીતી લીધી છે. ભારત તરફથી સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે વિસ્ફોટક સદી ફટકારી હતી. પ્રતિકાએ 154 રનની ઈનિંગ રમી. આ રીતે ભારતે આયર્લેન્ડને 436 રનનો લક્ષ્યાંક આપ્યો. ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરી. આ દરમિયાન સ્મૃતિ મંધાના અને પ્રતિકા ઓપનિંગ કરવા આવી. પ્રતિકા રાવલે 154 રનની ઈનિંગ રમી હતી. જ્યારે સ્મૃતિ મંધાનાએ 135 રનની ઈનિંગ રમી હતી. રિચા ઘોષે 59 રનની વિસ્ફોટક ઈનિંગ રમી. તેને 10 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ આયર્લેન્ડને 436 રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં આઈરિશ ટીમ 31.4 ઓવરમાં 131 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન સ્મૃતિ અને પ્રતિકાએ ઈનિંગ્સની શરૂઆત કરીને ભારતને મજબૂત શરૂઆત અપાવી. આ બંને વચ્ચે 200 થી વધુ રનની ભાગીદારી થઈ. મંધાનાએ 12 ચોગ્ગા અને 7 છગ્ગાની મદદથી 135 રન બનાવ્યા. આ સાથે પ્રતિકાની તોફાની ઈનિંગ્સ પણ જોવા મળી. તેણે 20 ચોગ્ગા અને 1



## વનડેમાં રનની દ્રષ્ટિએ મહિલા ટીમ ઈન્ડિયાની સૌથી મોટી જીત

304 રન વિરુદ્ધ આયર્લેન્ડ, રાજકોટ, 2025
249 રન વિરુદ્ધ આયર્લેન્ડ, પોચેફસ્ટ્રુમ, 2017
211 રન વિ વેસ્ટ ઈન્ડિઝ, વડોદરા, 2024
207 રન વિરુદ્ધ પાકિસ્તાન, દામ્બુલા, 2008
193 રન વિરુદ્ધ પાકિસ્તાન, કરાચી, 2005

છગ્ગાની મદદથી 154 રન બનાવ્યા. ભારતે આપેલા લક્ષ્યનો પીછો કરવા માટે આયર્લેન્ડની ટીમ 131 રનના સ્કોર પર જ હારનો સામનો કરી ગઈ. તેના માટે સારાહ ફોર્બ્સે 41 રનની ઈનિંગ રમી. ઓર્લાએ 36 રનનું યોગદાન આપ્યું. આ સિવાય બીજું કોઈ ખાસ કંઈ કરી શક્યું નહીં. આ દરમિયાન ભારત માટે દીપ્તિ શર્માએ ઘાતક બોલિંગ કરી. તેણે 8.4 ઓવરમાં 27 રન આપીને 3 વિકેટ લીધી. તનુજાએ 9 ઓવરમાં 31 રન આપીને 2 વિકેટ ઝડપી. તિતાસ, સયાલી અને મિન્નુએ 1-1 વિકેટ લીધી. મહિલા ટીમ ઈન્ડિયાએ ODI સિરીઝમાં આયર્લેન્ડને 3-0થી હરાવ્યું. ભારતે પહેલી મેચ 6 વિકેટથી જીતી હતી. આ પછી બીજી મેચ 116 રનથી જીતી ગઈ. ત્રીજી વનડે 304રનથી જીતી લીધી છે.

**24 કલાકમાં ભારત સમક્ષ આત્મસમર્પણ :** એકનું શટર બંધ, એકે માફી માંગી......

# અમેરિકાના બે 'બાહુબલી'ઓ ભારત સામે ઝૂક્યા

(એજન્સી) ન્યૂયોર્ક | તા 16

૨૪ કલાકમાં બે મોટી અમેરિકન કંપનીઓએ ભારત સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. આ બંને કંપનીઓ પોતપોતાના ક્ષેત્રમાં દિગ્ગજ છે. એક માર્ક ઝુકરબર્ગનું મેટા અને બીજું હિન્ડનબર્ગ રિસર્ચ. ખાસ કરીને મેટા, જ્યાં ઝુકરબર્ગ વિશ્વમાં ભારત વિશે ખોટા સમાચાર ફેલાવી રહ્યો હતો, ત્યાં હિન્ડેનબર્ગ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના જૂથ વિરુદ્ધ અહેવાલો જારી કરી રહ્યો હતો. મેટાને તેની ભૂલનો અહેસાસ થયો છે અને તેણે માફી માંગી છે, જ્યારે હિન્ડનબર્ગનું શટર ડાઉન કરવામાં આવ્યું છે. તેમણે શુક્રવારે આ જાહેરાત કરી. ચાલો પહેલા હિન્ડેનબર્ગ વિશે વાત કરીએ. હિન્ડનબર્ગ રિસર્ચ છેલ્લા કેટલાક વર્ષોથી અદાણી ગ્રુપ વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યું છે. ૨૦૨૩માં પ્રકાશિત થયેલા તેના અહેવાલમાં અદાણી ગ્રુપ પર શેરના ભાવમાં છેડછાડ અને નાણાકીય અનિયમિતતાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તે સમયે, ભારતીય અબજોપતિને અબજો ડોલરનું નુકસાન થયું હતું.



### હિન્ડનબર્ગનું શટર ડાઉન કરવામાં આવ્યું

અદાણી અને તેમની કંપનીઓએ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. હિન્ડેનબર્ગ એક અમેરિકન રોકાણ અને સંશોધન કંપની છે. તેને બંધ કરવાનો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે અમેરિકામાં સત્તાનું હસ્તાંતરણ થવાનું છે. નાથન એન્ડરસને તેની શરૂઆત 2017 માં કરી હતી.

### કંપની કેમ બંધ થઈ?

'તે શા માટે બંધ થવું જોઈએ?' એન્ડરસને કહ્યું. કોઈ ચોક્કસ કારણ નથી. કોઈ જોખમ નથી, કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નથી અને કોઈ વ્યક્તિગત સમસ્યા નથી. કોઈએ મને એકવાર કહ્યું હતું કે એક ચોક્કસ સમયે સફળ કારકિર્દી સ્વાર્થી કૃત્ય બની જાય છે. શરૂઆતમાં, મને લાગ્યું કે મારે મારી જાતને અમુક બાબતો સાબિત કરવાની જરૂર છે. હવે મને મારા માટે થોડી શાંતિની જરૂર છે.તેણે ભવિષ્ય માટે પૂરતા પૈસા બચાવ્યા છે.

**મેટાએ માફી માંગી :** મહાભિયોગ ફેસબુકની પેરેન્ટ કંપની મેટાએ માર્ક ઝુકરબર્ગની તે ટિપ્પણી બદલ માફી માંગી છે જેમાં તેમણે કહ્યું હતું કે ભારતની વર્તમાન સરકાર 2024ની ચૂંટણી હારી ગઈ છે. ઝુકરબર્ગે એક પોડકાસ્ટમાં કહ્યું કે, કોવિડ રોગચાળા પછી 2024ની ચૂંટણીમાં ભારત સહિત મોટાભાગની વર્તમાન સરકારોને હારનો સામનો કરવો પડ્યો. ભારત સરકારે તેમના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો.

એક તરફ આભાર, બીજી તરફ અધૂરી ડીલ

# ઈઝરાયલના વડાપ્રધાનની યુદ્ધવિરામ પર બેવડી વાત

(એજન્સી) જેરુસલેમ | તા 16

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે હમાસ સાથે યુદ્ધવિરામ કરાર હજુ પૂર્ણ થયો નથી. હાલમાં, આ કરારની અંતિમ દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે, નેતન્યાહુનું નિવેદન યુએસ રાષ્ટ્રપતિ જો બાઈડન અને કતારના પીએમ દ્વારા કરારની જાહેરાતના થોડા કલાકો પછી આવ્યું છે. બંને દેશોના વડાઓએ ગાઝામાં 15 મહિનાથી ચાલી રહેલા વિનાશક યુદ્ધને રોકવા અને ડઝનબંધ બંધકોને મુક્ત કરવા અંગે નિવેદનો આપ્યા હતા.

જ્યારે નેતન્યાહુએ ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામ કરાર માટે ટ્રમ્પ અને બાઈડનનો આભાર માન્યો હતો. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ અને બંધક કરાર બાદ, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ- ડોનાલ્ડ ટ્રમ્પ અને વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડન સાથે ચર્ચામાં જોડાયા હતા. વાતચીત દરમિયાન, નેતન્યાહુએ બંધકોને મુક્ત કરવામાં તેમના સમર્થન માટે આભાર વ્યક્ત કર્યો. એએફપી મુજબ, કતારના વડાપ્રધાને કહ્યું કે ગાઝામાં યુદ્ધવિરામ થશે અને યુદ્ધવિરામના પ્રથમ તબક્કામાં ઈઝરાયલના 33 બંધકોને મુક્ત કરવામાં આવશે.ઑક્ટોબર 2023માં ઈઝરાયલ પર હમાસના હુમલાથી શરૂ થયેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ, ઈજિપ્ત અને કતારે ગયા વર્ષે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો.

### સૌથી ઘાતક હુમલો 2023માં થયો હતો

AFP અનુસાર, 7 ઓક્ટોબર, 2023ના રોજ, હમાસ દ્વારા ઈઝરાયલ પર અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો કર્યા પછી ગાઝા સામે યુદ્ધ શરૂ થયું. આ વિનાશક યુદ્ધમાં 1,210 લોકો મૃત્યુ પામ્યા હતા. માર્યા ગયેલા મોટાભાગના નાગરિકો હતા. હમાસે હુમલા દરમિયાન 251 ઈઝરાયલીઓને બંધક બનાવી લીધા હતા, જેમાંથી 94 હજુ પણ ગાઝામાં બંધક છે.

## ન્યૂઝ બ્રીફ

### બાંગ્લાદેશમાં HMPV સંક્રમિત મહિલાનું મૃત્યુ, આ રોગોથી પીડાતી હતી



મુંબઈ | કોરોના પછી, હવે હ્યુમન મેટાપ્યુનોવાયરસ (HMPV) ના વધતા કેસોએ લોકોમાં ભય પેદા કરવાનું શરૂ કર્યું છે. ગુરુવારે લખનૌમાં HMPV ને કારણે પહેલું મૃત્યુ નોંધાયું હતું. ભારતના પડોશી દેશ બાંગ્લાદેશથી પણ આવા જ સમાચાર આવ્યા છે, ઢાકામાં 30 વર્ષીય HMPV સંક્રમિત મહિલાનું મૃત્યુ થયું. મહિલાને HMPV ની સાથે બીજી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ હતી. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ બાંગ્લાદેશમાં ચિંતા વધી ગઈ છે. કારણ કે બાંગ્લાદેશ હાલમાં રાજકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, તેનું આરોગ્ય માળખું કોઈપણ મોટી મહામારીનો સામનો કરવા માટે તૈયાર નથી.

### લોસ એન્જલસમાં લાગેલી આગમાં અત્યાર સુધી 25 લોકોના મોત

લોસ એન્જલસ | અમેરિકાના લોસ એન્જલસમાં લાગેલી આગને કારણે અત્યાર સુધીમાં 25 લોકોના મોત થયા છે જ્યારે અનેક લોકો ગુમ છે. ન્યૂઝ એજન્સી AP મુજબ 90 હજાર લોકોને ઈમરજન્સી એક્ઝિટ એલર્ટ આપવામાં આવી છે. પોલીસે અત્યાર સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંથી 50 લોકોની ધરપકડ કરી છે. આ લોકો પર લૂંટફાટ, ફાયર એરિયામાં ડ્રોન ઉડાડવા અને કર્ફ્યુનું ઉલ્લંઘન કરવા જેવા અનેક આરોપો છે. મંગળવારે પવનની ગતિ અનુમાન કરતાં ઓછી હતી, જેણે આગને કાબૂમાં લેવામાં બચાવ ટીમને ઘણી મદદ કરી હતી. હાલમાં પેલિસેડ્સ અને ઈટન સિવાય આગ લગભગ કાબુમાં છે. આગથી અત્યાર સુધીમાં 12 હજારથી વધુ ઈમારતો નાશ પામી છે, જ્યારે 155 ચોરસ કિલોમીટરનો વિસ્તાર રાખ થઈ ગયો છે.

### સાઉથ આફ્રિકામાં સોનાની ખાણમાં ફસાયેલા 100 મજૂરનાં મોત



સ્ટિલફોન્ટેન | દક્ષિણ આફ્રિકામાં ગેરકાયદેસર ખાણમાં 100 મજૂરોના મોતના કિસ્સાએ બધાને ચોંકાવી દીધા છે. ખાણમાં ફસાયેલા આ મજૂરો કેટલાય મહિનાઓથી ભૂખ અને તરસ સાથે ઝઝૂમી રહ્યા હતા. દક્ષિણ આફ્રિકાના સ્ટિલફોન્ટેન શહેર નજીક બફેલ્સફોન્ટેનમાં આવેલી સોનાની ખાણોમાં લગભગ 100 કામદારો ફસાયા હતા. તેમને બહાર કાઢતી વખતે ખબર પડી કે તેઓ ભૂખ અને તરસના કારણે મૃત્યુ પામ્યા છે. હજુ પણ 500 જેટલા કામદારો ત્યાં ફસાયેલા હોવાની શક્યતા છે. આ ઘટના સંબંધિત માહિતી મજૂરો દ્વારા મોબાઈલ ફોન દ્વારા મોકલવામાં આવેલા વીડિયોમાંથી મળી હતી, જેમાં પ્લાસ્ટિકમાં લપેટેલા મૃતદેહો બતાવવામાં આવ્યા છે.

**WANTED :** પત્નીની હત્યા કરીને ભાગ્યો, FBIની ટોપ 10 ભાગેડુની યાદીમાં સામેલ


# અમેરિકામાં અમદાવાદી યુવક મોસ્ટ વોન્ટેડ: FBIએ 2,50,000 ડોલરનું ઈનામ જાહેર કર્યું

(એજન્સી) ન્યૂયોર્ક | તા 16


અમેરિકાની FBI (ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન) એક ભારતીય યુવકને શોધી રહી છે. આ ભારતીય યુવક પર અમેરિકાએ 2,50,000 ડોલરનું ઈનામ પણ જાહેર કર્યુ છે. સૌથી મોટી વાત એ છે કે આ ભારતીય હવે FBIના મોસ્ટ વોન્ટેડ 10 ભાગેડુની યાદીમાં સામેલ છે. આ યુવક અમદાવાદનો રહેવાસી છે અને પત્ની સાથે અમેરિકામાં રહેતો હતો, જેને અમેરિકાની પોલીસ શોધી રહી છે. FBIની ટોપ 10 યાદીમાં સામેલ તે ભાગેડુનું નામ ભદ્રેશકુમાર પટેલ છે, જેને અમેરિકા શોધી રહ્યું છે. ભદ્રેશ અમેરિકા અને ભારત બંનેમાં મોસ્ટ વોન્ટેડ છે. 32 વર્ષીય ગુજરાતી પટેલ મેરીલેન્ડમાં એપ્રિલ 2015માં તેની પત્નીની હત્યા મામલે વોન્ટેડ છે. હવે તેનું નામ એફબીઆઈની દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુની યાદીમાં સામેલ થઈ ગયું છે.

### અમેરિકાની પોલીસ 32 વર્ષના અમદાવાદીને શોધી રહી છે

ગુજરાતના અમદાવાદનો રહેવાસી ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલ તેની પત્ની પલક સાથે અમેરિકામાં કોફી શોપમાં કામ કરતો હતો. બંનેનાં લગ્નને થોડા સમય થયા બાદ જ તેઓ અમેરિકા ગયાં હતાં અને વર્ક વિઝા પર હતાં. તપાસમાં જાણવા મળ્યું કે પલકના વિઝાની મુદત તેના મૃત્યુના લગભગ થોડા દિવસો પહેલાં પૂરી થઈ ગઈ હતી. એવું માનવામાં આવે છે કે પલક ભારત પરત ફરવા માગતી હતી, પરંતુ પટેલ તેના વિરુદ્ધમાં હતો અને તેથી તેણે પલકની હત્યા કરી હતી. એફબીઆઈને શંકા છે કે હત્યા બાદ પટેલ કેનેડા અથવા એક્વાડોર ભાગી ગયો છે.




### 2015થી અમેરિકાની પોલીસ ભદ્રેશને શોધી રહી છે



એપ્રિલ 2015માં બાલ્ટીમોરમાં યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે પટેલની ધરપકડ માટે વોરંટ જારી કર્યું, કારણ કે તે કાર્યવાહીમાંથી ભાગી ગયો હતો. એફબીઆઈએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે પટેલ, જે છેલ્લે ન્યૂજર્સીની એક હોટલથી નેવાર્ક ટ્રેન સ્ટેશન સુધી કેબમાં મુસાફરી કરતો દેખાયો હતો.

**કોણ છે ભદ્રેશ પટેલ ? :** ચિન્મય 2015માં ભદ્રેશકુમાર પટેલે હેનોવર, મેરીલેન્ડમાં ડંકિન ડોનટ્સમાં કામ કરતી વખતે તેની પત્ની પલકની હત્યા કરી હતી. તેણે કથિત રીતે તેની પત્નીને દુકાનના પાછળના રૂમમાં છરીના અનેક ઘા મારી હુમલો કર્યો હતો, પત્નીના શરીર પર અનેક ઘાનાં નિશાન હતાં. ગ્રાહકોની સામે બનેલી આ ભયાનક ઘટના કેમેરામાં કેદ થઈ હતી.

**ભદ્રેશ પટેલ અને તેમની પત્ની પલક વચ્ચે શું હતો વિવાદ? :** પલક ભારત પરત ફરવા માગતી હતી, કારણ કે તેની હત્યાના એક મહિના પહેલાં દંપતીના વિઝા પૂરા થવાના હતા. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, પલક અમેરિકા આવવાની વિરુદ્ધ હતી, જ્યારે ભદ્રેશ ત્યાં જ રહેવા માગતો હતો.

**■ પટેલ પર 250,000 ડોલરનું ઈનામ**

FBIએ શુક્રવારે ભદ્રેશકુમાર પટેલની ધરપકડ તરફ દોરી જાય એવી કોઈપણ માહિતી માટે 250,000 ડોલર સુધીના ઈનામની જાહેરાત કરી હતી. અગાઉ ટ્વિટર પરની એક પોસ્ટમાં ફેડરલ એજન્સીએ લખ્યું- એફબીઆઈ દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુમાં સામેલ ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલની માહિતી આપવા બદલ 250,000 ડોલર સુધીનું ઈનામ આપશે.

**■ પત્નીની હત્યા કરી ભદ્રેશ ફરાર**

12 એપ્રિલ 2015ની એ રાત હતી, જ્યારે ભદ્રેશ તેની પત્ની પલક સાથે છેલ્લીવાર દેખાયો હતો. રવિવારે રાત્રે નવ વાગ્યા આસપાસ જે બેકરીમાં બંને કામ કરતાં હતાં ત્યાં જ તેઓ હાજર હતાં. FBIની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી મુજબ, બંને ત્યારે નાઈટ શિફ્ટમાં કામ કરી રહ્યાં હતાં. એ વખતે ભદ્રેશ પલકને શોપમાં અંદરના ભાગે લઈ ગયો હતો. ત્યાર બાદ માત્ર 40 જ સેકન્ડમાં ભદ્રેશ એકલો ત્યાંથી બહાર નીકળતો દેખાયો હતો. આ ઘટનાના થોડા સમય બાદ લોહીલુહાણ હાલતમાં પલક પટેલની લાશ મળી હતી.

ટેસ્લાના માલિક ઈલોન મસ્કનો દાવો...

# ઈરાનની જેલમાંથી ઈટાલિયન પત્રકારને છોડાવી



(એજન્સી) ન્યૂયોર્ક | તા 16

ઈરાને ગયા વર્ષે ડિસેમ્બરમાં ઈરાનના કાયદાનો ભંગ કરવાના આરોપમાં ઈટાલીની પત્રકાર સેસિલિયા સાલાની ધરપકડ કરી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ, ટેસ્લાના માલિક ઈલોન મસ્કની મદદથી સેસિલિયાને ઈરાનની જેલમાંથી મુક્ત કરવામાં આવી હતી.

સેસિલિયાની આઝાદીના બદલામાં, ઈટાલીએ ઈરાની ઈજનેર મોહમ્મદ અબેદીની નજફાબાદીને મુક્ત કર્યો છે. અબેદીની પર ઈરાન સમર્થિત વિદ્રોહી સંગઠનોને ડ્રોન ટેક્નોલોજી આપવાનો આરોપ છે.

રિપોર્ટ અનુસાર, સેસિલિયા સાલાની ધરપકડ બાદ તેના બોયફ્રેન્ડ ડેનિયલ રેનેરીએ મદદ માટે એલોન મસ્કનો સંપર્ક કર્યો હતો. આ પછી, મસ્કે બંને દેશો વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા ભજવી અને કેદીઓની અદલાબદલી માટે ડીલને અંતિમ સ્વરૂપ આપ્યું. જો કે, આ ડીલમાં મસ્કની સીધી ભાગીદારીની વિગતો હજુ સુધી સામે આવી નથી.

19 ડિસેમ્બર 2024 ના રોજ અટકાયતમાં લેવામાં આવેલ, સીસિલિયા 8 જાન્યુઆરી 2025ના રોજ ઈટાલી પરત ફરી. સાલાની મુક્તિ પછી, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મિલોનીએ X- પર લખ્યું

હું દરેક વ્યક્તિનો આભાર વ્યક્ત કરવા માંગુ છું કે જેમણે સેસિલિયાની મુક્તિને શક્ય બનાવવામાં યોગદાન આપ્યું છે.

ઈટાલિયન પત્રકારની મુક્તિના ચાર દિવસ પછી, ઈરાની એન્જિનિયરને મુક્ત કરવામાં આવ્યો. ઈરાનના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ડીલ ઈટાલી અને ઈરાન વચ્ચેના પરસ્પર સહયોગના કારણે પૂર્ણ થઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી, વિશ્વભરમાં ડિપ્લોમેસી ક્ષેત્રે ઈલોન મસ્કનું કદ ઝડપથી વધ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મસ્ક અગાઉ ઈરાન સાથે બેકડોરથી વાત કરી ચૂક્યા છે.

# હજમાં 1,300 લોકોના મોતથી સાઉદી અરેબિયાએ શીખ્યો મોટો પાઠ



(એજન્સી) ન્યૂયોર્ક | તા 16

દર વર્ષે લાખો મુસ્લિમો ઈસ્લામિક દેશ સાઉદી અરેબિયાના મક્કામાં હજ માટે જાય છે. ગયા વર્ષે, ભારે ગરમીને કારણે 1,300 હજયાત્રીઓના મૃત્યુ થયા હતા, જેના કારણે સાઉદી અરેબિયાને ગરમીથી બચાવવા માટે પૂરતી વ્યવસ્થા ન કરવા બદલ ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ વર્ષે હજ પણ ગયા વર્ષની જેમ જૂનમાં થવા જઈ રહી છે, જેના કારણે સાઉદી અરેબિયાની ચિંતા પહેલાથી જ વધી ગઈ છે.

**હજ યાત્રા ખુલ્લામાં પાંચથી છ દિવસ ચાલે છે :** હજ ઈસ્લામના પાંચ સ્તંભોમાંથી એક છે. ઈસ્લામમાં, હજ એ મુસ્લિમો માટે ફરજિયાત છે જેઓ આર્થિક અને શારીરિક રીતે સક્ષમ છે. તે વર્ષના કોઈપણ મહિનામાં આવી શકે છે.

**નિષ્ણાતોના મતે યાત્રીઓના મોત ગરમીના કારણે થયા :** નિષ્ણાતો સલાહ આપી છે કે સાઉદી અધિકારીઓએ હજ માટે આધુનિક તૈયારીઓ કરવી જોઈએ યાત્રાળુઓને ગરમીથી બચાવી શકાય. વિશ્લેષકો કહે છે આ વર્ષે હજમાં આવી ઘટના ન બને તેની વ્યવસ્થા કરી રહ્યા છે.

# ટ્રમ્પના આવ્યા બાદ...ચીન અને અમેરિકાના સંબંધો સુધરશે કે બગડશે ?

ન્યૂયોર્ક | અમેરિકાના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝે ચીનને લઈને ટ્રમ્પ પ્રશાસનનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે કહ્યું કે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે અમેરિકા ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથેના મુકાબલો ટાળી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

પરંતુ, આ દરમિયાન, તેમની વિદેશ નીતિ કેવી હશે, ખાસ કરીને ચીન સાથેના અમેરિકાના સંબંધોને લઈને ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે. દરમિયાન, અમેરિકાના નવા નિયુક્ત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈક વોલ્ટ્ઝે સ્થિતિને ઘણી હદ સુધી સ્પષ્ટ કરી છે. માઈક વોલ્ટ્ઝે આઉટગોઈંગ પ્રેસિડેન્ટ જો બિડેનની ચીન અને ઈન્ડો-પેસિફિક નીતિના ઘણા પાસાઓને ચાલુ રાખવાનો સંકેત આપ્યો છે.

# ભારતીયોને ટ્રમ્પ પર ભરોસો, 84% લોકોએ કહ્યું કે બીજી ટર્મ ફાયદાકારક

### યુરોપિયન થિંક-ટેન્ક દ્વારા કરાયેલા સર્વેમાં ખુલાસો થયો છે

(એજન્સી) વોશિંગ્ટન | તા 16

યુરોપિયન થિંક-ટેન્ક દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક સર્વેમાં, મોટાભાગના ભારતીયો માને છે કે ડોનાલ્ડ ટ્રમ્પનું યુએસ રાષ્ટ્રપતિ તરીકે પુનરાગમન વિશ્વમાં શાંતિ અને ભારત-અમેરિકા સંબંધો માટે સારી બાબત હશે. યુરોપિયન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ (ECFR) એ ઓક્સફર્ડ યુનિવર્સિટીના 'યુરોપ ઈન અ ચેન્જિંગ વર્લ્ડ' પ્રોજેક્ટ સાથે મળીને આ સર્વે હાથ ધર્યો હતો. એવું જાણવા મળ્યું કે ઘણા દેશોના લોકો ટ્રમ્પના બીજા કાર્યકાળ પ્રત્યે સકારાત્મક વલણ ધરાવે છે. પીટીઆઈ અનુસાર, સર્વેમાં ભારતને 'ટ્રમ્પ વેલકમર્સ' ની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે ટ્રમ્પનો બીજો કાર્યકાળ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે સારો હોઈ શકે છે. સર્વે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત, ચીન, તુર્કી અને બ્રાઝિલ જેવા દેશોમાં મોટાભાગના લોકો માને છે કે ટ્રમ્પનું રાષ્ટ્રપતિ બનવું અમેરિકા, તેમના દેશ અને વૈશ્વિક શાંતિ માટે ફાયદાકારક રહેશે.

સર્વે મુજબ, ભારતમાં 82% લોકો માને છે કે ટ્રમ્પની જીત વિશ્વમાં શાંતિ માટે સારી છે. ૮૪% લોકો કહે છે કે આ ભારત માટે સકારાત્મક છે. અને ૮૫% લોકોએ તેને અમેરિકન નાગરિકો માટે ફાયદાકારક માન્યું.

બીજી તરફ, 'નેવર ટ્રમ્પર્સ' નામની શ્રેણીમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ ટ્રમ્પની જીતને અમેરિકા અને વૈશ્વિક શાંતિ માટે નકારાત્મક માને છે. આ શ્રેણી મુખ્યત્વે યુરોપમાં કેન્દ્રિત છે, ખાસ કરીને યુકેમાં. જ્યાં અડધા નાગરિકો ટ્રમ્પની વિરુદ્ધ છે.

**ભારતીયો ગુમ...** 20 હજાર ભારતીય વિદ્યાર્થીઓ! જાણો ક્યાં ગુમ થઈ ગયા

# કેનેડામાં 'મિસ્ટર ઈન્ડિયા' બન્યાં ભારતીય વિદ્યાર્થીઓ

(એજન્સી) ન્યૂયોર્ક | તા 16

કેનેડામાં ગત વર્ષે અભ્યાસ અર્થે આવેલા 20000 ભારતીય વિદ્યાર્થીઓ યુનિવર્સિટી અને કોલેજોમાં ક્યારેય જોવા મળ્યા નથી. સરકારી આંકડાઓ અનુસાર, ગતવર્ષે માર્ચ-એપ્રિલમાં કેનેડાની કોલેજો અને યુનિવર્સિટીમાં પ્રવેશ લેનારા આશરે 50000 વિદ્યાર્થીઓ 'મિસ્ટર ઈન્ડિયા' બન્યા છે. અર્થાત તેઓએ ક્લાસમાં ક્યારેય હાજરી આપી જ નથી.

ગ્લોબ એન્ડ મેઈલ રિપોર્ટ અનુસાર, કોલેજ અને યુનિવર્સિટીમાં સતત ગેરહાજર રહેનારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયોનું પ્રમાણ વધુ છે. આશરે 19582 ભારતીય વિદ્યાર્થીઓ ક્યારેય કોલેજમાં જોવા જ મળ્યા નથી. આ સમયગાળામાં સ્ટુડન્ટ વિઝા પર આવેલા 3276646 ભારતીય વિદ્યાર્થીઓએ અભ્યાસના અનુપાલનની જરૂરિયાતોને અનુસરી છે. જ્યારે 19582 વિદ્યાર્થીઓએ કોલેજ-યુનિવર્સિટીમાં રિપોર્ટિંગ કર્યું જ નથી. માર્ચ-એપ્રિલ, 2024માં એકત્રિત કરવામાં આવેલી માહિતી અનુસાર, 12553



ભારતીય વિદ્યાર્થીઓએ ઈન્સ્ટીટ્યુટ્સમાં રિપોર્ટિંગ કર્યુ ન હતું.

કેનેડાની કોલેજો-યુનિવર્સિટીમાં અભ્યાસ માટે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ ગેરકાયદે અમેરિકાની બોર્ડર ક્રોસ કરી હોવાની આશંકા સાથે કેનેડાના લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ તપાસ હાથ ધરી છે.

**■ કેનેડિયન માઉન્ટેડ પોલીસે ભારત પાસે મદદ માગી**

આ કેસમાં રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે ભારત સરકારનો સંપર્ક સાધી જરૂરી મદદ કરવા સહાય માગી છે. ઈમિગ્રેશન એક્સપર્ટ અને ફેડરલના પૂર્વ અર્થશાસ્ત્રી હેન્રી લોટિને આ મામલે જણાવ્યું હતું કે, 'સ્ટુડન્ટ વિઝાનો ઉલ્લંઘન કરનારા મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં જ વસી રહ્યા છે, અને તેઓ અહીં વધુ કમાણી કરવા અભ્યાસના બદલે કામને પ્રાધાન્ય આપી PR મેળવી રહ્યા છે. કેનેડામાં વસતાં કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી 6.9 ટકા લોકોએ કોલેજમાં રિપોર્ટિંગ કર્યું જ નથી.' કેનેડામાં સ્ટુડન્ટ વિઝા મેળવવાની વિવિધ શરતો પૈકી એક શરત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કોલેજ-યુનિવર્સિટીમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યા બાદ હાજરી અનિવાર્ય છે.

# અમેરિકાએ 3 ભારતીય પરમાણુ સંસ્થાઓ પરનો પ્રતિબંધ હટાવ્યો

### 20 વર્ષથી પ્રતિબંધ હતો; અમેરિકન NSAએ સમસ્યાઓ ઉકેલવાની વાત કરી હતી

(એજન્સી) ન્યૂયોર્ક | તા 16

અમેરિકાએ બુધવારે ત્રણ ભારતીય પરમાણુ સંગઠનો પરનો 20 વર્ષનો પ્રતિબંધ હટાવી લીધો છે. તેમાં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ (IGCAR) અને ઈન્ડિયન રેર અર્થ (IRE)ના નામ સામેલ છે. તે જ સમયે, અમેરિકાએ રાષ્ટ્રીય સુરક્ષાને લઈને પ્રતિબંધોની સૂચિમાં ચીનની 11 સંસ્થાઓને સામેલ કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સ બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યોરિટી (BIS) એ આ વાતની પુષ્ટિ કરી છે.

અમેરિકાનો આ નિર્ણય અમેરિકન NSA જેક સુલિવનની 6 જાન્યુઆરીએ ભારતની મુલાકાત બાદ આવ્યો છે. સુલિવને દિલ્હી IITમાં કહ્યું હતું કે યુએસ એવા નિયમોને હટાવી દેશે જે ભારતીય પરમાણુ સંસ્થાઓ અને અમેરિકન કંપનીઓ વચ્ચેના સહયોગમાં અવરોધરૂપ છે.

તેમણે કહ્યું હતું કે લગભગ 20 વર્ષ પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ બુશ અને ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પરમાણુ સમજૂતીના દૂરંદેશી વિચારનો પાયો નાખ્યો હતો, જેને હવે આપણે સંપૂર્ણ વાસ્તવિકતા બનાવવી પડશે.

હકીકતમાં, ભારતે 11-13 મે 1998ના રોજ રાજસ્થાનના પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. આ પરીક્ષણ ઓપરેશન શક્તિ તરીકે જાણીતું બન્યું હતું. આ પરીક્ષણોને કારણે ઘણા દેશોએ ભારત પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા. અમેરિકાએ ત્યારે 200થી વધુ ભારતીય સંસ્થાઓ પર પ્રતિબંધો લાદ્યા હતા.

# મહાકુંભ 2025 ચોથા દિવસે 25 લાખ લોકોએ સ્નાન કર્યું, અત્યાર સુધીમાં 6.25 કરોડ શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું

(એજન્સી) ઉત્તરપ્રદેશા તા. 16

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ મેળામાં અત્યાર સુધીમાં છ કરોડથી વધુ લોકોએ ડૂબકી લગાવી છે. ગુરુવાર (૧૬ જાન્યુઆરી) કુંભ મેળાનો ચોથો દિવસ છે અને સાંજે ૫ વાગ્યા સુધીમાં ૨૫ લાખથી વધુ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી છે. મહાકુંભ 2025માં અત્યાર સુધીમાં ચાર દિવસમાં 6.25 કરોડ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી છે. મકરસંક્રાંતિ પર લગભગ ૩.૫ કરોડ ભક્તોએ ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી હતી. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલો કુંભ મેળો ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ મેળો દર ૧૨ વર્ષે યોજાય છે અને દોઢ મહિના સુધી ચાલે છે. પ્રયાગરાજમાં મહાકુંભ ઉપરાંત, નાસિક, હરિદ્વાર અને ઉજ્જૈનમાં પણ કુંભ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. આ વખતનો મહાકુંભ ખાસ છે કારણ કે આ દિવસે સૂર્ય, ચંદ્ર, શનિ અને ગુરુ ગ્રહોની શુભ સ્થિતિ બની રહી છે. એવું કહેવાય છે કે આ શુભ સંયોગ



સમુદ્ર મંથન દરમિયાન બન્યો હતો. આ સાથે, મહાકુંભ પર પૂર્ણિમા, રવિ યોગ, ભાદરવા યોગ પણ હશે. પ્રયાગરાજમાં યોજાતો મહાકુંભ 2025 વિશ્વનો સૌથી મોટો મેળો છે. તેમાં 45 કરોડથી વધુ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. પહેલા ચાર દિવસમાં જ આ આંકડો સાત કરોડની નજીક પહોંચી ગયો છે. મુખ્ય સ્નાન તિથિઓ પર મહાકુંભમાં ભારે ભીડ હોય છે. મકરસંક્રાંતિ એ અમૃત સ્નાનની પહેલી તિથિ છે, જેમાં ત્રણ કરોડથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો. અમૃત સ્નાન માટે હજુ બે તારીખ બાકી છે. અમૃત સ્નાનની બીજી તિથિ ૨૮ જાન્યુઆરીની સાંજથી ૨૯ જાન્યુઆરીની સાંજ સુધી છે. જ્યારે, ત્રીજી તિથિ 3 ફેબ્રુઆરીએ વસંત પંચમીના દિવસે હશે. આવી સ્થિતિમાં, આ તારીખોમાં અમૃત સ્નાન માટે મોટી સંખ્યામાં ભક્તો આવવાની અપેક્ષા છે. કડકડતી ઠંડી છતાં, ઉત્સાહ અને ઉત્સાહથી ભરેલા ભક્તો ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા માટે મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

# સાહિત્યિક સામયિક "સૃજનિકા" ના નવા અંકનું વિમોચન એક ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કરવામાં આવ્યું



મુંબઈ: વિલે પાર્લેમાં તિલક વિદ્યાલયના વિશાળ પરિસરમાં લગભગ ત્રણ હજાર દર્શકોની હાજરીમાં આયોજિત ગણપ્રભા હૃદયેશ સંગીત મહોત્સવના પ્રતિષ્ઠિત સમારોહના સમાપન દિવસે, કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ચોથા અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના સતત લોકપ્રિય ત્રિમાસિક સાહિત્યિક સામયિક 'સૃજનિકા' નું ઉદ્ઘાટન માહિતી ટેકનોલોજી અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી આશિષ શેલારે કર્યું. 'શ્રીશ્નિકા' ના સંપાદક ડૉ. અમરીશ સિંહાએ તેમને મેગેઝિનના એક વર્ષ પૂર્ણ થવા અને તેની સફળ સાહિત્યિક સફર વિશે વિગતવાર જણાવ્યું. "સૃજનિકા" મેગેઝિનના સાહિત્યિક યોગદાનની પ્રશંસા કરતા શ્રી શેલારે કહ્યું કે સાહિત્ય અને સંસ્કૃતિ બંને સમાજને સંવેદનશીલ અને સમૃદ્ધ બનાવે છે. ઉદ્ઘાટન સમયે, વિવિધ શૈલીના કલાકારો ઉપરાંત, સંગીત સંમેલન સાથે સંકળાયેલા કાર્યકરો પણ મંચ પર હાજર હતા. હૃદયેશ કલા સંસ્થા દ્વારા આયોજિત આ 34મું વાર્ષિક સંમેલન હતું.

# શ્રી રજનીશ કુમારે પશ્ચિમ રેલ્વેના પ્રિન્સિપલ ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર તરીકેનો કાર્યભાર સંભાળ્યો

મુંબઈ : ભારતીય રેલ્વે સેવા સિગ્નલ એન્જિનિયર્સના વરિષ્ઠ અધિકારી શ્રી રજનીશ કુમાર (૧૯૯૦ બેચ) એ પશ્ચિમ રેલ્વેના પ્રિન્સિપલ ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. આ પહેલા, તમે ઓક્ટોબર, 2022 થી ડિસેમ્બર, 2024 સુધી પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકે કાર્યરત હતા. શ્રી કુમાર, ભારતીય રેલ્વે સેવા સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સના 1990 બેચના વરિષ્ઠ અધિકારી, તેમણે 1989 માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા. રેલ્વેમાં જોડાતા પહેલા તમે IIT દિલ્હીમાં સિનિયર રિસર્ચ એસોસિયેટ તરીકે કામ કર્યું હતું. શ્રી કુમારને સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન જાળવણી અને બાંધકામમાં વ્યાપક અનુભવ છે. તેમણે ઉત્તર પૂર્વીય રેલ્વેના ગોરખપુર



મુખ્યાલય, વારાણસી અને લખનૌ વિભાગમાં વિવિધ હોદ્દાઓ પર કામ કર્યું છે અને મથુરા-કાસગંજ અને બારાબંકી-ગોંડા રેલ વિભાગોને બમણી કરવામાં તેમજ અનેક યાર્ડ્સના રિમોડેલિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તમને પડકારજનક લુમડિંગ - તિનસુકિયા રેલ વિભાગના ગેજ રૂપાંતરને પૂર્ણ કરવાનું કાર્ય પણ સોંપવામાં આવ્યું હતું. ૨૦૧૧ થી ૨૦૧૬ સુધી, શ્રી કુમારે લખનૌના રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન (RDSO) ખાતે ડિરેક્ટર/સિગ્નલ તરીકે સેવા આપી હતી. RDSO માં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે, તમે સાધનોની ગુણવત્તામાં સુધારો કર્યો, વિક્રેતાઓની મંજૂરીઓ ઝડપી બનાવી અને કાર્ય પ્રક્રિયામાં પારદર્શિતા વધારી.ઓક્ટોબર, 2022 થી ડિસેમ્બર, 2024 સુધી રતલામમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકે સેવા આપતા, તેમણે અધિકારીઓની બહુ-શાખાકીય ટીમનું નેતૃત્વ કર્યું અને ટ્રેનોની સલામતી અને એકંદર સમયસરતા સુનિશ્ચિત કરી.

## નૌ સેનાને ડિલીવરી મળે એ પહેલાના પરીક્ષણ સમયની ઘટના

# અદાણી ડિફેન્સે બનાવેલું દ્રષ્ટિ 10 ડ્રોન પોરબંદરના દરિયામાં તૂટી પડયું



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ઈઝરાયેલના લાયસન્સના આધારે અદાણી જૂથની કંપનીએ એસેમ્બલ કરેલુ ડ્રોન પોરબંદર નજીક દરિયામાં તૂટી પડયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. પાયલોટ રહિત, રિમોટથી કન્ટ્રોલ થતા દ્રષ્ટિ ૧૦ નામના આ ડ્રોનની એસેમ્બલી અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે. નૌ સેના દ્વારા આ ડ્રોન સ્વીકારવામાં આવે એ પહેલા થઇ રહેલા પરીક્ષણ સમયે જ તે તૂટી પડયું હોવાનું જાણવા મળી રહ્યું છે. મિડીયમ એલટીટયુડ લોંગ એન્ડયોરન્સ (મેલ) પ્રકારનું આ ડ્રોન ઇઝરાયેલની એલ્બીટ સિસ્ટમના હર્મેસ ૯૦૦ સ્ટારલાઈનર આધારિત છે. અદાણી જુથે તેને ભારતમાં હૈદરાબાદ ખાતે એસેમ્બલ કરવામાં આવે છે અને તેને દ્રષ્ટિ ૧૦ નામ આપ્યું છે. નૌ સેનાના એક અભિયાન સમયે પોરબંદર નજીક દરિયામાં તે તૂટી પડયું ત્યારે અદાણી જૂથ દ્વારા તેનું સંચાલન કરવામાં આવી રહ્યું હોવાથી નૌ સેનાને કોઈ આર્થિક નુકસાન થયું નથી. તૂટી પડેલા ડ્રોનના કારણોની તપાસ કરવા તેનો કાટમાળ કંપનીએ કબજે કર્યો હોવાનું સત્તાવાર સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. આ ડ્રોન ૩૦,૦૦૦ ફૂટની ઉંચાઈએ ઉડી શકે છે અને ૪૫૦ કીલોગ્રામ વસ્તુના વહન સાથે ૩૬ કલાક સુધી ઉડી શકે છે. આપતકાલીન સ્થિતિમાં તેનો ઉપયોગ વસ્તુની આપ-લે માટે પણ થઇ શકે છે. વર્ષ ૨૦૨૩માં આર્મી અને નૌ સેનાએ બે અલગ અલગ આ પ્રકારના ડ્રોન મેળવ્યા હતા. આ એક ડ્રોનની કિંમત રૂ.૧૨૦થી ૧૪૫ કરોડ અંદાજવામાં આવે છે. નૌ સેના એક ડ્રોન જાન્યુઆરીમાં મળ્યું હતું જ્યારે આર્મીને તેની ડિલીવરી જૂન મહિનામાં મળી હતી. જે ડ્રોન પોરબંદર નજીક તૂટી પડયું તે નૌ સેનાના ઉપયોગમાં લેવાનું હતું એમ જાણવા મળ્યું છે. આર્મી અને નૌ સેના દરિયાઈ જોખમો સામે રક્ષણ મેળવવા અને સરહદની સુરક્ષા ઉપર દેખરેખ રાખવા માટે હાઈ રેંજ માટે અમેરિકન અને મીડીયમ રેંજ માટે ઈઝરાયેલી ડ્રોન ખરીદવા માટે ઉત્સુક છે.

# વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય મંદિર સંમેલન અને એક્સ્પોએ ફેબ્રુઆરી 2025 માં તિરુપતિમાં તેની બીજી આવૃત્તિની જાહેરાત



(એજન્સી) નવી દિલ્હી। તા. 16

ઈન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સ્પો (આઈટીસીએક્સ) તેની ખૂબ જ અપેક્ષિત બીજી આવૃત્તિ સાથે ભવ્ય વાપસી કરી રહ્યું છે. ૨૦૨૩ માં તેના ઉદ્ઘાટન પ્રકરણની અસાધારણ સફળતાના આધારે, જેણે વ્યાપક પ્રશંસા મેળવી હતી, આ સંમેલનને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો પણ ટેકો મળ્યો. આ વર્ષે, આ સંમેલન સ્કેલમાં વધુ ભવ્ય બનવાનું વચન આપે છે અને ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન આંધ્રપ્રદેશના આદરણીય મંદિર શહેર તિરુપતિમાં યોજાવાનું છે. ટેમ્પલ કનેક્ટ (ઈન્ડિયા) દ્વારા વિકસિત,આઈટીસીએક્સ વિશ્વનું પ્રથમ ગ્રાઉન્ડબ્રેકિંગ પ્લેટફોર્મ છે જે ફક્ત વિશ્વભરમાં મંદિરોના વ્યાપક સંચાલન માટે સમર્પિત છે, જેનો હેતુ મંદિર અર્થતંત્રના વહીવટ, કામગીરી અને પ્રગતિમાં શ્રેષ્ઠતાને સશક્ત બનાવવાનો છે. આ સીમાચિહ્નરૂપ કાર્યક્રમનું નેતૃત્વ ટેમ્પલ કનેક્ટના સ્થાપક શ્રી ગિરીશ કુલકર્ણી કરશે, જ્યારે તેનું સહ-નેતૃત્વ પ્રસાદ લાડ (આઈટીસીએક્સ 2025ના અધ્યક્ષ અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય) કરશે. આ પરિષદ 'અતુલ્ય ભારત' પહેલ હેઠળ ભારત સરકારના પર્યટન મંત્રાલયના માનનીય સમર્થન સાથે, મંદિર પર્યટન અને યાત્રાધામ ઈકોસિસ્ટમના ઉત્થાનમાં પરિવર્તનશીલ ભૂમિકા ભજવશે. નોંધણી મફત છે અને હાલમાં ખુલ્લી છે - મંદિરના સંચાલકો અને પ્રતિનિધિઓ 31 જાન્યુઆરી, 2025 સુધી આ કાર્યક્રમ માટે નોંધણી કરાવી શકે છે. દરેક મંદિરના બે પ્રતિનિધિઓ કોઈપણ નોંધણી ફી વિના ભાગ લઈ શકે છે, અને તેમના રહેવાનો ખર્ચ આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે. વધારાના ટ્રસ્ટીઓ પણ નજીવી ફી લઈને જોડાઈ શકે છે અને સમિતિમાં ભાગ લઈને ઊંડા દ્રષ્ટિકોણ અને સંબંધો મેળવી શકે છે.ત્રણ દિવસના આ કાર્યક્રમમાં,આઈટીસીએક્સ વૈશ્વિક સ્તરે મંદિર વ્યવસ્થાપન ટીમો વચ્ચે જ્ઞાન અને મૂલ્યવાન માહિતીના આદાનપ્રદાન માટે એક ગતિશીલ પ્લેટફોર્મ બનાવશે, જેમાં હિન્દુ ધર્મ, જૈન ધર્મ, શીખ ધર્મ અને બૌદ્ધ ધર્મના મંદિરોનો સમાવેશ થશે. આચાર્ય, ટ્રસ્ટીઓ અને વહીવટી અધિકારીઓ એક છત નીચે સમાવિષ્ટ થશે. . આ કોન્ફરન્સનું મુખ્ય આકર્ષણ 58 દેશોના ધાર્મિક સંસ્થાઓ દ્વારા કેસ સ્ટડી પ્રદર્શન (સીએસઈ) હશે, જે અમૂલ્ય શિક્ષણ અને વૈવિધ્યસભર દ્રષ્ટિકોણ પ્રદાન કરશે. આ ખાસ કાર્યક્રમ શ્રેષ્ઠ પ્રથાઓ સ્થાપિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે, સાથે સાથે મંદિર વહીવટ માટે ટકાઉ અને ભવિષ્ય-નિર્માણ અભિગમને આકાર આપવા માટે પણ રચાયેલ છે. તે યુવા પેઢી, બ્રાન્ડ સોલ્યુશન પ્રદાતાઓ અને નીતિ નિર્માતાઓને એકસાથે આવવા અને ભક્તોના અનુભવને વધારવા અને મંદિર સંચાલનમાં સકારાત્મક પરિવર્તન અને નવીનતાને પ્રેરણા આપવા માટે કાર્યક્ષમ વિચારો મેળવવાની અનોખી તક પણ પૂરી પાડે છે.આઈટીસીએક્સ નો ઉદ્દેશ્ય ક્રોસ-બોર્ડર નેટવર્કિંગ, જ્ઞાન વહેંચણી અને સહયોગી શિક્ષણ માટે એક શક્તિશાળી પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.

# પન્નૂની હત્યાના ષડયંત્રનો મામલો: કેન્દ્ર સરકારની સમિતિએ આરોપી પર કાર્યવાહીની ભલામણ કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારત સરકાર દ્વારા રચાયેલી એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિએ કેટલાક સંગઠિત ગુનાહિત સંગઠનો અને આતંકવાદી સંગઠનોની ગતિવિધિઓની તપાસ બાદ એક અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહીની માગ કરી છે. આ શખસ પર ભારત અને અમેરિકા બંનેના સુરક્ષા હિતોને નુકસાન પહોંચાડવાનો આરોપ છે. અમેરિકા દ્વારા લગાવાયેલા આરોપો બાદ તેની તપાસના આદેશ અપાયા હતા. જેમાં વર્ષ 2023માં ન્યૂયોર્કમાં ભારતીય એજન્ટો દ્વારા ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નૂની હત્યાનું ષડયંત્ર રચવાની વાત કરાઈ હતી. ભારત અને અમેરિકાની સુરક્ષાના હિતોને નુકસાન પહોંચાડનારા સંગઠિત આતંકવાદી સંગઠનો, ગુનાહિત જૂથો અને ડ્રગ હેરફેર કરનારાઓ અંગે અમેરિકન અધિકારીઓએ માહિતી આપી. જેના પર ભારત સરકારે જે 2003માં ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ બનાવી હતી.

# ભારત પર સાઈબર હુમલાનો ખતરો, બેન્કોને બનાવી શકે નિશાન

## વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ચીનના હેકર્સે જાપાન પર ૨૦૦ જેટલા સાઈબર હુમલા કર્યા છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય સરહદે ચીનની અવળચંડાઇ હજુ ખતમ નથી થઇ, ખુદ ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ચીન સાથે સરહદે વિવાદ ખતમ નથી થયો, જેને પગલે હાલ ભારતીય જવાનોને સરહદેથી હટાવવામાં નહીં આવે. આ અહેવાલો વચ્ચે હવે અન્ય એક ખતરનાક માહિતી સામે આવી છે. ચીન એવા હેકર્સની આખી ફૌજ તૈયાર કરી રહ્યું છે જેનો ઉપયોગ ભારત સહિતના પાડોશી દેશોમાં આર્થિક સ્થિતિ ડામાડોળ કરવા માટે થઇ શકે છે. આ હેકર્સ ભારતીયોને નિશાન બનાવીને મોટી રકમ પડાવી રહ્યા છે. એટલુ જ નહીં ચીનમાં અન્ય દેશોને ટાર્ગેટ કરવા માટે હેકર્સને વિશેષ તાલિમ પણ અપાઇ રહી હોવાનો ખુલાસો થયો છે. દરમિયાન જાપાન પર ચીની હેકર્સ દ્વારા 200 જેટલા સાઈબર હુમલાનો રિપોર્ટ સામે આવ્યો છે. તમિલનાડુના તિરુચિરાપલ્લીનો રહેવાસી મેકેનિકલ એન્જિનિયર વિગ્નેશ્વર મુરુગનંધમ ચીનના હેકિંગ સ્કેમની લપેટમાં આવી ગયો હતો. તેની તાજેતરમાં ધરપકડ



કરાતા આ સમગ્ર ખુલાસો થયો છે. તેની પૂછપરછમાં ચીન કઇ રીતે હેકર્સની ફૌજ તૈયાર કરી રહ્યું છે તે સામે આવ્યું છે. વિગ્નેશ્વરે જાપાનના કેટલાક લોકોને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા, જે બદલ તેની ધરપકડ કરાઇ હતી. તેણે પૂછપરછમાં ખુલાસો કર્યો છે કે મને ઓનલાઇન ચીનના કેટલાક લોકોનો સંપર્ક થયો હતો. આ ચીનના લોકોએ મને કંબોડિયામાં કામ કરવાની લાલચ આપી હતી. જેને પગલે હું વર્ષ 2024માં કંબોડિયા જતો રહ્યો. મને મોટી સંખ્યામાં ભારતીય બેન્કોમાં ખાતા ખોલવાનું કહેવામાં આવ્યું હતું. મને એક હોટેલમાં રાખવામાં આવ્યો, શરૂઆતમાં મારાથી બધુ છુપાવવામાં આવ્યું. મારા માલિકે મને નહોતુ જણાવ્યું કે આ ખાતા દ્વારા મોટી રકમની હેરાફેરી થઇ રહી હતી. વિગ્નેશ્વર મુરુગનંધમે વધુમાં મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે હું હેકિંગ અને ડિજિટલ એરેસ્ટના અપરાધની દુનિયામાં એકલો નહોતો, મારી સાથે ચીનના અનેક લોકો જોડાયેલા હતા. આ તમામ ચીની નાગરિકો ચીનના પાડોશી ભારત સહિતના દેશોને નિશાન બનાવી રહ્યા હતા. તેઓ ભારતીયો પાસેથી રૂપિયા પડાવવાનો ટાર્ગેટ આપતા હતા. આ ચીનની ગેંગ ખુદને એક કંપની તરીકે ઓળખાવતી હતી અને હરરોજ મારા જેવા અનેક લોકો તૈયાર કરાતા હતા. કંપનીના નામે તૈયાર કરાયેલા આ કેમ્પોમાં ભારતીયોને નોકરીની લાલચમાં લવાતા હતા. મને ભારતીય બેંકોના ખાતાઓની વ્યવસ્થા અને તેને મેનેજ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. મારા જેવાની એક આખી ગેંગ તૈયાર કરાઇ હતી જેઓ ટેલિગ્રામ મેસેજિંગ એપથી સંપર્કમાં રહેતા હતા.

બાદમાં વિગ્નેશ્વર કંબોડિયા છોડીને ભારત આવી ગયો જોકે ભારત આવતા જ તેને દિલ્હી પોલીસે પકડી લીધો હતો. ડીસીપી સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા વિગ્નેશ્વરની સાથે ચીનના અનેક લોકો જોડાયેલા છે. તેઓ કંબોડિયામાં આર્થિક અપરાધો માટે વિશેષ તાલિમ આપી રહ્યા છે. ચીનના આ અપરાધીઓ ભારતીય અર્થતંત્રને ડામાડોળ કરવાની ફિરાકમાં હોઇ શકે છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ચીનના હેકર્સે જાપાન પર ૨૦૦ જેટલા સાઈબર હુમલા કર્યા છે અને અનેક સરકારી એજન્સીઓ અને વિભાગના ડેટા તફડાવ્યા હતા. જેમાં જાપાન એરોસ્પેસ અને એક્સ્પ્લોરેશન એજન્સીના ડેટાલો પણ સમાવેશ થાય છે. બીજી તરફ ભારતીય સૈન્યના વડા જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે ચીન સાથેની સરહદે હાલ સ્થિતિ સ્થિર પરંતુ સંવેદનશીલ છે. હાલમાં ભારતીય સૈન્યને ચીન સરહદેથી પરત ખસેડવામાં નહીં આવે. ગલવાન ઘાટીમાં જે કઇ થયું તે ફરી ના થાય તેની આપણે તકેદારી રાખવી જ પડશે. પૂણેમાં ૭૭માં સૈન્ય દિવસની પરેડમાં ભાગ લીધા બાદ જનરલ દ્વિવેદીએ કહ્યું હતું કે ગલવાન ઘાટીમાં જે થયું તે ફરી નહીં થવા દઇએ. ૧૫ જુન ૨૦૨૦ના રોજ લદ્દાખ નજીકની ગલવાન ઘાટીમાં ચીન અને ભારતીય સૈન્યના જવાનો સામસામે આવી ગયા હતા.

## વેન્ટિલેટર વગર દર્દી 10 મિનિટ પણ નહીં જીવી શકે : ડોક્ટર

# કેરળમાં અંતિમક્રિયા માટે મડદાઘરમાં મૂકેલી વ્યક્તિ જીવિત થતાં આશ્ચર્ય

(એજન્સી) કન્નૂર । તા. 16

કેરળમાં મૃત્યુ પામેલા અને મડદાઘરમાંમૂકી દેવાયેલા વ્યક્તિને અચાનક હોશ આવી જવાનોચોંકાવનારોકિસ્સો સામે આવ્યો છે. આ ઘટના કન્નૂરની એકેજી હોસ્પિટલમાં બની હતી. મૃતક માની લેવાયેલા વૃદ્ધનો મૃતદેહ મડદાઘર લઈ જવાઈ રહ્યો હતો. તેના થોડા સમય પહેલા તેને ચમત્કારિક રીતેહોશ આવી ગયો. કન્નૂર જિલ્લાના પચાપોઇકાના રહેવાસી ૬૭ વર્ષના પવિત્રનના ફરીથી જીવતા થવાથી આખું કુટુંબ હેરાન છે.

પચાપોઇકાના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી, પરંતુ તેના બરોબર પહેલા તે જીવતા થઈ ગયા. મંગળવારના અખબારમાં તેમને શ્રદ્ધાંજલિ પણ અપાઈ ગઈ હતી. તેના પછી કેલાય લોકો તેમના મૃત્યુનો શોક વ્યક્ત કરવા તેમના ઘરે ગયા હતા અને ત્યાં તે જીવતા બેઠેલા જોવા મળ્યા હતા. ૬૭ વર્ષના પવિત્રના મૃતદેહને કામચાઉ ધોરણે મડધાઘરમાં લઈ જવાતો હતો, જેથી પછી તેમના અગ્નિસંસ્કાર કરી શકાય.તેમના



મૃતદેહને મડદાઘરમાં જોવામાં આવી રહ્યો હતો તે સમયે એટેન્ડન્ટે તેમના હાથમાં થોડી હલચલ જોઈ. તેણે જણાવ્યું હતુંકે તેણે પવિત્રની હાથમાં થોડી હલચલ જોતાં મેં તરત હોસ્પિટલના બીજા ડોક્ટરોને અને તેમના સગાસંબંધીઓને તેના અંગે જાણ કરી હતી. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે પવિત્રને તરત જ હોસ્પિટલ લઈ જવાયો, તે હજી પણ આઇસીયુમાં છે અને તેમની સ્થિતિ ગંભીર છે. પવિત્રને હૃદય અને ફેફસાને લગતી અનેક બીમારીઓ હતી અને કર્ણાટકના મેંગ્લુરુમાં ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલતી હતી.

હોસ્પિટલમાં તે વેન્ટિલેટર સપોર્ટ પર હતા, પરંતુ વધારે ખર્ચના લીધે તેમના કુટુંબે તેમને ઘરે પરત લઈ જવાનો નિર્ણય લીધો. સગાસંબંધીઓએ જણાવ્યું હતુ કે વેન્ટિલેટર ઉપરાંત સપોર્ટ વગર તે માંડ દસ મિનિટ જીવી શકશે. ટૂંકમાં વેન્ટિલેટર હટાવાતા તેમનું મૃત્યુ થશે.તેના પછી કુટુંબે કઠણ મને વેન્ટિલેટર હટાવવાનો નિર્ણય કર્યો હતો. કુટુંબના સૂત્રોએ જણાવ્યું કે હોસ્પિટલથી પરત આવ્યા પછી તેમણે આંખો ખોલી ન હતી, બીપી પણ ઓછું હતું. પવિત્રની પત્ની અને બહેન પણ એમ્બ્યુલન્સમાં જોડે હતા. તેઓ મૃતદેહને મડદાઘરમાં રાખવા એકેજી હોસ્પિટલ લાવ્યા અને મંગળવારે અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી. હોસ્પિટલના એટેન્ડન્ટે જણાવ્યું હતું કે મારા ઉપરાંત ઈલેક્ટ્રિશિયને જોયું હતું કે મૃતકની આંગળીઓ હલી રહી હતી. અમે તરત જ ડોક્ટર અને સગાસંબંધીઓને તેની સૂચના આપી.પવિત્રને તરત જ આઈસીયુમાં શિફ્ટ કરાયા, હજી પણ તેની સ્થિતિ કંભીર છે.

**પરિવારે એમ્બ્યુલન્સમાં વેન્ટિલેટર વગર પાંચ કલાક મુસાફરી કરી અને પવિત્રને મૃતક માની લીધો હતો**

## સુરક્ષા એજન્સીઓ એલર્ટ : ઈશ્વર મને બચાવશે : કેજરીવાલની શ્રધ્ધા

# અરવિંદ કેજરીવાલના જીવને જોખમ ખાલિસ્તાની હુમલાની સંભાવના

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સુરક્ષાના મુદ્દે એજન્સીઓ સતર્ક



થઈ ગઈ છે. હુમલાની શંકાના પગલે એમની સુરક્ષાની સમીક્ષા થઈ રહી છે. જો કે એ વિષે કેન્દ્ર સરકાર કે આમ આદમી પાર્ટી તરફથી સત્તાવારપણે કશું જણાવાયું નથી. ગુપ્તચર સૂત્રોના જણાવાયાનુસાર, ખાલિસ્તાન સંગઠનવાળા લોકો કેજરીવાલ પર હુમલો કરી શકે છે. બે-ત્રણ જણની ટુકડી આ માટે દિલ્હી ભણી આવવા નીકળી છે, જે કેજરીવાલ પર હુમલો કરી શકે છે. આ ટુકડી પંજાબમાં જોવા મળી હતી. અરવિંદ કેજરીવાલે આ માહિતીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા જણાવ્યું છે કે ઈશ્વર મને બચાવશે. મારું આયુષ્ય જેટલુ હશે એટલું હું જીવીશ.સૂત્રોએ જણાવ્યું કે ખાલિસ્તાની પ્લોટની પાછળ પાકિસ્તાની આઈએસઆઈનો હાથ છે, જેનો હેતુ દિલ્હી અને પંજાબમાં કાનૂન વ્યવસ્થાને તોડી પાડવાનો છે. આ માનવ ગુપ્તચર છે. અમે વધુ માહિતી મેળવવાની કોશિશમાં છીએ, એમ સૂત્રોએ ઉમેર્યું. આપ સુપ્રીમો કેજરીવાલ હાલમાં ઝેડ પ્લસ સિક્યુરિટી કવર ધરાવે છે. ૨૦૧૪માં કેજરીવાલને થપ્પડ મારવાની, એમના પર શાહી ફેંકવાની, જોડા ફેંકવાની, વગેરે ઘટનાઓ બની ચૂકી છે. હાલમાં ૬૩ લોકો કેજરીવાલની સુરક્ષા કરે છે, જેમાં પાયલોટ, એસ્કોર્ટ, સુરક્ષા દળ, હોમગાર્ડ તથા સ્પોટર સામેલ છે. આ વ્યવસ્થામાં કુલ ૪૭ લોકો છે, જ્યારે સીઆરપીએફના ૧૫ જવાનો સામેલ છે. દરમિયાન કેજરીવાલે અત્રે એમનું ઉમેદવારીપત્ર ભર્યા પછી પત્રકારોને જણાવ્યું કે '' ઉપરવાલા બચાયેગા'' દિલ્હીમાં ૫ ફેબુરઆરીએ વિધાનસભા ચૂંટણી યોજાશે.

## પર્યટનને મળશે વેગ

# કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર, તેજસ, વંદે ભારતમાં મળશે LTCની સુવિધા

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

કેન્દ્ર સરકારે તેમના કર્મચારીઓને લીવ ટ્રાવેલ કન્સેશન (LTC) હેઠળ તેજસ, વંદે ભારત અને હમસફર ટ્રેનમાં મુસાફરી કરવાની મંજૂરી આપી છે. કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT)ને LTC હેઠળ વિવિધ પ્રીમિયમ ટ્રેનોની સ્વીકાર્યતા અંગે વિવિધ કચેરીઓ/વ્યક્તિઓ તરફથી અનેક સૂચનો મળ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.કર્મચારીઓને પેઈડ રજા અને મુસાફરી માટે ટિકિટ પર થયેલો ખર્ચ પણ પરત મળે છે. મંગળવારે જાહેર કરાયેલા એક આદેશમાં DoPTએ જણાવ્યું હતું કે "આ વિભાગે ખર્ચ વિભાગ સાથે પરામર્શ કરીને આ બાબત પર વિચાર કર્યો છે અને એવું નક્કી કરવામાં આવ્યું છે કે હાલની રાજધાની, શતાબ્દી અને દુરંતો ટ્રેનો ઉપરાંત, હવે તેજસ એક્સપ્રેસ, વગેરેમાં પણ સરકારી કર્મચારીઓની લાયકાત મુજબ LTC હેઠળ આવરી લેવામાં આવશે. વંદે ભારત એક્સપ્રેસ અને હમસફર એક્સપ્રેસ ટ્રેનોમાં મુસાફરીની મંજૂરી આપવામાં આવશે.

# દિલ્હીમાં ગાઢ ધુમ્મસ, ગતિ ઘટી, 29 ટ્રેનો મોડી પડી... વરસાદથી ઠંડી વધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

દિલ્હીમાં ગાઢ ધુમ્મસને કારણે ટ્રેનો અને વાહનોની ગતિ ઓછી થઈ ગઈ છે. ધુમ્મસને કારણે દિલ્હી આવતી 29 ટ્રેનો મોડી ચાલી રહી છે. સવારના વરસાદથી દિલ્હી-એનસીઆરમાં ઠંડીમાં વધારો થયો છે અને વિઝિબલિટી ખૂબ જ ઓછી થઈ ગઈ છે. IMD એ વરસાદ અને ધુમ્મસને લઈને યલો એલર્ટ જારી કર્યું છે.દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારત ગાઢ ધુમ્મસની લપેટમાં આવી ગયા છે. ઘણા વિસ્તારોમાં વિઝિબલિટી ખૂબ જ ઓછી થઈ ગઈ છે.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ પહેલા **ભુમિકકુમાર ધીરૂભાઈ પટેલ** હતું, જે બદલીને નવું નામ **ભૌમિકભાઈ ધીરૂભાઈ પટેલ** રાખવામાં આવેલ છે. જેની સર્વે નોંધ લેવી

**લિ. :- ભૌમિકભાઈ ધીરૂભાઈ પટેલ**

**સરનામું :-** ૧૪૫, પટેલ ખડકી, વડદલા તા.મહેમદાબાદ, ખેડા-૩૮૭૧૩૦

## ગીર સોમનાથમાં સૌથી ઝડપી 201 દિવસમાં મકાન બન્યાં

એપ્રિલ 2016માં લોન્ચ થયેલી પ્રધાનમંત્રી ગરીબ આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં 8.25 લાખ ઘરોને મંજૂર આપવામાં આવી છે જે પૈકી 5.53 લાખ (67 ટકા) ઘરોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. રાજ્યમાં એક ઘર બાંધવામાં સરેરાશ 311 દિવસનો સમય લાગે છે, જે દેશના સરેરાશ 299 દિવસથી વધુ છે. રાજ્યમાં અરવલ્લી જિલ્લામાં એક મકાન બાંધતા સરેરાશ 378 દિવસ, સાબરકાંઠામાં 341 દિવસ અને સુરતમાં 336 દિવસની સરેરાશ છે. સૌથી ઝડપી કામકાજ ગીર સોમનાથમાં જોવા મળ્યું છે જ્યાં સરેરાશ 201 દિવસમાં એક ઘરનું કામ પૂર્ણ થાય છે.

## ઉત્તરાયણમાં અકસ્માત અટકાવવા માટે ટ્રાફિક પોલીસ દોડતી રહી

ઉત્તરાયણના દિવસે રસ્તા પર પતંગ- દોરી લૂંટવા માટે બાળકો દોડાદોડી કરતા હોવાથી માર્ગ અકસ્માત ના સર્જાય તે માટે ટ્રાફિક પોલીસ દિવસભર દોડતી રહી હતી. શ્રમિકોના બાળકોને રસ્તા પર પતંગ નહીં લૂંટવા પણ સમજાવાયા હતા. ઉત્તરાયણ દરમિયાન રસ્તા પર દોરીથી ગળું કપાવાના બનાવ મોટી સંખ્યામાં બનતા હોય છે. રસ્તા પર પતંગ લૂંટવા દોડાદોડી કરતા બાળકો અને કેટલાક બાળકો દ્વારા રસ્તા પર જ પતંગ ચગાવવામાં આવતા હોવાથી પણ અકસ્માતો સર્જાય છે. ગાંધીનગર શહેરમાં આવા બનાવ ન બને તે માટે ગાંધીનગર ટ્રાફિક પોલીસના જવાનો દિવસભર દોડતા રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગૃહમંત્રી અમિત શાહે વડનગર ખાતેથી

# 'પરવાહ' થીમ સાથે 'માર્ગ સલામતી કેમ્પેન' લોન્ચ કર્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડનગર ખાતેથી 'પરવાહ' થીમ સાથે રાજ્યવ્યાપી 'માર્ગ સલામતી કેમ્પેન-2025' લોન્ચ કરાયું

યુવાનોમાં રોડ સેફ્ટી વિશે જનજાગૃતિ આવે તેમજ રોડ સેફ્ટી માટે સરકારી-બિનસરકારી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા પાલન થાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં વડનગર ખાતેથી આજે 'પરવાહ-CARE'ની થીમ સાથે રાજ્ય વ્યાપી માર્ગ સલામતી કેમ્પેઈન-2025નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આજે તા. 16 જાન્યુઆરીથી શરૂ થઈ રહેલું માર્ગ સલામતી માટેનું 'રાજ્યવ્યાપી માર્ગ સલામતી અભિયાન' સતત 45 દિવસ એટલે કે તા.01 માર્ચ-2025 સુધી યોજાશે. આ અભિયાન દરમિયાન સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, ડી.ડી.ઓ., પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ અધિકારી તથા RTOની ઉપસ્થિતિમાં તમામ વિભાગોના અધિકારીઓ તથા NGO સાથે સંકલનમાં રહી માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

### રાજ્યવ્યાપી 'માર્ગ સલામતી કેમ્પેન-2025'ના કાર્યક્રમોની મુખ્ય વિગતો



- » માર્ગ સલામતી રેલીનું આયોજન અથવા રોડ સેફ્ટી મેરેથોનનું આયોજન
- » ધાર્મિક ગુરુ/વડા, સાધુ/સંતો મારફતે હેલ્મેટ, સીટબેલ્ટ જેવા માર્ગ સલામતી વિષયક જનજાગૃતિ/પ્રસારણ
- » જિલ્લાઓમાં હોર્ડીંગ્સ, સમાચારપત્રો, FM, આકાશવાણી, દૂરદર્શન, યુ-ટ્યુબ જેવા વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમથી જનજાગૃતિ/પ્રસારણ
- » જિલ્લાઓમાં માર્ગ સલામતી એક્સપર્ટ્સ, યુ ટ્યુબર, ઇન્ફ્લુઅન્સર, લોકપ્રિયતા ધરાવતા તેમજ લોકચાહના ધરાવતા લોકોના માધ્યમથી જનજાગૃતિ/પ્રસારણ
- » શેરી નાટકોનું આયોજન
- » સ્કુલ વર્ધી/વાન/બસ અને બાળકોની સલામતી બાબતના નિયમોની સમજ.
- » શાળા/કોલેજના વિદ્યાર્થી પ્રવાસ દરમિયાન રાખવાની થતી સાવચેતીઓ બાબતે સમજ
- » વર્ષ ૨૦૨૨ તેમજ વર્ષ ૨૦૨૩ અંતિત બ્લેકસ્પોટની સુધારણાની સમીક્ષા અને પુર્તતાનું અમલીકરણ તથા નવા અકસ્માતો નોંધાયેલ છે કે કેમ તે બાબતની સમિક્ષા
- » જિલ્લા/શહેરમાં વર્ષ દરમિયાન થતાં માર્ગ અકસ્માત તેમજ માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુ અંગે સમીક્ષા
- » જિલ્લા/શહેરમાં આવેલ વલ્નરેબલ સ્ટ્રેચ (જોખમી માર્ગ વિસ્તાર) પર માર્ગ સુધારણાના પગલાં લેવા
- » જિલ્લા/શહેરના તમામ ચાર રસ્તા/જંક્શન પર ટ્રાફિક કાર્મિંગ મેઝર્સ લેવા અને જરૂરી સાઈનેજીસ તેમજ માર્કીંગ લગાવવા

**'માર્ગ સલામતી કેમ્પેન-2025' લોન્ચ :** આજથી શરૂ થતું આ અભિયાન સમગ્ર રાજ્યમાં જિલ્લા કક્ષાએ તેમજ દરેક શહેર, તાલુકા અને ગામ-ગામ સુધી પહોંચશે. આ અભિયાન માર્ગ સલામતી સપ્તાહ હેઠળ જન જાગૃતિ ઉપરાંત રોડ ઈજનેરીની બાબતો પર વિશેષ કામગીરી, અસરકારક એન્ફોર્સમેન્ટ, જિલ્લા સ્તરે એક્શન પ્લાન, સ્થાનિક સ્તરે વિવિધ સરકારી વિભાગો અને પદાધિકારીઓ દ્વારા વિવિધ આયોજનો, ધાર્મિક સંસ્થાઓ તેમજ ઈન્ફ્લુએન્સર્સ થકી હેલમેટ, સીટબેલ્ટ જેવી બાબતો પર જાગૃતિ. શાળાના વાહનોની સલામતી માટે વિશેષ માર્ગદર્શન, અકસ્માત સંભવિત વિસ્તારો પર વાહનચાલકોને વિશેષ માર્ગદર્શન આપતા બોર્ડ અંગેની કામગીરી, લાંબા અંતરની સફરમાં ડ્રાઈવિંગમાં લેવાની થતી કાળજીઓ, સગીર વયના બાળકોને વાહન ન ચલાવવા બાબત કાયદાકીય સમજ આપવી જેવા અગણિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી માટે 'પરવાહ' થીમ પર જનજાગૃતિ માટે પ્રભાવી ઝુંબેશ માર્ગ સલામતીને સ્પર્શતી રોડ ઈજનેરીની બાબતો પર કાર્યવાહી-સલામત શાળા વિસ્તાર, જંકશન સુધારણા, ટ્રાફિક કાલ્મીંગ મેજર્સ વગેરે જેવી કામગીરી કરવામાં આવશે.

### ગુજરાત પોલીસની નવી પહેલ

# પોલીસ સ્ટેશનમાં શરૂ થશે 'સાંત્વના કેન્દ્ર', એક જ છત નીચે મળશે આ ચાર સેવાઓ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત પોલીસે રાજ્યના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો(સિનીયર સિટીઝન)ની સુરક્ષા અને સલામતી માટે એક નવી પહેલ કરતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવાનો નિર્ણય લીધો છે. 'સાંત્વના કેન્દ્ર' એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, 181-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે. "સાંત્વના કેન્દ્ર'માં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, 181-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થાઓ એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે તે હેતુથી રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર" શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે.




### પોલીસ સ્ટેશનોમાં આ ચાર સેવાઓ એક જ છત નીચે "સાંત્વના કેન્દ્ર"માં ઉપલબ્ધ બનશે

1.) વુમન હેલ્પ ડેસ્ક: વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલીંગ કરવાની કામગીરી કરતી હોય છે.

2.) ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફીસર: ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફીસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનું કાઉન્સેલીંગ કરતા હોય છે.

3.) 181-અભયમ: 181-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે.

4.)PSBSS (પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર): PSBSS પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલીંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

#### 'સાંત્વના કેન્દ્ર'ના મુખ્ય ઉદ્દેશ્યો

પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને સિનીયર સિટીઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભુતિ સાથે સાંભળવા. તેઓની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું. જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય કાઉન્સેલીંગ કરવું. પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યા હોય તે કામ ત્વરીત પુર્ણ થાય તે અંગે કાર્યવાહી કરવી.

### ઠંડા પવનો ફૂકાતા હાડ ગાળતી ઠંડી અનુભવાશે

# અમરેલીની ઠંડીએ નલિયાને પાછળ છોડ્યું ગુજરાતના કેટલાક જિલ્લાનું તાપમાન 4 ડિગ્રી ઘટ્યું

(એજન્સી) અમદાવાદ | તા.16

ગુજરાત પરના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વિવિધ જિલ્લાના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં છેલ્લા ત્રણ દિવસથી વધઘટ થઈ રહી છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં તાપમાનમાં એકાએક ચાર ડિગ્રી સેલ્સિયસ સુધીના વધારા બાદ છેલ્લા 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 3થી 4 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. નલિયાને પાછળ છોડીને રાજકોટ બાદ હવે અમરેલી 8.2 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ચાર દિવસ સુધી લઘુત્તમ તાપમાન યથાવત રહેવાની સંભાવના છે. એટલે કે, રાજ્યમાં ફરી એક વખત બેઠી ઠંડીનો અનુભવ થશે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. ત્યારબાદ રાજકોટમાં પણ લઘુત્તમ તાપમાન નલિયા કરતા ઓછું રહ્યું હતું. ગત રાત્રિએ અમરેલીમાં રાજ્યનું સૌથી ઓછું 8.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત રાજકોટમાં 9.4 ડિગ્રી સેલ્સિયસ અને નલિયામાં 9.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદમાં ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડા સાથે 12.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો વડોદરામાં 17.2 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 16.3 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. મહત્તમ તાપમાન વિશે વિભાગે જણાવ્યું છે કે, હાલ જે તાપમાન નોંધાઈ રહ્યુ છે તે 28 ડિગ્રી સેલ્સિયસ છે અને સામાન્ય જ છે. પણ હાલ પવનની ગતિ ક્યારેક 15થી 20 કિ.મી. પ્રતિ કલાક જેટલી નોંધાતી હોવાથી દિવસ દરમિયાન ઠારનો અનુભવ થાય છે. હજુ થોડા દિવસ સુધી આ જ સ્થિતિ રહેશે. ત્યારબાદ મહત્તમ તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસ થતા ઠંડીમાં રાહત થશે. જામનગરમાં છેલ્લા ત્રણ દિવસથી કડકડતી ઠંડીએ જનજીવનને પ્રભાવિત કર્યું છે.

#### હજુ પણ 4 દી' ઠંડી રહેશે, પછી પારો વધશે

રાજકોટ શહેરમાં મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન પણ ઠાર અનુભવાઈ રહ્યો છે. સામાન્ય રીતે આ દિવસોમાં ન્યૂનતમ તાપમાન 13 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાતું હોય છે, પણ શહેરમાં પારો 10 ડિગ્રી સેલ્સિયસની આસપાસ જ રહે છે. શહેરમાં મંગળવારે ન્યૂનતમ તાપમાન 9.9 ડિગ્રી, જ્યારે બુધવારે 10.8 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જાન્યુઆરીના બીજા સપ્તાહનું સામાન્ય તાપમાન 12.8 ડિગ્રી સેલ્સિયસ છે અને 13થી 14 ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાતું હોય છે. જોકે, આ વખતે સામાન્ય કરતા 2થી 3 ડિગ્રી ઘટાડો આવ્યો છે. હજુ ચાર દિવસ સુધી પારો 10 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે તેવી શક્યતા છે.

### નારોલ-વિશાલા બ્રિજ પર હીટ એન્ડ રનની ઘટના...

# એક્ટિવા પર જઈ રહેલી યુવતીને અજાણ્યા વાહને ટક્કર મારતાં યુવતીનું મોત નિપજ્યુ

(એજન્સી) અમદાવાદ | તા.16

નારોલથી વિશાલા તરફ જતા બ્રિજના છેડે યુવતી એક્ટિવા પર જઈ રહી હતી. ત્યારે અજાણ્યા વાહને યુવતીને ટક્કર મારતાં યુવતી એક્ટિવા પરથી નીચે પટકાઈ હતી. આ દરમિયાન યુવતીના માથામાં ગંભીર ઈજા થતાં યુવતીનું સ્થળ પર જ મોત થયું છે. યુવતીને ટક્કર મારનાર વાહનચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે. લાંબા પાસેના ગાયત્રી બંગલોમાં રહેતા ભાવિ મોદી નામની 24 વર્ષીય યુવતી પોતાની એક્ટિવા લઈને નારોલથી વિશાલા તરફ જઈ રહી હતી. યુવતીએ શાસ્ત્રી બ્રીજનાં છેડે પહોંચી ત્યારે એક અજાણ્યા વાહનચાલકે યુવતીના એક્ટિવાને ટક્કર મારી હતી. યુવતીને ટક્કર વાગતાં જમીન પર પટકાઈ હતી જેના કારણે યુવતીના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. યુવતીનું અકસ્માતમાં સ્થળ પર જ મોત થયું હતું. બનાવની જાણ થતાં એમ-ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ દ્વારા યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે યુવતીને ટક્કર મારનાર વાહનચાલકની તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### પાર્કિંગ બન્યું અસામાજિક તત્વોનો અડ્ડો

# સાબરમતી રેલવે સ્ટેશનના પાર્કિંગમાં રેલવે એન્જિનના નીચેના ભાગે દારૂની બોટલો મળી

(એજન્સી) અમદાવાદ | તા.16

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનની સાથે સાબરમતી (ધર્મનગર) રેલવે સ્ટેશન પણ રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. ભારતના વિવિધ રાજ્યો અને શહેરોમાં જતી કેટલીક ટ્રેનો સાબરમતી (ધર્મનગર) રેલવે સ્ટેશનથી ઉપડે છે. જેના કારણે મોટી સંખ્યામાં મુસાફરોની અવર-જવર રહે છે અને તેમના વાહનો પણ પાર્કિંગમાં મૂકવામાં આવે છે. ત્યારે સાબરમતી (ધર્મનગર) રેલવે સ્ટેશનનું પાર્કિંગ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે. પાર્કિંગની જગ્યામાં મોડી રાત્રે કેટલાક તત્વો દ્વારા દારૂની પાર્ટી કરવામાં આવતી હોય તેમ દારૂની બોટલો પાર્કિંગ પરિસરમાં જોવા મળી છે. સાબરમતી (ધર્મનગર) રેલવે સ્ટેશનના પાર્કિંગમાં દિવ્ય ભાસ્કરના રિયાલિટી ચેકમાં કોન્ટ્રાક્ટ પર આપવામાં આવેલા પાર્કિંગ પરિસરમાં જ્યાં મોટું એન્જિન પ્રદર્શન માટે મૂકવામાં આવેલું છે. તેની આસપાસ દારૂની બોટલો મળી આવી હતી એક બે નહીં પરંતુ 5થી 7 બોટલો જોવા મળી હતી. પાર્કિંગ પરિસરમાં ઠેર-ઠેર ગંદકી અને કચરો પણ જોવા મળ્યો છે. રાત્રિના સમયે અસામાજિક તત્વો આવીને દારૂ પીવા બેસતા હોય તેમ દારૂની બોટલો જોવા મળી હતી.

# શેરબજારમાં 85 ટકા નફો અપાવવાનું કહીને બેન્ક ક્લાર્ક પાસેથી ગઠિયાએ 59 લાખ પડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.16

મેમનગરમાં આવેલી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેંકના કલાર્ક પાસેથી શેરબજારમાં રોકાણના બહાને સાઈબર ગઠિયાઓએ રૂ.59 લાખ પડાવી લીધા હતા. કલાર્કને શેરમાર્કેટમાં નુકસાન થતું હોવાથી 80થી 85 ટકા નફો અપાવવાની લાલચ આપી હતી. જ્યારે નફામાંથી 20 ટકા કંપનીને આપવાનું કહીને રોકાણ કરાવ્યું હતું. સોલા સાયન્સ સિટી અર્થ એરોમામાં રહેતો ઉત્પલ પટેલ મેમનગરમાં આવેલી ધી અમદાવાદ મર્કેન્ટાઈલ બેકમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. 21 નવેમ્બરે અજાણ્યા નંબર પરથી ટી 206 આદિત્ય બિરલા એક્સચેન્જ નામના વોટ્સએપ ગ્રૂપમાં એડ કરાયા હતા. ગ્રૂપ એડમિન એઈયાના જોસેફ ઉત્સવને પર્સલનમાં મેસેજ કરતો હતો અને તે આદિત્ય બિરલા ઈન્વેસ્ટ કલબના એસોસિયેટ હોવાની વાત કરી હતી. બે દિવસ પછી સામે વાળાએ 18 મો ઈન્વેસ્ટ મેન્ટ પ્લાન્ટ આવે છે, જેમાં માત્ર 1 હજાર મેમ્બર લેવાના છે તેવી વાત કરીને 80 થી 85 ટકા પ્રોફિટ મળશે તેવી ગેરંટી આપી હતી. ત્યારબાદ ઉત્પલને એપ્લિકેશન મોકલી રજિસ્ટેશન કરાવ્યું હતું. ઉત્પલે ટુકડે ટુકડે 8 જાન્યુઆરી સુધીમાં 59 લાખનું રોકાણ કર્યું હતું. બેન્ક ક્લાર્કે પૈસા વિડ્રો કરવા પ્રોસેસ કરી હતી. પરંતુ તેઓ વિડ્રો કરી શક્યા ન હતા જ્યારે સામે વાળાએ તેમને પ્રોફિટ ગેનના પૈસા અને ટેકસ ભરશો પછી જ પૈસા ઉપાડી શકશો. તેવું કહીને બીજા રૂ.19.47 લાખ ભરવાનું કહ્યું હતુ. પરંતુ ઉત્પલને શંકા જતા તેણે પૈસા ભર્યા ન હતા અને આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.




# ઉત્તરાયણના એક જ દિવસમાં રેકોર્ડબ્રેક 1.32 લાખે લોકોએ ફ્લાવર શૉ જોયો



(એજન્સી) અમદાવાદ | તા.16

ઉત્તરાયણની રજાના દિવસે રેકોર્ડબ્રેક 1.32 લાખ લોકોએ ફ્લાવર શૉ જોયો હતો. જેથી મ્યુનિ.ને 86 લાખની આવક થઈ છે. 2013થી યોજાતા ફ્લાવર શૉમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવ્યા હતા. વાસી ઉત્તરાયણના દિવસે પણ 72 હજારથી વધુ લોકો ફ્લાવર શૉ જોવા પહોંચ્યા હતા. 3 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ 6.23 લાખ લોકો ફ્લાવર શૉની મુલાકાત લઈ ચૂક્યા છે. જેમાં 1.87 લાખ બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે 5.93 કરોડની આવક થઈ છે. લોકોના ધસારાને પગલે ફ્લાવર શૉ વધુ બે દિવસ લંબાવવામાં આવ્યો છે.

### અમદાવાદમાં ત્રણ દિવસમાં ત્રણ હત્યા

# પુત્રએ સાવકા પિતાને છરીના ઘા ઝીંકી દીધા

(એજન્સી) અમદાવાદ | તા.16

ઉત્તરાયણના તહેવારના દિવસોમાં અમદાવાદના બહેરામપુરા, રામોલ અને વસ્ત્રાપુરમાં ત્રણ હત્યાના બનાવો બન્યા છે. વસ્ત્રાપુરમાં ઉત્તરાયણના આગલા દિવસે વૃદ્ધની લૂંટના ઈરાદે સ્પા ગર્લ અને તેના પતિએ ઘાતકી હત્યા કરી હતી. જ્યારે બહેરામપુરામાં બૂટલેગરે વ્યાજનો ધંધો કરતા યુવકની હત્યા કરી છે. તો બીજી તરફ વસ્ત્રાલમાં પુત્રએ પિતાની છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી નાખી છે. આમ ત્રણ દિવસમાં ત્રણ હત્યાના બનાવ બનતા પોલીસે આરોપીની ધરપકડ કરવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા શિવમ આવાસ યોજનાના મકાનમાં રહેતી 52 વર્ષિય ભારતી જોષીએ રામોલ પોલીસ સ્ટેશનમાં પુત્ર અલ્પેશ વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. ભારતી તેના પતિ મિનેષ, દિકરા અલ્પેશ અને નિલમ સાથે રહે છે. ભારતીના 33 વર્ષ પહેલા કિશોર વાઘેલા સાથે લગ્ન થયા હતા. જેમાં તેણે અલ્પેશ અને નિલમને જન્મ આપ્યો હતો. ભારતી અને કિશોર વચ્ચે મનમેળ નહીં થતા તેમણે છુટાછેડા લઈ લીધા હતા. છુટાછેડાના પાંચ વર્ષ સુધી બન્ને બાળકોનો ભારતીએ ઉછેર કર્યો હતો. બાદમાં ભારતીએ મિનેષ સાથે લગ્ન કરી લીધા હતા. ભારતી, મિનેષ, નિલમ અને અલ્પેશ સાથે રહેતા હતા. બહેરામપુરા વિસ્તારમાં આવેલા સાકળચંદમુખીની ચાલીમાં રહેતા રવી પઢીયારે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં કીરણ ઉર્ફે મંગો ચૌહાણ, ગીરીશ ઉર્ફે ટરો સરગરા, દેવા નામના યુવકો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. રવી રાજસ્થાન હોસ્પિટલમાં ડોક્ટરની ગાડી ચલાવીને ગુજરાન ચલાવે છે. રવીના ભાઈ નીતિનની ગઈકાલે હત્યા કરી દેવામાં આવી છે. ગઈકાલે રવી પોસ્ટ ઓફિસની બહાર ગલ્લા પર ઉભો હતો. ત્યારે તેની બહેન મનીષાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, હું નીતિન સાથે દુધ લેવા માટે ગઈ હતી. ત્યારે ઉંટવાળી ચાલી ખાતે કીરણ ઉર્ફે મંગો, ટરો અને દેવાએ નીતિન પર હુમલો કરી દીધો હતો. ત્રણેય ભેગા થઈને નીતિનને છરીના ઘા ઝીંકી દીધા છે. બહેનની વાત સાંભળીને રવી ત્યા પહોંચી ગયો હતો જ્યાં નીતિન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. નીતિનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. નવેમ્બર મહિનામાં કાગડાપીઠ પોલીસ સ્ટેશનની નજીક અલ્પેશ ઠાકોર નામના યુવકની પણ ઘાતકી હત્યા કરવામાં આવી હતી. અલ્પેશ ઠાકોરની હત્યા પણ બૂટલેગર દ્વારા કરવામાં આવી હતી. જ્યારે નીતિનની હત્યા પણ બૂટલેગરો દ્વારા કરવામાં આવી છે. અલ્પેશ ઠાકોરની હત્યા સમયે પોલીસ કમિશ્નર જી.એસ મલિકે કાગડાપીઠ પોલીસ સ્ટેશનના PIને સસ્પેન્ડ કર્યા હતા. ત્યારે હવે નીતિનની હત્યા થતાં શું પોલીસ કમિશ્નર PI એસ.એ.ગોહિલને સસ્પેન્ડ કરશે કે નહીં તે લોકમુખે ચર્ચા છે.